અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ જુલાઈ ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ વદ ૧૧ | અંક : ૩૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ઘટનાસ્થળે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી

# હાવડા-બોમ્બે એક્સપ્રેસ પાટા પરથી ઉતરી, બે મુસાફરોના મોત





। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

બોમ્બે-હાવડા એક્સપ્રેસ ઝારખંડમાં અકસ્માતનો શિકાર બની છે. આ અકસ્માત પોટોબેડા (સેરાઈકેલા ખારસાવન જિલ્લો)માં થયો હતો. બોમ્બે હાવડા મેલ અને માલગાડી વચ્ચે અકસ્માત થયો હોવાના અહેવાલ છે. આ અકસ્માત મંગળવારે સવારે થયો હતો. રેલવેની અકસ્માત રાહત ટ્રેન ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. રેલવે બોર્ડ તરફથી મળેલી માહિતી મુજબ ચક્રધરપુર ડિવિઝનના એડીઆરએમ પણ ત્યાં પહોંચી ગયા છે. રેલવેના જણાવ્યા અનુસાર આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૬ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જ્યારે બે લોકોના મોત થયા છે. ટ્રેન નંબર ૧૨૮૧૦ હાવરા-સીએસએમટી એક્સપ્રેસ સવારે ૩:૪૫ વાગ્યે ચક્રધરપુર ડિવિઝનમાં રાજખારસ્વન વેસ્ટ આઉટર અને બારાબામ્બુ વચ્ચે ચક્રધરપુર નજીક પાટા પરથી ઉતરી ગઈ હતી. અત્યાર સુધીમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે. સ્થાનિક અને રેલવે તંત્ર દ્વારા રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી છે. ઝારખંડ ટ્રેન પાટા પરથી ઉતરી હોવાની ઘટનામાં ૮૦ ટકા મુસાફરોને બસ દ્વારા ચકરધરપુર સ્ટેશન પર ખસેડવામાં આવ્યા હતા. બાકીના મુસાફરોને બહાર કાઢવા માટે એક રેસ્ક્યુ ટ્રેન પણ સ્થળ પર પહોંચી હતી. મુસાફરો સીકેપી રેલ્વે સ્ટેશન (ચકરધરપુર) પર પહોંચ્યા તેવું ભારતીય રેલવે દ્વારા માહિતી આપવામાં આવી છે. મુંબઈ હાવડા મેલના મ૪ કોચમાં મુસાફરી કરી રહેલા એક મુસાફરનું મોત થયું છે. મ૪ કોચમાં વધુ એક મુસાફર ફસાયા હોવાના અહેવાલ છે અને તેને બચાવવાની કામગીરી ચાલી રહી છેઃ માહિતી અને જનસંપર્ક વિભાગ, ઝારખંડ એવું કહેવાય છે કે હાવડાથી મુંબઈ જઈ રહેલી મેલ એક્સપ્રેસ ટ્રેનના પાંચ ડબ્બા મંગળવારે વહેલી સવારે કિલોમીટર નંબર ૨૯૮/૨૧ નજીક પાટા પરથી ઉતરી ગયા હતા. ઘટનાની માહિતી મળતાં જ ચક્રધરપુર રેલવે ડિવિઝન હેડક્વાર્ટરમાં ખળભળાટ મચી ગયો હતો. રેલવેનું હૂટર સતત પાંચ વખત વગાડવામાં આવ્યું હતું. આ અકસ્માતમાં ઘાયલ થયેલા મુસાફરોને ચક્રધરપુર રેલ્વે હોસ્પિટલ અને ખારસાવાનના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે.



## મનુ એક ઓલિમ્પિકમાં બે મેડલ જીતનાર પ્રથમ ભારતીય બની

। (એજન્સી) પેરિસ, તા.૩૦ ।

ભારતની સ્ટાર શૂટર મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ઈતિહાસ રચ્યો છે. તે ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી દેશની પ્રથમ મહિલા શૂટર બની ગઈ છે. તેણે અગાઉ મહિલાઓની વ્યક્તિગત ૧૦ મીટર એર પિસ્તોલની ફાઈનલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. હવે મનુએ આજે મંગળવારે સરબજોત સિંહ સાથે મિક્સ્ડ ટીમ ૧૦ મીટર એર પિસ્તોલ ફાઈનલમાં ભારત માટે વધુ એક બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. વધુ એક બ્રોન્ઝ મેડલ જીતીને, મનુ એક જ ઓલિમ્પિક ગેમ્સમાં બે મેડલ જીતનારી સ્વતંત્ર ભારતની પ્રથમ એથ્લેટ બની છે. મનુ પહેલા નોર્મન પ્રિચાર્ડે ૧૯૦૦ની ગેમ્સ દરમિયાન એથ્લેટિક્સમાં બે સિલ્વર મેડલ જીત્યા હતા. ત્યારે ભારત બ્રિટિશ શાસન હેઠળ હતું. પ્રિચાર્ડ પછી, કોઈપણ ભારતીય એથ્લેટ એક જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતવામાં સફળ રહ્યો ન હતો. જોકે, કેટલાક ભારતીય એથ્લેટ્સ એવા છે જેમણે પોતાની કારકિર્દીમાં ઓલિમ્પિક ગેમ્સમાં કુલ બે મેડલ જીત્યા છે.

# કેરળના વાયનાડમાં ભારે વરસાદના કારણે ભૂસ્ખલન, ભૂસ્ખલનમાં ૪૦૦ લોકો લાપતા



। (એજન્સી) કેરળ, તા.૩૦ ।

કેરળના વાયાનાડમાં મોટી દુર્ઘટના બની છે. વાયાનાડ જિલ્લાના મેપ્પડી પાસે ભારે વરસાદને કારણે પહાડી વિસ્તારમાં મંગળવારે ભૂસ્ખલન થયું હતું. અધિકારીઓએ સેંકડો લોકોના માટીના કાટમાળ નીચે દબાયા હોવાની આશંકા વ્યક્ત કરી છે. અત્યાર સુધી ૪૭ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે, આ ભયાનક ભૂસ્ખલનમાં હજી પણ ૪૦૦ લોકો લાપતા છે. તો મુંડક્કઈ, ચૂરલમાલા, અટ્ટામાલા અને નુલપુઝા ગામ આ ભૂસ્ખલનથી પ્રભાવિત થયા છે. કેરળ રાજ્યના આપદા નિવારણ વિભાગે જણાવ્યું કે, ફાયર બ્રિગેડ વિભાગ અને એનડીઆરએફની ટીમોને પ્રભાવિત વિસ્તારમાં તૈનાત કરવામા આવ્યા છે. બચાવ અભિયાનમાં મદદ માટે કન્નુર રક્ષા સુરક્ષા કોરની બે ટીમોને પણ વાયનાડ રવાના કરી દેવાઈ છે. આ ઉપરાંત ભારતીય વાયુસેનાના બે હેલિકોપ્ટર Mi-17 અને ALH સુલુરને રવાના કરાયું છે. ૨-૨ લાખ વળતરની જાહેરાતઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયન સાથે આ મુદ્દે વાત કરી હતી અને જીવ ગુમાવનારા પરિવારોને વળતર આપવાની જાહેરાત કરી છે. પીએમ મોદીએ ટ્વિટર પર લખ્યું કે, વાયનાડના કેટલાક ભાગોમાં ભૂસ્ખલનની ઘટનાથી હુ વ્યથિત છું. મારી સંવેદનાઓ એ તમામ લોકોની સાથે છે, જેઓએ પોતાના સ્વજન ગુમાવ્યા અને હું ઈજાગ્રસ્તો માટે પ્રાર્થના કરુ છું. પ્રભાવિત લોકોની સહાયતા માટે બચાવ અભિયાન હજી પણ ચાલી રહ્યું છે. કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયન સાથે મારી વાતચીત થઈ છે, અને હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને હું કેન્દ્ર તરફથી શક્ય એટલી તમામ મદદ પહોંચાડવાનું આશ્વાસન આપું છું. આ ઉપરાંત પ્રધાનમંત્રીએ ભૂસ્ખલનમા માર્યા ગયેલા તમામ લોકોના સ્વજનો માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ માંથી ૨-૨ લાખના વળતરની જાહેરાત કરી છે, તેમજ ઈજાગ્રસ્તો માટે ૫૦-૫૦ હજાર રકમ આપવાની જાહેરાત કરાઈ છે.

## બોમ્બે હાઈકોર્ટે પતંજલિ આયુર્વેદ પર ૪ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે

। નવી દિલ્હી, તા.૩૦ ।

બોમ્બે હાઈકોર્ટે યોગ ગુરુ બાબા રામદેવની પતંજલિ આયુર્વેદ પર ૪ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટના વચગાળાના આદેશનું ઉલ્લંઘન કરવા બદલ પતંજલિ પર આ દંડ લગાવવામાં આવ્યો છે. આ વચગાળાના આદેશમાં કોર્ટે પતંજલિને તેના કપૂર ઉત્પાદનો ન વેચવા કહ્યું હતું. બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ આરઆઈ ચાગલાની બેન્ચે કહ્યું કે પતંજલિએ જાણી જોઈને કોર્ટના આદેશનું ઉલ્લંઘન કર્યું છે. બેન્ચે કહ્યું કે તેમાં કોઈ શંકા નથી કે પતંજલિ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવાનો ઈરાદો ધરાવે છે. ગત વર્ષે હાઈકોર્ટે વચગાળાનો આદેશ જારી કરીને પતંજલિને કપૂરમાંથી બનાવેલા ઉત્પાદનોના વેચાણ પર રોક લગાવવા જણાવ્યું હતું. દરમિયાન મંગલમ ઓર્ગેનિક્સ લિમિટેડે પતંજલિ પર કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવતી અરજી દાખલ કરી હતી.સુનાવણી દરમિયાન પતંજલિએ કોર્ટમાં બિનશરતી માફી માંગી હતી. જો કે કોર્ટે કહ્યું કે પતંજલિ ખૂબ જ અમીર કંપની છે અને તેને ડર્યા વગર રહેવા દેવાય નહીં. કોર્ટે કહ્યું કે આદેશ જારી કરવા છતાં પતંજલિ ન માત્ર ઉત્પાદનનું વેચાણ કરી રહી છે પરંતુ તેનું ઉત્પાદન પણ કરી રહી છે.

### ઓગસ્ટના અંત સુધીમાં ભાજપને નવા અધ્યક્ષ મળી શકે છે

# જેપી નડ્ડા પછી દેવેન્દ્ર ફડણવીસ બનશે ભાજપ અધ્યક્ષ ?

**ભાજપ પાર્ટી અધ્યક્ષ પદ માટે કેટલાક નામો પર વિચાર કરી રહી છે, જેમાંથી બે નેતા મહારાષ્ટ્રના હોઈ શકે છે**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

જગત પ્રકાશ નડ્ડા પછી ભારતીય જનતા પાર્ટીની કમાન કોણ સંભાળશે? આ અંગે ચર્ચાઓ ચાલી રહી છે. આ દરમિયાન એવી અટકળો શરૂ થઈ છે કે મહારાષ્ટ્રમાંથી કોઈ નેતા પાર્ટીના ટોચના પદ પર કબજો કરી શકે છે. જોકે, આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. વાસ્તવમાં શનિવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની મુલાકાતે ચર્ચાઓને વેગ આપ્યો છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે ઓગસ્ટના અંત સુધીમાં ભાજપને નવા અધ્યક્ષ મળી શકે છે. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે પાર્ટી પાર્ટીના અધ્યક્ષ પદ માટે કેટલાક નામો પર વિચાર કરી રહી છે, જેમાંથી બે નેતાઓ મહારાષ્ટ્રના હોઈ શકે છે. આમાં ફડણવીસ ઉપરાંત પાર્ટીના મહાસચિવ વિનોદ તાવડેનું નામ સામેલ થઈ શકે છે. આ અંગે ભાજપ તરફથી સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. અહેવાલ મુજબ, સૂત્રોએ જણાવ્યું હતું કે, 'મોદી સાથે તેમની પત્ની અને પુત્રી સાથેની ફડણવીસની મુલાકાતે એવી ચર્ચાઓ વધારી છે કે ભાજપનું ટોચનું નેતૃત્વ ફડણવીસને આ પદ પર રાખવા માંગે છે.' સૂત્રએ કહ્યું, અગાઉ સંઘ અને ભાજપ વચ્ચે નામોને લઈને મતભેદ હતા, જેના કારણે ટોચના પદ પર નિમણૂકો થઈ શકી ન હતી. જોકે, હવે ફડણવીસના નામ પર સર્વસંમતિ ઊભી થતી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં ફડણવીસ અને મોદી વચ્ચેની મુલાકાત મહત્વપૂર્ણ છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ફડણવીસને લઈને પાર્ટીમાં બે મત છે કે તેમને કેબિનેટમાં મંત્રી કે અધ્યક્ષ બનાવવા જોઈએ. અહેવાલમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, 'RSS ફડણવીસને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવાના પક્ષમાં છે, જેથી ફડણવીસ કેન્દ્રીય રાજકારણમાં મોટી ભૂમિકા ભજવી શકે અને તૈયાર થઈ શકે છે, કારણ કે કેન્દ્રમાં ભાજપ સરકાર તેમના માટે ગાદીનું કામ કરશે.' મહારાષ્ટ્રમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં અવિભાજિત શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ સાથે મળીને સરકાર બનાવી હતી.

### ફિરોઝપુરમાં રોકવામાં આવી સોમનાથ એક્સપ્રેસ

# ફ્લાઈટ, સ્કૂલ અને હોસ્પિટલ પછી હવે ટ્રેનમાં મળી બોમ્બની ધમકી

**એક અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને દાવો કર્યો હતો કે ટ્રેનમાં બોમ્બ છે**

। (એજન્સી) પજાંબ, તા.૩૦ ।

ફ્લાઈટ્સ પર બોમ્બની ધમકીના સતત અહેવાલો આવી રહ્યા છે. શાળાઓ અને હોસ્પિટલોમાં બોમ્બ મૂકવાની ધમકીઓ પણ મળી હતી. હવે ટ્રેનને લઈને આવા સમાચાર પ્રકાશમાં આવ્યા છે. સોમનાથ એક્સપ્રેસમાં બોમ્બ હોવાની માહિતી કોઈ અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને આપી હતી. આ ટ્રેન જમ્મુ અને રાજસ્થાન વચ્ચે દોડે છે. ધમકી બાદ સોમનાથ એક્સપ્રેસને પંજાબના ફિરોઝપુર જિલ્લાના રેલવે સ્ટેશન પર રોકી દેવામાં આવી હતી. આ માહિતી આપતાં પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે એક અજાણ્યા વ્યક્તિએ ફોન કરીને દાવો કર્યો હતો કે ટ્રેનમાં બોમ્બ છે. તેમણે કહ્યું કે તમામ મુસાફરોને કાસુ બેગુ રેલવે સ્ટેશન પર ઉતારવામાં આવ્યા હતા. સોમનાથ એક્સપ્રેસ જમ્મુ અને કાશ્મીરમાં જમ્મુ તાવી અને રાજસ્થાનમાં ભગત કી કોઠી વચ્ચે ચાલે છે. વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી) સૌમ્ય મિશ્રાએ જણાવ્યું હતું કે સોમનાથ એક્સપ્રેસમાં બોમ્બ હોવાનો દાવો કરીને પોલીસ કંટ્રોલ રૂમને કોલ કરવામાં આવ્યો હતો. આ પછી તરત જ ફિરોઝપુરથી લગભગ ૧૦ કિલોમીટર દૂર કાસુ બેગુ રેલવે સ્ટેશન પર ટ્રેનને રોકી દેવામાં આવી હતી. તેમણે કહ્યું કે મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા છે અને વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે. અધિકારીએ કહ્યું કે પંજાબ પોલીસની એન્ટી બોમ્બ સ્ક્વોડની ત્રણ ટીમોને બોલાવવામાં આવી છે. રાજ્ય પોલીસ અને સીમા સુરક્ષા દળની ડોગ સ્ક્વોડ પણ ઘટનાસ્થળે હાજર છે. એસએસપીએ જણાવ્યું કે સરકારી રેલવે પોલીસ અને રેલવે પ્રોટેક્શન ફોર્સ પણ સર્ચ ઓપરેશનમાં લાગેલા છે.

### 'એએસઆઈએ સ્ટેટસ રિપોર્ટ આપવો જોઈએ...'

## મેહરૌલીમાં ધાર્મિક સ્થળોની સુરક્ષાની માંગ પર સુપ્રીમ કોર્ટના નિર્દેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના મહેરૌલીમાં પુરાતત્વીય સંરક્ષિત ઉદ્યાનની અંદર સદીઓ જૂના ધાર્મિક સંરચનાઓને સુરક્ષિત રાખવાની માગણી કરતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. આ અંગે સુનાવણી કરતી વખતે કોર્ટે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)ને પક્ષકાર બનાવ્યો અને સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવા કહ્યું. આ પાર્કમાં ૧૩મી સદીમાં બનેલી ઈમારતો છે. ઐતિહાસિક દસ્તાવેજો અનુસાર, આ સ્થાન પર ૧૩૧૭ની આશિક અલ્લાહ દરગાહ અને બાબા ફરીદની ચિલ્લાગાહ જેવી ઈમારતો છે. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજય કુમારની ખંડપીઠે દિલ્હી હાઈકોર્ટના આદેશ સામેની અરજી પર સુનાવણી કરી, જેણે આ બાંધકામ માળખાઓની સુરક્ષા માટે નિર્દેશો આપવાનો ઈન્કાર કર્યો હતો. અગાઉ, સુપ્રીમ કોર્ટે અરજદારો અને સત્તાધિકારીઓને આદેશ આપ્યો હતો કે તેઓ પહેલા કોર્ટ દ્વારા રચાયેલી ધાર્મિક સમિતિ સમક્ષ પોતાનું પ્રતિનિધિત્વ કરે.

### શેખ હસીનાએ અલ્ટીમેટમ ન સ્વીકાર્યું

## બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓ ફરી રસ્તા પર ઉતર્યા, ઘણી જગ્યાએ પ્રદર્શન

। (એજન્સી) બાંગ્લાદેશ, તા.૩૦ ।

બાંગ્લાદેશમાં ફરી એકવાર શેરીઓમાં અરાજકતા જોવા મળી રહી છે. વડાપ્રધાન શેખ હસીનાએ માફી માંગવાના અલ્ટીમેટમની અવગણના કરી છે, જેના પછી વિદ્યાર્થીઓ ગુસ્સામાં ભડકી ઉઠ્યા છે અને સરકાર વિરુદ્ધ ઘણી જગ્યાએ રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. સ્થાનિક વિદ્યાર્થીઓ તેમના નેતાઓને મુક્ત કરવાની માંગ કરી રહ્યા છે. સરકારે વિરોધ કરી રહેલા વિદ્યાર્થી નેતાઓની ધરપકડ કરીને તેમને જેલમાં મોકલી દીધા હતા.વિદ્યાર્થીઓએ દેશમાં અશાંતિ માટે સરકારને માફી માંગવાનું અલ્ટીમેટમ આપ્યું હતું, જેની સરકારે અવગણના કરી અને વિદ્યાર્થીઓએ ફરી વિરોધ શરૂ કર્યો. અગાઉ સોમવારે બાંગ્લાદેશ સરકારે પહેલીવાર સ્વીકાર્યું હતું કે અશાંતિમાં દેશભરમાં લગભગ ૧૫૦ લોકો માર્યા ગયા છે. સરકારે દેશવ્યાપી શોક જાહેર કર્યો છે.તાજેતરમાં બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી હતી અને સરકારે નોકરીના ક્વોટા સામેના વિરોધને દબાવવા માટે સેનાને બોલાવી હતી. આ મહિનાની શરૂઆતમાં યુનિવર્સિટીઓ અને કોલેજોમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા અને પછી વડા પ્રધાન શેખ હસીના અને તેમની સરકાર વિરુદ્ધ વ્યાપક ચળવળમાં ફેરવાઈ ગયા હતા.

### રક્તપાત અને ગૃહયુદ્ધની ધમકી આપનાર

## નિકોલસ માદુરો ફરીવાર વેનેઝુએલાના રાષ્ટ્રપતિ બન્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

વેનેઝુએલામાં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામો આવી ગયા છે. નિકોલસ માદુરો ત્રીજી વખત રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે. પરિણામો અનુસાર તેમને ૫૧ ટકા વોટ મળ્યા છે. તે જ સમયે, વિરોધ પક્ષના ઉમેદવાર એડમન્ડો ગોન્ઝાલેઝને ૪૪ ટકા મત મળ્યા હતા.જોકે, વિપક્ષ આ ચૂંટણી પરિણામો પર સવાલ ઉઠાવી રહ્યો છે. કારણ કે મોટાભાગના એક્ઝિટ પોલમાં વિપક્ષની જીતની આગાહી કરવામાં આવી હતી. એટલું જ નહીં વિપક્ષે દાવો કર્યો છે કે એડમન્ડો ગોન્ઝાલેઝને ૭૦ ટકાથી વધુ વોટ મળ્યા છે. વિપક્ષનો દાવો છે કે તેની પાસે ગોન્ઝાલેઝની જીતનો ડેટા પણ છે.તે જ સમયે, વિપક્ષી નેતા મારિયા કોરિનો મચાડોએ સોશિયલ મીડિયા પોસ્ટમાં સેનાને 'જમણી બાજુ' સાથે ઉભા રહેવાની અપીલ કરી છે. તેણે લખ્યું કે 'આ સમય જમણી બાજુએ ઊભા રહેવાનો છે. તમારી પાસે એક તક છે અને તે હવે છે. સૈન્ય લક્ષ્યાંકો પર હુમલો કરવાનું કાવતરું ઘડવા અને દેશને અસ્થિર કરવાના આરોપ ો ને કારણે મારિયાને ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

# ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ પર વિશેષ વર્કશોપ યોજાયો

## જૈવિક વિવિધતા અને તેના સંરક્ષણ વિશે માહિતગાર કરાયા



। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાત સાયન્સ સિટી ખાતે 'વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ' નિમિતે વિશેષ વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાત યુનિવર્સિટીના એમ.એસ.સી ઝૂઓલોજી અને સંલગ્ન વિભાગના આશરે ૭૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકો સહભાગી થયા હતા.

આ વર્કશોપમાં ગ્રીન સપોર્ટ સર્વિસના ઈકોલોજીસ્ટ ડો. વિરાગ વ્યાસ અને સસ્ટેનેબલ ઈકોલોજી ફાઉન્ડેશનના ડાયરેક્ટર ડો. ભાવિક પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડો. વિરાગ વ્યાસે જૈવિક વિવિધતા અને તેના સંરક્ષણ વિશે ઉપસ્થિત સૌને માહિતી આપી હતી. તેમણે સમજાવ્યું હતું કે, અત્યારે માનવ વસ્તી વધી રહી છે અને જંગલનો વિસ્તાર ઘટી રહ્યો છે. જેને કારણે જૈવિક વિવિધતાને ઘણું નુકસાન થઈ રહ્યું છે. જેના વિશે લોકોને જાગૃત કરવા જરૂરી છે. વધુમાં તેમણે કહ્યું કે, જંગલનો વિસ્તાર ન ઘટે અને જંગલમાં વસવાટ કરતા વન્ય પ્રાણીઓના અસ્તિત્વ પર જોખમ ઊભું ન થાય તેવા પગલાં આપણે સહુએ સાથે મળીને લેવા જોઈએ.

આ ઉપરાંત ડૉ. ભાવિક પટેલે વૃક્ષો તેમજ પ્રાણીઓ અને પક્ષીઓનું સંરક્ષણ કઈ રીતે કરવું તેના વિશે સમજાવ્યું હતું. તેમણે સમજાવ્યું કે કોઈ જગ્યાએ વૃક્ષારોપણ કરવું હોય તો પહેલાં એ વિસ્તારનો અભ્યાસ કરવો જોઈએ કે ત્યાં ક્યા પ્રકારના વૃક્ષો ઉછરી શકશે ? આ પ્રકારના વૃક્ષોની જરૂરિયાત એ વિસ્તારમાં કેટલી છે અને તેનાથી કેટલો ફાયદો થશે. આ બધી બાબતનો અભ્યાસ કર્યા પછી જ વૃક્ષારોપણ કરવું જોઈએ. આ ઉપરાંત તેમણે જંગલના જુદા જુદા કાયદાઓ વિશે તેમજ પ્રોજેક્ટ એલિફન્ટ અને પ્રોજેક્ટ ટાઈગર વિશે પણ વાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે ગુજરાત સાયન્સ સિટી દ્વારા અવારનવાર વિદ્યાર્થીઓ અને લોકોમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તેમજ પ્રકૃતિનું સંરક્ષણ થાય તેના માટે અવારનવાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું રહે છે.

# નિર્ભયા- સેફ સિટી પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદના નવરંગપુરાની શાળા ખાતે શી ટીમે વિદ્યાર્થિનીઓને જાગૃત કરી

## ગુડ ટચ, બેડ ટચ, જાતિય સતામણી, અભયમ મહિલા હેલ્પ લાઇન, સેલ્ફ ડિફેન્સ, સાઇબર ક્રાઇમ અંગે જાણકારી અપાઈ




। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદના નવરંગપુરા વિસ્તારની નિર્માણ હાઈસ્કૂલ ખાતે શહેર પોલીસની શી ટીમ દ્વારા વિદ્યાર્થિનીઓ માટે જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. શી ટીમના કર્મચારીઓએ નિર્ભયા સેફ સિટી પ્રોજેક્ટ અમદાવાદ અંતર્ગત આ શાળાની આશરે ૧૫૦ વિદ્યાર્થિનીઓને વિવિધ મુદ્દે સમજ આપવા આવી હતી. વિદ્યાર્થિનીઓને ગુડ ટચ- બેડ ટચ, જાતિય સતામણી,અભયમ મહિલા હેલ્પલાઈન, સેલ્ફ ડિફેન્સ, સાઈબર જાગૃતિ અંગે તેમને લાઈવ ડેમો અને પ્રેક્ટિકલ સમજૂતી આપી માહિતગાર કરાઈ હતી. આ ઉપરાંત મુશ્કેલીના સમયમાં ટોલ ફ્રી નંબર ૧૦૯૧,૧૮૧,૧૦૦નો ઉપયોગ કેવી રીતે કરવો, તેની સમજ પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે શી ટીમના ઈન્ચાર્જ શ્રી જી. એમ. ચૌધરી તથા શી ટીમના કર્મચારીઓ તેમજ શાળાનો સ્ટાફ હાજર રહ્યો હતો.

# પશ્ચિમ રેલવે સલામત અને સરળ રેલવે સંચાલન માટે પ્રયત્નશીલ છે

## કવચ એક સ્વદેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) ટેકનોલોજી છે

। અમદાવાદ, તા.૩૦ ।

કવચ એક ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) પ્રણાલી છે જે ભારતીય રેલ દ્વારા અનુસંધાન અભિકલ્પ અને માનક સંગઠન (RDSO) ના માધ્યમથી સ્વદેશી રીતે વિકસાવવામાં આવી છે. કવચ ઓટોમેટિક રૂપથી બ્રેક લગાવીને ટ્રેનોની નિર્દિષ્ટ ગતિ સીમા ની અંદર ચલાવવામાં લોકો પાઈલટને મદદ કરે છે જ્યારે લોકો પાઈલટ આમ કરવામાં નિષ્ફળ જાય છે અને ખરાબ હવામાન દરમિયાન ટ્રેનોને સુરક્ષિત રીતે ચલાવવામાં પણ મદદ કરે છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ, કવચ પ્રણાલીને RDSO દ્વારા ૨૦૦ કિમી પ્રતિ કલાક સુધી ટ્રેનોની ઝડપ વધારવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ ટેક્નોલોજી ટ્રેનોને યોગ્ય ઝડપે ચલાવવામાં સક્ષમ બનાવશે. આ નાથી (SPAD) ડેન્જર સિગ્નલ પાસિંગને રોકવામાં લોકો પાઈલટ્સને મદદ મળશે અને તેઓને સતત ગતિનું નિરીક્ષણ કરવામાં સક્ષમ બનાવશે. સિગ્નલ પાસા અને ઝડપ સંબંધિત દરેક માહિતી લોકો પાયલટની કેબમાં પ્રદર્શિત કરવામાં આવશે, જે અથડામણ સામે રક્ષણ પૂરું પાડશે. પશ્ચિમ રેલ્વે પર, ૯૦ લોકો સાથે ૭૮૯ કિમી પર કવચ પ્રણાલી નું કામ કરવામાં આવી રહ્યું છે. કુલ ૭૮૯ કિમીમાંથી ૪૦૫ કિમી માટે લોકો પરીક્ષણ સફળતાપૂર્વક કરવામાં આવ્યાછે અને ૯૦ માંથી ૬૦ લોકો આ ટેક્નોલોજીથી સજ્જ છે. પશ્ચિમ રેલ્વેએ આ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તેને ૭૩૫ કિમી પર કમીશન કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

આગળ ની માહિતી આપતા શ્રી વિનીતે જણાવ્યું હતું કે વિરાર-સુરત-વડોદરા (ઓટોમેટિક સિગ્નલિંગ) સેક્શન પર ૩૩૬ કિલોમીટર માંથી ૨૦૧ કિલોમીટર નું કામ પૂર્ણ થયું છે, જ્યારે વડોદરા-અમદાવાદ (ઓટોમેટિક સિગ્નલિંગ) સેક્શન પર ૯૬ કિલોમીટર કવચ પ્રણાલી લોકો ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થયેલા છે.વડોદરા-રતલામ-નાગદા (નોન-ઓટોમેટિક સિગ્નલિંગ) સેક્શન પર, ૩૦૩ કિલોમીટર માંથી ૧૦૮ કિલોમીટર નું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. અંતિમ પરીક્ષણ ની સાથે સાથે કમિશનિંગનું કામ પણ પ્રગતિમાં છે. તેવી જ રીતે, મુંબઈ સેન્ટ્રલ-વિરાર ઉપનગરીય (ઓટોમેટિક સિગ્નલિંગ) સેક્શન માટે ૫૪ કિલોમીટર નો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે અને સર્વેક્ષણ નું કામ પ્રગતિ પર છે. સ્વદેશી રૂપથી વિકસિત કવચ ટેક્નોલોજીનો હેતુ ભારતીય રેલ્વેને 'ઝીરો એકિડેટ'ના લક્ષ્યને હાંસલ કરવામાં મદદ કરવાનો છે. આ પ્રણાલી CENELEC માનકો EN૫૦૧૨૬, ૫૦૧૨૮, ૫૦૧૨૯ અને ૫૦૧૫૯ (SIL-4) ને અનુરૂપ છે.

### ઘરે જમતી વખતે જ ઢળી પડ્યો

# ચોથા ધોરણમાં ભણતા વિદ્યાર્થીનું હાર્ટ એટેકથી મોત

। (એજન્સી) રાજકોટ, તા.૩૦ ।

પૂર્વાગ ધામેચાને છેલ્લા બે દિવસથી ઝાડા ઊલટી હોવાથી ખાનગી ક્લિનિકમાંથી દવા લીધી હતી. બાળક પોતાના ઘરે જમવા બેઠો હતો ત્યારે ઊલટી થતાં તે બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. જો કે પૂર્વાગને વધુ સારવાર મળે તે પહેલાં જ તેનું મોત થયું હતું.

તાજેતરમાં ગુજરાતમાં નાનાથી માંડી મોટા સુધી હાર્ટ એટેકના કેસોમાં ચિંતાજનક રીતે વધારો થયો છે. ત્યારે રાજકોટમાં ધોરણ-૪માં અભ્યાસ કરતા બાળકને હાર્ટ એટેકથી મોત થયું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ધો.૪માં અભ્યાસ કરતો પૂર્વાગ નેમિશભાઈ ધામેચાનું મોત થતાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. મળતી માહિતી પ્રમાણે પૂર્વાગ ધામેચાને છેલ્લા બે દિવસથી ઝાડા ઊલટી હોવાથી ખાનગી ક્લિનિકમાંથી દવા લીધી હતી. બાળક પોતાના ઘરે જમવા બેઠો હતો ત્યારે ઊલટી થતાં તે બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. જો કે પૂર્વાગને વધુ સારવાર મળે તે પહેલાં જ તેનું મોત થયું હતું. બાળકનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું હોવાનો તબીબોએ અભિપ્રાય આપ્યો હતો. જોકે પી.એમ રિપોર્ટ આવ્યા બાદ સાચી હકીકત સામે આવશે. ઉલ્લેખનીય છે કે, આજકાલ ઘણા કિસ્સાઓ પ્રકાશમાં સામે આવે છે જ્યારે જીમમાં વર્કઆઉટ કરતી વખતે અથવા ડાન્સ કરતી વખતે યુવાનોને હાર્ટ એટેક આવે છે. આરોગ્ય નિષ્ણાતો કહે છે કે આજકાલ હૃદયના અજાણ્યા રોગો, યોગ્ય તાલીમ વિના વધુ પડતી અને ભારે કસરત, ડિહાઈડ્રેશન અને વધુ પડતા ઉત્તેજક અથવા કેફીનનું સેવછન યુવાનોના હૃદયને નબળું પાડી રહ્યા છે અને હૃદયરોગના હુમલાની ઘટનાઓ વધી રહી છે. એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે યુવાનોના હૃદય સતત નબળા થઈ રહ્યા છે. હાલના દિવસોમાં લોકો જે પ્રકારની જીવનશૈલી જીવે છે, તેની અસર હૃદય પર પડી રહી છે. જેના કારણે હાર્ટ એટેક જેવી જીવલેણ બીમારીઓ વધી રહી છે. અમેરિકન જર્નલ ઑફ ક્લિનિકલ એન્ડ ડાયગ્નોસ્ટિક રિસર્ચમાં પ્રકાશિત અહેવાલ સૂચવે છે કે ૨૦૧૫ સુધીમાં ભારતમાં લગભગ ૬.૫ કરોડ લોકો હૃદય રોગથી પીડિત હતા. આશ્ચર્યની વાત એ છે કે આમાંથી લગભગ ૨.૫ કરોડ લોકો ૪૦ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરના છે.



પ્રકૃતિના ખોળે આવેલ જૂનાગઢની કાલવા નદી પર બનેલો વિલિંગ્ડન ડેમનો નયનરમ્ય નજારો.

# પતિએ પત્નીને ઉંમર છુપાવવા બદલ કાયદેસરની કાર્યવાહી કરી

## તબીબી તપાસમાં મહિલાની ઉંમર ૩૨ વર્ષની જગ્યાએ ૪૦ વર્ષથી વધુ હોવાનું બહાર આવ્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદમાં એક વિચિત્ર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મહિલા માતા બની ના શકતા પતિએ તેની મેડિકલ તપાસ કરાવી. જેમાં પતિએ મહિલા સામે તેની ઉંમર છુપાવવા અને પત્ની મોટી ઉંમરની હોવાથી છેતરપિંડી કરવા બદલ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. પતિએ પત્ની વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ કરી છે. જેમાં પતિએ પત્નીના પરિવાર સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. પતિનો આરોપ લગાવ્યો છે કે મારી પત્નીએ મારી સાથે ઉંમરની છેતરપિંડી કરી છે.

અમદાવાદ પોલીસે પતિની ફરિયાદ પરથી FIR નોંધી છે. તબીબી તપાસમાં મહિલાની ઉંમર ૩૨ વર્ષની જગ્યાએ ૪૦ વર્ષથી વધુ હોવાનું બહાર આવ્યું છે. અમદાવાદના સરખેજ વિસ્તારમાં રહેતી મહિલા એક વર્ષ સુધી ગર્ભધારણ કરી ના શકતા ૩૪ વર્ષીય પતિ તેણે ડૉક્ટર પાસે લઈ ગયો હતો. મેડિકલ રિપોર્ટમાં મહિલા ખૂબ જ વૃદ્ધ હોવાનું બહાર આવ્યું છે. તે ડોક્ટરી સારવાર વિના માતા બની શકતી નથી. સોનોગ્રાફી રિપોર્ટમાં ખુલાસા બાદ પતિના પગ નીચેથી જમીન સરકી ગઈ. લગ્ન સમયે પત્નીની ઉંમર ૩૨ વર્ષ નોંધવામાં આવી હતી, પરંતુ સોનોગ્રાફીમાં તેની ઉંમર ૪૦ વર્ષથી વધુ હોવાનું જાણવા મળ્યું હતું. પત્નીની ઉંમર છુપાવવા બદલ પતિએ અમદાવાદ પોલીસમાં ફરિયાદ નોંધાવી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. પતિએ પોતાની ફરિયાદમાં કહ્યું છે કે પત્ની અને તેના પરિવારના સભ્યો સામે કાર્યવાહી કરવામાં આવે.

પોલીસે પતિની ફરિયાદ પર વિશ્વાસઘાત, બનાવટી, છેતરપિંડી, ગુનાહિત કાવતરું અને ધાકધમકીથી સંબંધિત IPC કલમો હેઠળ પત્ની, તેના પિતા અને તેના સંબંધીઓ સહિત આઠ લોકો વિરુદ્ધ ક્ષ્રેંઈ નોંધી છે. ૩૪ વર્ષીય પતિએ પોલીસને જણાવ્યું હતું કે મને ૨૦૨૩માં થનાર પત્ની સાથે પરિચય કરાવ્યો હતો. ત્યારે તેના બાયોડેટા માં તેની જન્મ તારીખ ૧૮ મે, ૧૯૯૧ દર્શાવવામાં આવી હતી, જે તેના કરતા ૧૮ મહિના નાની હતી. તેના પરિવારને મળ્યા પછી અમારા લગ્ન ૧૯ જૂન, ૨૦૨૩ ના રોજ નક્કી કરવામાં આવ્યા હતા. યુવતીના પરિવારે લગ્ન પાલનપુરના એક ગામમાં કરવા વિનંતી કરી હતી. પતિનો આરોપ છે કે વારંવાર વિનંતી કરવા છતાં તેમના પરિવારે ઉંમર અને શિક્ષણનો પુરાવો આપવામાં વિલંબ કર્યો હતો. લગ્નના દિવસે લગ્ન સમારંભ દરમિયાન તેઓએ શાળા છોડવાના પ્રમાણપત્ર અને પાસપોર્ટની નકલો જમા કરાવી, જેણે અસલી માની લેવામાં આવી હતી. પછી લગ્ન રજિસ્ટરમાં પત્નીની જન્મ તારીખ ૧૮ મે, ૧૯૯૧ નોંધવામાં આવી હતી. પતિના જણાવ્યા અનુસાર, ઘણા મહિનાઓ સુધી પ્રયાસો કર્યા પછી પણ ગર્ભ ધારણ કરવાના પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. આથી ઘરે કોઈને કહ્યા વિના તેણે તેની પત્ની અને ભાભી સાથે મળીને જુહાપુરામાં ડોક્ટર પાસે તપાસ કરાવી. પત્નીએ તેના પતિને જાણ કરી નહોતી. આ પછી પતિએ સપ્ટેમ્બર ૨૦૨૩માં ફરીથી પાલડીના ગાયનેકોલોજિસ્ટની સલાહ લીધી. સોનોગ્રાફી રિપોર્ટમાં પત્નીની ઉંમર ૪૦ થી ૪૨ વર્ષની આસપાસ હોવાનું બહાર આવ્યું હતું. ડૉક્ટરે કહ્યું કે પત્ની કુદરતી રીતે ગર્ભ ધારણ કરી શકશે નહીં. પછી પતિએ જુહાપુરાના ડોક્ટર પાસેથી રિપોર્ટ પણ મેળવ્યો. બંનેના તારણો એક જ હોવાનું જાણવા મળ્યું હતું.

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ભલામણોનો ગુજરાત વિદ્યાપીઠમાં અમલ કરવામાં આવશે

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ભલામણોનો ગૂજરાત વિદ્યાપીઠમાં કઈ કઈ રીતે અમલ કરવામાં આવ્યો છે તે અંગે બેઠક યોજાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ભલામણોનો ગુજરાત વિદ્યાપીઠમાં અમલ થશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ભલામણોનો ગૂજરાત વિદ્યાપીઠમાં કઈ કઈ રીતે અમલ કરવામાં આવ્યો છે તે અંગેની એક આકારણી બેઠક આજરોજ ઉચ્ચ શિક્ષણમાં કાર્યરત સૌ અધ્યાપકોની સાથે કુલપતિ હર્ષદ પટેલની અધ્યક્ષતામાં હિરક મહોત્સવ ખંડમાં યોજાઈ ગઈ. આ બેઠકમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના ગૂજરાત વિદ્યાપીઠમાં અમલીકરણ માટેના નોડલ ઓફિસર ડો. દિપુબાએ ઉચ્ચ શિક્ષણમાં એ તમામ કાર્યો અને વિભાગો અંગે વિસ્તારથી જણાવ્યું જેમાં ગૂજરાત વિદ્યાપીઠે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના સૂચનોનો અમલ કર્યો છે. કુલપતિ ડો. હર્ષદભાઈએ આ અંગે અભિનંદન આપ્યા અને આનંદ વ્યક્ત કર્યો હતો. ગૂજરાત વિદ્યાપીઠના શૈક્ષણિક અને બિન શૈક્ષિણીક કર્મચારીઓને વિદ્યાકીય, નેતૃત્વ અને વ્યવસ્થાપનની તાલીમ મળી રહે તે ઉદ્દેશથી 'વ્યવસાયિક સજ્જતા મંદિર' (વ્યાસ)ની રચના કરાવામાં આવી છે. આ કાર્યની જવાબદારી શિક્ષણ મહાવિદ્યાલયના વરિષ્ઠ પ્રાધ્યાપક ડો. ભરત ભાઈ જોશીને આપવામાં આવી છે. આગામી તા. ૮,૯,૧૦ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ 'વ્યાસ'ના ઉપક્રમે શૈક્ષણિક સેવકોની તાલીમ માટેનો પ્રથમ કાર્યક્રમ યોજાનાર છે.

**વિશેષ**

### રાજ્યમાં હાલ ૧૦૮ની ૮૦૦ એમ્બ્યુલન્સ દર્દીઓની સેવામાં રાત-દિવસ કાર્યરત

# ૧૦૮ની અવિરત સેવા : રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે છેલ્લા ૨૯ દિવસમાં ૧ લાખ ૧૪ હજારથી વધુ દર્દીઓ માટે દેવદૂત સાબિત થતી ૧૦૮ એમ્બ્યુલન્સ

। (માહિતી) અમદાવાદ ।

મોતના મુખમાં ધકેલાઈ ગયેલા માણસને ફરી નવજીવન આપતી સંજીવની કદાચ માનવજાતિએ નથી જોઈ, પરંતુ આજના સમયમાં ગુજરાત સરકાર દ્વારા સંચાલિત ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાએ સંજીવની કરતા લગીરેય ઊણી ઊતરે એવી નથી. શહેર હોય કે ગામ, રાત હોય કે દિન, ટાઢ હોય કે તડકો આ સેવા શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં અગણિત લોકોને નવજીવન આપી ચૂકી છે. અસંખ્ય લોકોના દુઃખી ચહેરા પર જીવન આશાનું કિરણ રેલાવી ચૂકી છે અને હજુય અહર્નિશપણે એ જ માનવ સેવા દાયિત્વ નિભાવી રહી છે. છેલ્લા ૨૯ દિવસથી રાજ્યભરમાં પડી રહેલા ભારે વરસાદની વચ્ચે પણ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ઊડીને આંખે વળગે એવી કામગીરી જોવા મળી રહી છે. છેલ્લા ૨૯ દિવસમાં જ ૧ લાખ ૧૪ હજારથી વધુ દર્દીઓ માટે ૧૦૮ એમ્બ્યુલન્સ દેવદૂત સાબિત થઈ છે. ૧૦૮ના સ્ટાફે કર્તવ્યનિષ્ઠા એવી ઉત્તમ રીતે નિભાવી છે કે આજે પણ ગુજરાતના કોઈ પણ ખૂણે આરોગ્યની મુસીબતની પળોમાંથી પસાર થઈ રહેલા લોકોને સંકટની ઘડીએ જ્યારે ઘરના આંગણે તાબડતોડ ૧૦૮ આવીને ઊભી રહે છે ત્યારે રાહતનો અહેસાસ થાય છે અને દિલમાંથી શબ્દો નીકળે છે કે હાશ! ૧૦૮ આવી ગઈ, હવે વાંધો નહી આવે. ગુજરાતમાં આકસ્મિક પરિસ્થિતિમાં જીવાદોરી સમાન ૧૦૮ની સેવાથી રાજ્યના તમામ નાગરિકો વાકેફ છે. અકસ્માત, કુદરતી કે કૃત્રિમ આફતો વખતે માનવ જીવોના સંરક્ષણ માટે ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા ખૂબ ઝડપી અને સંજીવની સમાન મનાય છે. ગુજરાતમાં ૨૦૦૭માં તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરી હતી. આ ૧૦૮ની નિઃશુલ્ક સેવા આજે રાજ્યમાં આપાતકાલિન સ્થિતિમાં સંજીવની સમાન ગણાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૦૦થી વધુ એમ્બ્યુલન્સ દર્દીઓની સેવામાં રાત-દિવસ કાર્યરત છે. આ ઉપરાંત બે બોટ એમ્બ્યુલન્સ અને એક એર એમ્બ્યુલન્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૦૮ જીવીકે ઈએમઆરઆઇના ચીફ ઓપરેટિંગ ઓફિસર જશંવત પ્રજાપતિના જણાવ્યા અનુસાર ગુજરાતમાં હાલના સમયમાં સમગ્ર રાજ્યના તમામ ૨૫૭ તાલુકા, ૧૮ હજાર જેટલાં ગામો, ૩૩ જિલ્લાઓ અને મહાનગરો સહિત તમામ જગ્યાએ આ ૧૦૮ની સેવાનું માળખું ફેલાયેલુ છે. ગણતરીની મિનિટમાં ઘટનાસ્થળ પર પહોંચી ઈજાગ્રસ્ત, બીમાર કે ભોગ બનનાર વ્યક્તિ કે વ્યક્તિઓને પ્રાથમિક સારવાર પૂરી પાડવાનું કામ કરે છે. સગર્ભાઓને પ્રસૂતિ દરમિયાન ઝડપી ઘર સુધી પહોંચી મહિલાને હોસ્પિટલ સુધી પહોંચાડવાનું અને તેને પીડાવિહીન પ્રસૂતિ કરાવવામાં આ ૧૦૮ની સેવા ખૂબ મદદરૂપ બની છે. રાજ્યમાં ૧૦૮ની એમ્બ્યુલન્સ સેવા શરૂ થયાથી આજ સુધીમાં ૧.૬૨ કરોડથી વધુ લોકોએ આ ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાનો લાભ લીધો છે. રાજ્યમાં ખૂબ ગંભીર પરિસ્થિતિમાં ૧૦૮ના કર્મીઓની સમયસરની સેવાના કારણે ૧૫.૩૭ લાખ લોકોના જીવ બચાવવાનું મહામૂલું કાર્ય પણ થયું છે, તો ૧.૪૨ લાખથી વધુ મહિલાઓને સુખરૂપ પ્રસૂતિ પણ કરાવી શકાઈ છે. હાલમાં અંદાજે ૪ હજારથી વધુ ૧૦૮ કર્મીઓ સેવા આપી રહ્યા છે. અદ્યતન સુવિધાઓ અને હાઈ ટેક્નોલોજીથી સજ્જ આ ૧૦૮ એમ્બ્યુલન્સ વાનના કારણે સમયસર કોલના સ્થળ પર પહોંચવામાં અને સતત મોનિટરિંગ કરવાના કારણે આ સેવા ખૂબ ઝડપી અને લોકોને પ્રાથમિક સારવાર આપવાથી માંડી તેને વધુ સારવાર અર્થે હોસ્પિટલ સુધી પહોંચાડવા સહિતની કામગીરી કરે છે. ૧૦૮ મોબાઈલ એમ્બ્યુલન્સ વાનમાં ખૂબ અદ્યતન ટેક્નોલોજીની વ્યવસ્થા, મેડિકલનાં સાધનો, દવાઓ, મશીનો અને વેન્ટિલેટર - ઓક્સિજન સહિતની સેવા અને ટ્રેનિંગબદ્ધ સ્ટાફ હોવાના કારણે પીડિત વ્યક્તિને તત્કાલિન સેવા મળી રહે છે. સમયસર સારવાર મળવાના કારણે વ્યક્તિનો જીવ પણ બચાવી શકાય છે.

**ન્યૂઝ બ્રિફ**

## અગ્નિવીર યોજના મામલે સંસદમાં આજે ફરી શાબ્દિક પ્રહારો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

અગ્નિવીર યોજના મામલે સંસદમાં આજે ફરી શાબ્દિક પ્રહારો થયા હતા. આ વખતે વિપક્ષ તરફથી અખિલેશ યાદવ અને સરકાર વતી અનુરાગ ઠાકુર વચ્ચે બોલાચાલી થઈ હતી. આ મામલે બોલતાં અખિલેશ યાદવે કહ્યું કે જે પણ યુવક સેના માટે તૈયારી કરે છે તે આ વાત ક્યારેય સ્વીકારી શકે જ નહીં. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ અગ્નિવીર યોજના મામલે વિરોધપક્ષોએ ઘણો વિરોધ વ્યક્ત કર્યો હતો. જ્યારે આ સ્કીમ પહેલીવાર આવી ત્યારે મોટા ઉદ્યોગપતિઓને ટ્વીટ કરવામાં આવ્યું હતું કે આનાથી સારી કોઈ સ્કીમ નથી. અમે તેમને નોકરીએ રાખીશું. સરકાર પોતે આ સ્વીકારે છે.'' સ્કીમ સારી નથી, તેથી જ તેઓ પોતપોતાની સરકારોને પાછા ફરનારાઓને ક્વોટા અને નોકરી આપવાનું કહી રહ્યા છે. હમીરપુરના સાંસદ અનુરાગ ઠાકુરે સત્તાધારી પક્ષ તરફથી વાત કરી તો અખિલેશ યાદવે કહ્યું કે હું બેસીશ, તમે ઉભા થાઓ અને કહો કે યોજના બરાબર છે.

## મુંબઈમાં કિંગ ખાને ૨૯ જુલાઈએ આંખનું ઓપરેશન કરાવ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૩૦ ।

૫૮ વર્ષના શાહરૂખ ખાન વિશે મોટા સમાચાર બહાર આવ્યા છે. અહેવાલો અનુસાર, કિંગ ખાને ૨૯ જુલાઈએ મુંબઈમાં આંખનું ઓપરેશન કરાવ્યું હતું. રિપોર્ટ્સનું સાચું માનીએ તો સર્જરી યોગ્ય રીતે થઈ શકી નહીં જેના કારણે તેઓ વધુ સારવાર લેવા માટે અમેરિકા જવા રવાના થઈ રહ્યો છે. ઝૂમ રિપોર્ટ્સ અનુસાર, કિંગ ખાન ૩૦ જુલાઈએ અમેરિકા જઈ રહ્યો છે. તેની આંખોમાં મોતિયો આવ્યો હતો. જેના કારણે બંને આંખોમાં તકલીફ થઈ રહી હતી. તેથી તેમણે ઉતાવળમાં એક આંખની સારવાર ભારતમાં કરાવી અને બીજી આંખની સારવાર અમેરિકામાં કરાવવા નીકળી ગયો છે.



નવી દિલ્હીમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ ટ્રેનિંગ સ્કીમ (NATS) ૨.૦ પોર્ટલની શરૂઆત કરી.

### IAS પૂજા ખેડકરની મુશ્કેલી વધી

## ૨ ઓગસ્ટ સુધીમાં પૂજા પર લાગેલા આરોપોની સ્પષ્ટતા કરવાનો નોટિસમાં ઉલ્લેખ

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૩૦ ।

ટ્રેઈની IAS પૂજા ખેડકર વિરુદ્ધ ખોટી ઓળખ ઊભી કરવાના એક પછી એક લાગેલા આરોપો બાદ તેના માટે નવી સમસ્યા ઉભી થઈ છે. કેન્દ્ર સરકારના માનવ સંસાધનોની વિગતો જાળવતા ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનિંગે (DOPT) આજે મંગળવારે પૂજા ખેડકરને કારણ બતાવો નોટિસ જારી કરી છે. તેમને ૨ ઓગસ્ટ સુધીમાં તેમના પર લાગેલા આરોપો પર તેમની સ્થિતિ સ્પષ્ટ કરવા પણ કહેવામાં આવ્યું છે.

આ કેસ સાથે સંબંધિત DOPTના અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે, ''વિવિધ એજન્સીઓની પૂછપરછ બાદ, ૨૬ જુલાઈએ તેમના સરનામા પર કારણ બતાવો નોટિસ મોકલવામાં આવી હતી. પૂજા ખેડકરને નોટિસનો જવાબ આપવા માટે સાત દિવસનો સમય આપવામાં આવ્યો છે.'' અન્ય એક અધિકારીએ કહ્યું કે, ''પ્રક્રિયા મુજબ, નોટિસ જારી કરવામાં આવી છે અને તેનો જવાબ માંગવામાં આવ્યો છે. તે કાં તો DoPT સમક્ષ રૂબરૂ હાજર થઈ શકે છે અથવા લેખિત જવાબ મોકલી શકે છે.'' અધિકારીએ કહ્યું કે, ''તે પૂજા ખેડકર પર નિર્ભર કરે છે કે તે નોટિસનો કેવી રીતે જવાબ આપે છે.'' અધિકારીએ કહ્યું છે કે, જો તેઓ જવાબ નહીં આપે તો તેમની સામે ગંભીર કાર્યવાહી કરવામાં આવશે.

મહારાષ્ટ્ર સરકારના રિપોર્ટના આધારે કેન્દ્ર સરકારે પૂજા ખેડકરની ઉમેદવારી અને અન્ય આરોપોના દાવાઓની તપાસ કરવા માટે એક-એક સભ્યની પેનલની



રચના કરી છે. જો ખેડકર ખોટા દાવા કરવા બદલ દોષિત ઠરશે તો તેની પસંદગી રદ થઈ શકે છે.

UPSCની ફરિયાદને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ખેડકર સામે છેતરપિંડી અને ખોટી ઓળખનો કેસ નોંધી લીધો છે. ગયા અઠવાડિયે કમિટીએ પોતાનો રિપોર્ટ DoPT સેક્રેટરીને સુપરત કર્યો હતો. ડીઓપીટી ટીમ આ રિપોર્ટના તારણોની તપાસ કરી રહી છે અને જરૂરી કાર્યવાહીની ભલામણ કરવાની પણ તૈયારી કરી રહી છે. ડીઓપીટીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ખેડકરને મહારાષ્ટ્રના વાશિમથી ૨૩ જુલાઈ સુધીમાં મસૂરીમાં લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઑફ એડમિનિસ્ટ્રેશનમાં રિપોર્ટ કરવાનું હતું. જો કે, એકેડેમીના અધિકારીઓએ સોમવારે પુષ્ટિ કરી કે તેમણે હજી સુધી ત્યાં જાણ કરી નથી.

### સુપ્રીમ કોર્ટે ફરી એકવાર ઈતિહાસ રચ્યો

## પ્રથમ વખત હું બેંચ તરફ હતો : SCની લોક અદાલતમાં કપિલ સિબ્બલ CJI સાથે બેઠા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

સુપ્રીમ કોર્ટે ફરી એકવાર ઈતિહાસ રચ્યો છે. સુપ્રીમ કોર્ટની લોક અદાલતમાં વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચુડ સાથે બેંચ પર બેઠા જોવા મળ્યા હતા. આ પહેલીવાર હતું જ્યારે કપિલ સિબ્બલ બાર પર નહીં પરંતુ બેંચ પર હતા. સોમવારે કપિલ સિબ્બલ કોઈ કેસની ચર્ચા કરી રહ્યા ન હતા પરંતુ કેસનો નિર્ણય લેવા અને ચુકાદો આપવા માટે CJI DY ચંદ્રચુડની સાથે બેંચમાં જોડાયા હતા. એટલું જ નહીં, આ બેંચે પતિ-પત્નીની લડાઈને કારણે બરબાદ થઈ રહેલા પરિવારને બચાવી લીધો. સુપ્રીમ કોર્ટમાં યોજાયેલી ખાસ લોક અદાલતનો આ પ્રસંગ હતો. જેમાં મીડિયા કેમેરાને પણ અહીં મંજૂરી આપવામાં આવી હતી. CJI અને સિબ્બલની સાથે જસ્ટિસ જે.બી.પારડીવાલા, જસ્ટિસ મનોજ મિશ્રા અને સુપ્રીમ કોર્ટના એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશનના પ્રમુખ વિપિન નાયર પણ લોક અદાલતમાં હાજર રહ્યા હતા. આ કેસોની સુનાવણી ૨૯ જુલાઈથી ૨ ઓગસ્ટની વચ્ચે થશે અને કોર્ટના કામકાજ પછી બપોરે ૨ વાગ્યે શરૂ થશે. લોક અદાલતમાં આવેલા એક કેસનો ઉલ્લેખ કરતા મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે, મને એક કેસ યાદ છે જેમાં પતિએ પટિયાલા હાઉસ કોર્ટમાં છૂટાછેડાની કાર્યવાહી કરી હતી અને તેની પત્નીએ બાળકોના ભરણપોષણ અને કસ્ટડી માટે અરજી કરી હતી. તેઓ બંને લોક અદાલતમાં સાથે આવ્યા હતા અને બંનેએ નક્કી કર્યું હતું કે, તેઓ સાથે રહેશે. તેથી જ્યારે તેઓ બંને લોક અદાલતમાં આવ્યા ત્યારે મેં તેમને પૂછ્યું, અને તેઓએ કહ્યું કે, તેઓએ ખુશીથી સાથે રહેવાનું નક્કી કર્યું છે. પત્નીએ



કહ્યું કે, મને ભરણપોષણ નથી જોઈતું કારણ કે અમે ખૂબ જ ખુશીથી સાથે રહીએ છીએ. મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે, લોક અદાલતનો હેતુ નાના કેસોનો નિકાલ કરવાનો છે. લોકોને ખ્યાલ નથી કે કેટલા નાના કેસ સુપ્રીમ કોર્ટમાં આવે છે. અમે લોક અદાલતમાં સેવા, મજૂર વિવાદ, જમીન સંપાદન અને મોટર અકસ્માતના દાવા જેવા કેસો પસંદ કરીએ છીએ. મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડે વધુમાં જણાવ્યું હતું કે, ''ન્યાયાધીશોની સાથે લોક અદાલતની પેનલના ભાગ રૂપે બાર સભ્યોની હાજરીએ સમગ્ર સમાજને સાચો સંદેશ આપ્યો છે કે, અમે ન્યાય આપવાના અમારા પ્રયાસોમાં એક છીએ, ખાસ કરીને આ નાના કેસોમાં સામેલ નાગરિકોને.'' મુખ્ય ન્યાયાધીશને આશા છે કે, ભવિષ્યમાં સુપ્રીમ કોર્ટમાં લોક અદાલતનું સંસ્થાકીયકરણ થશે. અહેવાલ મુજબ, કપિલ સિબ્બલે આ અંગે કહ્યું હતું કે, હું પહેલીવાર બારમાં નહીં પરંતુ બેંચ પર બેઠો છું. આ એક વિશેષાધિકાર છે કે મને ન્યાયાધીશો સાથે બેંચ શેર કરવાની આ તક મળી. કપિલ સિબ્બલે કહ્યું કે, જ્યારે સુપ્રીમ કોર્ટે લાઈવ સ્ટ્રીમિંગ શરૂ કર્યું ત્યારે મહારાષ્ટ્ર કેસમાં દલીલો શરૂ કરનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા.



ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG)એ તેની પ્રથમ 'વાર્ષિક ઓપરેશનલ સી ટ્રેનિંગ કોન્ફરન્સ દરમિયાન 'સુવિધા સોફ્ટવેર વર્ઝન ૧.૦' લોન્ચ કર્યું, આ સોફ્ટવેર એક અત્યાધુનિક સાધન છે જે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે તમામ ICG પ્લેટફોર્મ પર તાલીમ પ્રોટોકોલને વધારવા અને સુસંગતતા સુનિશ્ચિત કરવા માટે રચાયેલ છે.

### ભારતમાં કેન્સર અંગે સામે આવ્યો ચોંકાવનારો રિપોર્ટ

## ભારતમાં રહેતા ૯માંથી ૧ વ્યક્તિને કેન્સરનું જોખમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ભારતમાં કેન્સરના કેસમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. દેશમાં કેન્સરના વધતા જતા કેસ વચ્ચે આરોગ્ય નિષ્ણાતોનું કહેવું છે કે ૯માંથી ૧ ભારતીયને તેમના જીવનમાં કેન્સરનું જોખમ છે. જોકે મોટાભાગના કિસ્સાઓમાં જો તે સમયસર શોધી કાઢવામાં આવે તો તેને રોકી શકાય છે. એપોલો હોસ્પિટલ્સના તાજેતરના રિપોર્ટ મુજબ ભારતમાં કેન્સરના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. ભારત વિશ્વની કેન્સરની રાજધાની છે. ઉલ્લેખનીય છે કે એપોલો હોસ્પિટલ્સે કેન્સરના કેસ અંગે હેલ્થ ઓફ નેશન નામનો રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો હતો. રિપોર્ટ અનુસાર ૨૦૨૦માં કેન્સરના કેસોની વાર્ષિક સંખ્યા લગભગ ૧૪ લાખ હતી જે ૨૦૨૫ સુધીમાં વધીને ૧૫.૭ લાખ થઈ જશે. રિપોર્ટમાં તેના કારણોને સંબોધવા તેમજ અસરકારક નિવારણ અને સારવારના પગલાં લાગુ કરવા માટે વ્યાપક સરકારી પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. રાજીવ ગાંધી કેન્સર ઈન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેન્ટર(RGCIRC)ના નિવારક ઓન્કોલોજી વિભાગના વડા ડૉ. ઈન્દુ અગ્રવાલે જણાવ્યું હતું કે, ભારતમાં કેન્સરના રોકી શકાય તેવા કારણોમાં તમાકુનું સેવન ટોચ પર છે. લગભગ ૨૬૭ મિલિયન પુખ્ત લોકો તમાકુનો ઉપયોગ કરે છે જે મોઢા, ફેફસાં અને અન્ય કેન્સર સાથે જોડાયેલ છે. અસ્વસ્થ આહાર અને બેઠાડુ જીવનશૈલી આંતરડા, સ્તન અને સ્વાદુપિંડના કેન્સરનું જોખમ વધારે છે.

રિપોર્ટ મુજબ વસ્તીમાં વૃદ્ધ લોકોની વધતી સંખ્યા પણ કેન્સરનું પ્રમાણ વધારી રહી છે. વૃદ્ધ લોકો વિવિધ પ્રકારના કેન્સર માટે વધુ સંવેદનશીલ હોય છે. માનવ પેપિલોમાવાયરસ (HPV) અને હેપેટાઈટિસ B અને C વાયરસ જેવા ચેપ અનુક્રમે સર્વાઈકલ અને લીવર કેન્સરના મહત્વના કારણો છે.

### પોલિટિકલ પાર્ટીઓનું દાન સરકારનું નુકસાન

## વર્ષ ૨૦૨૨-૨૩માં સરકારી તિજોરીને આટલા કરોડનું નુકસાન થયું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

રાજકીય પક્ષોને દાન આપવા પર ટેક્સમાં છૂટ મળે છે. ફાઈનાન્શિયલ વર્ષ ૨૦૨૨-૨૩માં આવા દાનને કારણે સરકારી તિજોરી પર લગભગ ૩,૯૬૭.૫૪ કરોડનો બોજો વધ્યો છે. આ અનુમાન કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫માં નાણાં મંત્રાલયે લગાવ્યું છે. આ આંકડો ૨૦૨૧-૨૨ની સરખામણીમાં લગભગ ૧૩ ટકા વધુ છે. મીડિયાના એક અહેવાલ મુજબ, છેલ્લા ૯ વર્ષમાં ઈલેક્શન ફન્ડિંગમાં સતત વધારો થઈ રહ્યો છે. આ વાતનો અંદાજ અગાઉના કેન્દ્રીય બજેટોના વિશ્લેષણથી આવે છે. ૨૦૧૪-૧૫થી લઈને અત્યાર સુધીમાં ૯ વર્ષમાં રાજકીય ડોનેશનના કારણે સરકારી તિજોરી પર લગભગ ૧૨,૨૭૦.૧૯ કરોડ રૂપિયાનો બોજો વધી ગયો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના આંકડા હજી જાહેર કરવામાં આવ્યા નથી. જે આંકડા છે તે વર્ષ ૨૦૧૪-૧૫થી લઈને વર્ષ ૨૦૨૨-૨૩ સુધીના છે. આવું થયું છે ઈન્કમ ટેક્સ એક્ટ ૧૯૬૧ના કારણે. તેમાં રાજકીય પાર્ટીને મળનાર ટેક્સ છૂટ વિશે જણાવવામાં આવ્યું છે. તે મુજબ ભારતીય કંપનીઓ, ફર્મ, વ્યક્તિઓના સંઘ(AOPs), વ્યક્તિઓના યુનિટ(BOIs), વ્યક્તિઓ કે હિન્દુ અવિભાજિત પરિવારો(HUF) સહિત અન્ય કરદાતા, જો રાજકીય પક્ષોને દાન આપે છે, તો તેમને ટેક્સમાં ફાયદો મળે છે. એટલે કે તેમને ટેક્સ ઓછો આપવો પડે છે. ઝારખંડમાં મોટી રેલવે દુર્ઘટના: ચક્રધરપુરમાં હાવડા અને મુંબઈ મેલના ૧૮ કોચ પાટા પરથી ઉતરી ગયા, ૨ના મોત, ૨૦ ઘાયલ. કેરળના વાયનાડમાં ભીષણ ભૂસ્ખલન: ૪૩ લોકોનાં મોત, ૧૦૦થી વધુ લોકો દબાયા હોવાની શક્યતા; ઈન્ડિયન એરફોર્સે શરૂ કરી રાહત કામગીરી. બિહાર સરકારને સુપ્રીમ કોર્ટમાંથી ઝટકો: ૬૫ ટકા રિઝર્વેશનના આદેશ પર રોક લગાવવાનો પટના હાઈકોર્ટનો ચુકાદો યથાવત રાખવામાં આવ્યો. જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં અકસ્માત: કાર ખીણમાં પડી જતા ૫ બાળકો સહિત ૮નાં મોત, પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહને બહાર કાઢ્યા. તિહાર જેલમાં ચોંકાવનારો ખુલાસો: ૧૨૫ કેદીઓ એચઆઈવી પોઝિટિવ, ૨૦૦ને સિફિલિસ રોગ થતા ગભરાટ; તિહારમાં ૧૦ હજાર કેદીઓનું મેડિકલ સ્ક્રીનિંગ થયું. મમતાને નીતિ આયોગની બેઠક ન પસંદ આવી: CM મમતા બેનર્જી મીટિંગ છોડીને નીકળી ગયા, કહ્યું- મને બોલવા જ ન દીધી.

## લવ જેહાદ હેઠળના ઘણા ગુનાઓની સજા બમણી કરાઈ

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૩૦ ।

લવ જેહાદ સંબંધિત બિલ મંગળવારે ઉત્તરપ્રદેશની વિધાન સભામાં પસાર કરવામાં આવ્યું હતું. આ બિલમાં હવે આરોપીઓ માટે આજીવન કેદની જોગવાઈ છે, જેમાં લવ જેહાદ હેઠળના ઘણા ગુનાઓની સજા પણ બમણી કરાઈ છે. યોગી સરકારે સોમવારે ગૃહમાં આ સંબંધિત બિલ રજૂ કર્યું હતું જે આજે પાસ થયું છે. બિલની જોગવાઈ-નવા કાયદામાં દોષિત સાબિત થવા પર ૨૦ વર્ષની કેદ અથવા આજીવન કેદની જોગવાઈ છે. હવે કોઈપણ વ્યક્તિ ધર્મ પરિવર્તનના મામલામાં એફઆઈઆર નોંધાવી શકે છે. પ્રથમ કિસ્સામાં, માહિતી અથવા ફરિયાદ આપવા માટે પીડિતા, માતા-પિતા અથવા ભાઈ-બહેનની હાજરી જરૂરી હતી. સેશન્સ કોર્ટની નીચેની કોઈપણ કોર્ટ લવ જેહાદના કેસની સુનાવણી નહીં કરે.

### વૈશ્વિક બજારમાં થતા ફેરફારો માંગને પ્રોત્સાહન આપશે

## એપ્રિલ-જૂનમાં સારા વેચાણને કારણે વૈશ્વિક સોનાની માંગમાં જોરદાર ઉછાળો

### ૨૦૨૩ના બીજા ક્વાર્ટરમાં કુલ માંગ ૧,૨૦૭.૯ ટન હતી જે ૨૦૨૪માં વધીને૧,૨૫૮.૨ ટન થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં વૈશ્વિક સોનાની માંગ ૪.૧૬ ટકા વધીને ૧,૨૫૮.૨ ટન થઈ છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC) એ આજે ૩૦ જુલાઈ મંગળવારે એક રિપોર્ટમાં આ વાત કહી હતી. WGCના 'સેકન્ડ ક્વાર્ટર ૨૦૨૪ ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ' રિપોર્ટ અનુસાર, ૨૦૨૩ના બીજા ક્વાર્ટરમાં કુલ માંગ ૧,૨૦૭.૯ ટન હતી જે ૨૦૨૪માં વધીને ૧,૨૫૮.૨ ટન થઈ ગઈ છે. ડેટા અનુસાર, એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં 'ઓવર-ધ-કાઉન્ટર' (OTC) વ્યવહારો દ્વારા માંગને ટેકો મળ્યો હતો, જે અગાઉના વર્ષની સરખામણીમાં ૫૩ ટકા વધીને ૩૨૯ ટન થઈ હતી. 'ઓવર-ધ-કાઉન્ટર' વ્યવહારો બે પક્ષો વચ્ચેના સીધા વ્યવહારોનો સંદર્ભ આપે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, આ સાથે, સોનાના ભાવમાં પણ સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળામાં વાર્ષિક ધોરણે ૧૮ ટકાનો વધારો જોવા મળ્યો હતો, જે સરેરાશ $2,338 પ્રતિ ઔંસના સ્તરે હતો. ક્વાર્ટર દરમિયાન તે ઈ૨,૪૨૭ પ્રતિ ઔંસની વિક્રમી સપાટીએ પણ પહોંચી ગયો હતો. તેમાં કહેવામાં આવ્યું



છે કે, OTCની માંગમાં વધારો, કેન્દ્રીય બેંકો દ્વારા સતત ખરીદી અને ETF ઉપાડમાં ઘટાડો થવાને કારણે આ વર્ષના બીજા ક્વાર્ટરમાં સોનાના ભાવ રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા હતા. વૈશ્વિક ગોલ્ડ ETF (એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ) એ સમીક્ષા હેઠળના ત્રિમાસિક ગાળામાં સાત ટનનો નજીવો આઉટફ્લો જોયો હતો. WGCના વરિષ્ઠ બજાર વિશ્લેષક લુઈસ સ્ટ્રીટે જણાવ્યું હતું કે, કેન્દ્રીય બેંકો અને OTC બજારની મજબૂત માંગને કારણે સોનાના વધતા અને રેકોર્ડ બ્રેક ભાવ હેડલાઈન્સમાં હતા. તેમણે કહ્યું હતું કે, ''પભવિષ્યમાં સોના માટે કેટલાક સંભવિત પડકારો છે, પરંતુ વૈશ્વિક બજારમાં પણ ફેરફારો થઈ રહ્યા છે, જે સોનાની માંગને ટેકો આપશે અને પ્રોત્સાહન આપશે.''

## તંત્રી લેખ...

# જળનું સ્તર ઊંચું લાવવા ખાસ મિશન મોડ પર કાર્ય

રાજ્યભરમાં દર વર્ષે 'સુજલામ-સુફલામ જળ' અભિયાન થકી ભૂગર્ભ જળનું સ્તર ઊંચું લાવવા ખાસ મિશન મોડ પર કાર્ય થઈ રહ્યું છે. આ મિશનને વધુ વેગ આપવા તેમજ ભૂગર્ભ જળ વધુ ઊંચા લાવવાના હેતુથી રાજ્યમાં બંધ-બિન ઉપયોગી અંદાજે ૧૦,૦૦૦ ખાનગી ટ્યુબવેલને વરસાદી પાણીથી રીચાર્જ કરવા ૧૫૦ કરોડની મહત્વ 'ભૂગર્ભ જળ રીચાર્જ' યોજનાને મંજૂરી આપવામાં આવી છે. રાજ્યમાં ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવવાથી વીજ વપરાશ ઘટવાની સાથે ખેડૂતોની આવકમાં પણ વધારો થશે. જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈએ યોજનાની વધુ વિગતો આપતા કહ્યું હતું કે, રાજ્યમાં ભૂગર્ભ જળના ઊંડા તળને વરસાદના પાણીથી ઊંચા લાવવા બંધ પડેલા બોરને રિચાર્જ કરવાનો ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. આ યોજના મુજબ રાજ્ય સરકાર આશરે ૧૦,૦૦૦ જેટલા બંધ ખાનગી ટ્યુબવેલ/બોર રીચાર્જ કરવાનું લક્ષ્યાંક ધરાવે છે. આ બંધ ટ્યુબવેલ/બોર રીચાર્જ માટે ૯૦:૧૦ના ધોરણે એટલે કે ૯૦ ટકા ફાળો-ખર્ચ રાજ્ય સરકાર આપશે જયારે ૧૦ ટકા ફાળો લોક ભાગીદારીથી આપવાનો રહેશે. જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશ પટેલે કહ્યું હતું કે, રાજ્યમાં આવેલી કુલ ૧૮૫ નદીઓ પૈકી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવેલી નદીઓ મોટાભાગે ચોમાસા દરમિયાન જ વહેતી જોવા મળે છે. જેથી આ વિસ્તારમાં ભૂગર્ભ જળ પર આધારિત સિંચાઈ થાય છે. રાજ્યમાં ઉપલબ્ધ કુલ જળ પૈકી આશરે ૩૯ % ભૂગર્ભ જળ છે જેનાથી ૫૭% જેટલા વિસ્તારમાં સિચાઈ થાય છે. કુલ ભૂગર્ભ જળ પૈકી ૮૦% ઉપયોગ સિંચાઈ માટે કરવામાં આવે છે. સિંચાઈ સહિત વિવિધ ઉપયોગ માટે ભૂગર્ભ જળનું ખેંચાણ રીચાર્જ કરતા વધુ હોવાને ભૂગર્ભ જળનો આવરો પણ ઘટી રહ્યો છે. આ કારણે ટ્યુબવેલની ક્ષમતા ઘટે છે અને ટ્યુબવેલમાંથી પાણી ખેંચવા માટે વીજ વપરાશ-ખેડૂતોનો નાણાકીય ખર્ચ પણ વધે છે. જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે વરસાદનું પાણી ઉપરના જલભરમાં સંગ્રહ કરી શકાય છે. જમીનમાં અમુક ઊંડાઈ પછી ચીકણી માટીનું પડ આવે છે જેથી વરસાદનું પાણી સહેલાઈથી તેની નીચે ઉતરી શકતું નથી. જો આ ઉંડાઈના જલભરમાં વરસાદી પાણી ઉતારવું હોય તો ઠેર ઠેર રિચાર્જ ટ્યુબવેલ બનાવવા પડે. પરંતુ હાલમાં નવા ટ્યુબવેલ બનાવવા ખૂબ જ ખર્ચાળ બની જાય છે. જેના બદલે સિંચાઈના હેતુ માટે ખેડૂતો મારફતે વ્યાપક પ્રમાણમાં બનાવવામાં આવેલા બોર કે જે સમય જતા પાણી સુકાઈ જવાના કારણે બોર બંધ અને બીન ઉપયોગી થયા છે.

## સ્થાનિક અને માતૃભાષા વિના ઉચ્ચ શિક્ષણના સ્તરને મજબૂતી આપવી સંભવ નહીં

હાલનાં કેટલાંક વર્ષોમાં બેરોજગારી એક મોટો મુદ્દો બન્યો છે. તેને ધ્યાનમાં રાખતાં કેન્દ્ર સરકારે દેશની ટોચની ૫૦૦ કંપનીઓમાં એક કરોડ યુવાઓ માટે વિશેષ ઈન્ટર્નશિપ યોજના શરૂ કરવા જઈ રહી છે. આ ઈન્ટર્નશિપ યોજનામાં અભ્યર્થીને દર મહિને પાંચ હજાર રૂપિયાનું ભથ્થું મળવાની સાથે સાથે કારોબારના વાસ્તવિક માહોલને જાણવા અને અલગ-અલગ વ્યવસાયના પડકારોનો સામનો કરવાનો અવસર મળશે. એનાથી દેશમાં રોજગાર અને કૌશલ વિકાસ ક્ષેત્રને એક મોટું પ્રોત્સાહન મળશે. તે ઉપરાંત, કેન્દ્રીય યુનિવર્સિટીઓ માટે અનુદાનમાં ચાર હજાર કરોડ રૂપિયાથી વધારેની વૃદ્ધિ કરીને નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૧૫,૯૨૮ કરોડ રૂપિયા ફાળવવા સ્વાગતયોગ્ય પગલું છે. યુજીસીના બજેટમાં સરકારે નવ ટકાનો વધારો કર્યો છે. ગયા નાણાંકીય વર્ષના ૧૭,૪૭૩ કરોડ રૂપિયાની તુલનામાં વધીને તે ૧૯,૦૨૪ કરોડ રૂપિયા થઈ ગયું છે. યુજીસી નવી શિક્ષણ નીતિ અંતર્ગત દેશમાં ઉચ્ચ શિક્ષા અભ્યાસક્રમોમાં પ્રાદેશિક ભાષાઓને ઉત્તેજન આપવા માટે કેટલાંય પગલાં ઉઠાવી રહ્યું છે. હાલમાં જ શરૂ થયેલ અસ્મિતા પરિયોજના ક્ષેત્રીય ભાષાઓમાં શિક્ષણને ઉ્તતેનજ આપવા માટે એક મુખ્ય પહેલ છે. આશા છેકે આ પહેલથી ઉચ્ચ શિક્ષણમાં વિભિન્ન વિષયોમાં ભારતીય ભાષાઓમાં અનુવાદ અને મૌલિક પુસ્તક લેખન માટે એક મજબૂત માહોલ બનાવવા તથા ભારતની ભાષા પરંપરાઓને સંરિક્ષત અને તેને ઉત્તેજન આપવામાં મદદ મળશે. સાથે જ આ પહેલ ૨૨ અનુસૂચિત ભાષાઓમાં શૈક્ષણિક સંસાધનોનો એક વ્યાપક પૂલ બનાવવા, ભાષાકીય વિભાજનને ખાળવા, સામાજિક સામંજસ્ય અને એકતાને ઉત્તેજન આપવા તથા આપણા યુવાઓને સામાજિક રૂપે જવાબદાર વૈશ્વિક નાગરિકોમાં બદલવામાં પણ મદદ કરશે. વર્તમાન પરિપ્રે-યમાં જોઈએ તો તથ્ય એ છે કે સ્થાનિક અને માતૃભાષા વિના ઉચ્ચ શિક્ષણના સ્તરને મજબૂતી આપવી સંભવ નહીં હોય. આ જ કારણ છેકે યુજીસીએ યુનિવર્સિટીઓ સહિત દેશની તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સ્થાનિક અથવા માતૃભાષામાં અભ્યાસક્રમ શરૂ કરવાના નિર્દેશ આપ્યા છે. તે ઉપરાંત, અખિલ ભારતીય ટેકનિકલ શિક્ષણ પરિષદ એટલે કે એસઆઈટીસીએ પણ એન્જિનિયરિંગનું ભણતર અંગ્રેજીની સાથે સાથે હિંદી સહિત આઠ ભારતીય ભાષાઓમાં પણ કરાવવાની પહેલ કરી છે. આપણા દેશમાં ઉચ્ચ અધ્યયન મુખ્યત્વે વિદેશી ભાષામાં થતું રહ્યું છે, જ્યારે ભારતીય ભાષાઓને આ ક્ષેત્રમાં એટલું મહત્ત્વ ક્યારેય નથી મળ્યું. જોકે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦એ પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષા સ્તરો પર શિક્ષણ માટે ક્ષેત્રીય ભાષાઓના ઉપયોગ પર ભાર મૂક્યો છે. વિભિન્ન અધ્યયનોથી સતત પુષ્ટિ થઈ છે કે બાળકોને પોતાની માતૃભાષામાં શિક્ષણ પ્રદાન કરવાથી તેમનો બૌદ્ધિક વિકાસ તો થાય જ છે, સાથે જ તેમના વિચાર કરવા અને ચિંતન કરવાની ક્ષમતામાં વધારો થાય છે. જે છાત્ર પોતાની માતૃભાષા કે ઘરમાં પ્રચલિત ભાષામાં શિક્ષણ પ્રાપ્ત કરે છે, તે સ્કૂલમાં એ છાત્રોની તુલનામાં બહેતર પ્રદર્શન કરે છે જેમને વિદેશી કે અપરિચિત ભાષામાં શિક્ષણ પ્રદાન કરવામાં આવે છે. એવું એટલા માટે, કારણ કે તે પાઠ્યક્રમ સામગ્રી સુધી વધુ આસાની અને આત્મવિશ્વાસથી પહોંચી શકે છે અને પોતાના કૌશલ અને જ્ઞાનને અન્ય ભાષાઓમાં સ્થાનાંતરિત કરી શકે છે. શોધ આધારિત પુરાવા દર્શાવે છે કે બાળકોનું પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં થવું જોઈએ. તેનાથી તેમની શીખવાની ક્ષમતા કેટલાય ગણી વધી જાય છે. જ્યારે આપણે માતૃભાષામાં ચીજો શીખીએ છીએ તો તે આપણા માટે પ્રાથમિક હોય છે, કારણ કે તેના માટે આપણા મસ્તિષ્કે અનુવાદની પ્રક્રિયામાંથી પસાર નથી થવું પડતું. તેનાથી વિપરીત જ્યારે આપણે માતૃભાષા સિવાય પોતાની બીજી કે ત્રીજી ભાષામાં વિચારોને ગ્રહણ કરીએ છીએ, તો પહેલાં તેને પોતાની માતૃભાષામાં બદલીએ છીએ, પછી તેને ગ્રહણ કરીએ છીએ.

**શ્રાવણના તહેવારોને લઈને સર્વ વર્ગના લોકોમાં કંઈક કેટલીય ઈચ્છા હોય, પણ દરેકની ઈચ્છા પૂરી થતી નથી**

# ઈશ્વરે માથાનાં જેટલાં વાળ નથી બનાવ્યા, એનાથી પણ વધારે ઈચ્છાઓ માનવી પોતામાં રોજ જન્માવે છે



**સદ્ગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આમ જુઓ તો મનુષ્યનો એમાં કોઈ વાંક નથી, પણ સંયમ નિયમ આ ઈચ્છાપૂર્તિ અથવા તો જરૂરિયાત ઘટાડવાનું કાર્ય કરે છે, પ્રકૃતિને બહારથી સંતુલન કરવા માટે પર્યાવરણ શુદ્ધ હોવું જરૂરી છે, તેમ આંતરિક પ્રકૃતિ એટલે કે સ્વભાવને બેલેન્સ કરવા માટે જરૂરિયાતોનું સીમિત હોવું અથવા, તેની પર સંયમન હોવું તે બહુ જ જરૂરી છે. એકધારા પ્રવાહમાં લેખની ચાલે રાખતી હતી.**

સાંપ્રત સમયમાં સમાજમાં રોજ કોઈ ને કોઈ એવાં કિસ્સા સાંભળવા મળે છે, કે આપણને એમ થાય કે કેટલું નાનું અમથું કારણ હતું! ઘણીવાર તો નાનપણમાં કોઈ નાની અમથી વસ્તુની ઈચ્છા કરી હોય, અને જો એ પૂરી ન થઈ હોય તો આગળ જતાં એ બહુ મોટો ક્રિમીનલ પણ બની શકે છે. ઈચ્છા માટે મનની ચંચળતા જવાબદાર છે, અને એવું બિલકુલ નથી કે પહોંચતાં પામતાં લોકોને કોઈ ઈચ્છા નથી હોતી! અને દરેકને વસ્તુની માંગની ઈચ્છા હોય એવું પણ જરૂરી નથી! આજકાલ તો વિકૃતિ માનસમાં એટલી હદે પ્રવેશી ગઈ છે, કે અન્ય કેમ પરેશાન રહે એવી પણ લોકોની ઈચ્છા હોય છે, કારણકે આપણે એકવીસમી સદીમાં પ્રવેશી ચૂક્યા છીએ, અને સંવેદના હીન વિજ્ઞાન વિકાસ ની સાથે સાથે વિકાર પણ પીરસે છે. એને કારણે આપણા મૂળ સનાતની ધર્મ કે જેમાં વસુધૈવ કુટુંબકમની ભાવના મુખ્ય હતી એ વિસરાતી જાય છે. વસુધૈવ કુટુંબની ભાવના વધારવા એક નાનકડો પ્રયોગ કરી શકાય, આપણી ઈચ્છા પૂર્તિ થાય કે આપણે કરી શકીએ એમ હોઈએ તો આપણી દસ ઈચ્છા પૂરી થાય ત્યારે કોઈ અન્યની કે જેની સાથે આપણો કોઈ નિત્યનો આપસી સંબંધ ન્હોય તેની એક ઈચ્છા પૂરી કરવી. બસ આ જ વાત એક નાનકડાં ઉદાહરણ પરથી સમજી એ. નિરંજના બેન દેસાઈ એક બહુ મોટા તત્વચિંતક હતા, અને છાપાંની આધ્યાત્મિક પૂર્તિ માટે તેને એક લેખ લખવાનો હતો. શ્રાવણના તહેવારોના દિવસો નજીક આવતા હતાં, અને પોતાના ઘરમાં તહેવાર ને અનુલક્ષીને રોજ ઘણી વસ્તુઓ આવતી હતી. તહેવારને લઈને સર્વ વર્ગના લોકોમાં કંઈક કેટલીય ઈચ્છા હોય, પણ દરેકની ઈચ્છા પૂરી થતી નથી. પોતાને પણ પોતાના શરુઆતના દિવસો યાદ આવી ગયાં. એણે લેખની શરૂઆત કરી કે આ મહિનો માત્ર ઉજવણીનો નથી, એમાં વ્રત પણ આવે છે, એટલે તપ નું પણ મહત્વ છે! અને તપ પાછળ કંઈક ત્યાગવું એ પણ જરૂરી છે, માટે સૌ કંઈક ત્યાગીને તહેવારની ઉજવણી કરે, તો એ સૌથી વધુ ફળદાયી નીવડે. પોતે જાણતા હતાં કે દરેક વર્ગનાં લોકોના મનમાં રોજ જરૂરિયાત હોય કે ન હોય ઈચ્છાઓ જન્મે રાખે, અને આમ જુઓ તો આ ઈચ્છા જ આસક્તિનું રૂપ છે, અને આસક્તિ પૂરી ન થાય એટલે કે અપેક્ષા મુજબનું જીવન ન મળે, એમાંથી જ ક્લેશ વધે છે. આગ્રહ નીગ્રહના આ યુદ્ધમાં જીવ સતત પીસાય છે. મોટાભાગના ઘરોમાં ઈચ્છા પૂર્તિ ન થતા જ ક્લેશ ઉદ્ભવતા હોય છે. કોઈને વસ્તુની ઈચ્છા હોય છે, તો કોઈને અહમ પોસાય તે માટે થઈને પોતાના આગ્રહો પુરા કરવાની ઈચ્છા. બસ આ



જીવન ઘટમાળ આમ જ ચાલે રાખે છે, અને અત્યારની જનરેશનને તો જાણે ધાણી ફૂટતી હોય તે રીતે ઈચ્છાઓ જન્મતી હોય છે. ઘણી વાર તો એવું લાગે કે, ઈશ્વરે માથાના વાળ જેટલા નથી બનાવ્યા, એટલી ઈચ્છાઓ તે જન્માવે છે. આમ જુઓ તો મનુષ્યનો એમાં કોઈ વાંક નથી, પણ સંયમ નિયમ આ ઈચ્છાપૂર્તિ અથવા તો જરૂરિયાત ઘટાડવાનું કાર્ય કરે છે. પ્રકૃતિને બહારથી સંતુલન કરવા માટે પર્યાવરણ શુદ્ધ હોવું જરૂરી છે, તેમ આંતરિક પ્રકૃતિ એટલે કે સ્વભાવને બેલેન્સ કરવા માટે જરૂરિયાતોનું સીમિત હોવું અથવા, તેની પર સંયમન હોવું તે બહુ જ જરૂરી છે. એકધારા પ્રવાહમાં લેખની ચાલે રાખતી હતી, ઘણા જ વખતે તેને સરસ વિષય પર લખવા મળ્યું હતું.પોતે એકદમ સાદગીમાં માનનારા અને ઓછામાં ઓછી જરૂરિયાતથી જીવન ચલાવનારા હતા, પણ તેમના જ સંતાનોને આ બોધ કઈ રીતે સમજાવવો તે હજી નક્કી કરી શકતા ન હતા. તે લખવામાં મશગુલ હતા, ત્યારે તેમની નાની દીકરી જાન્હવીનો અવાજ આવ્યો, ''મા'' બહાર જાવ છું, હજી તો કંઈ વિચારે ત્યાં જ પાછી આવી, અને બોલી આજે મારું એક પાર્સલ આવવાનું છે, પંદરસો રૂપિયા થશે, બસ આટલું કહીને તે જતી રહી, પોતે બોલતા રહ્યાં, બેટા હજી ગઈ કાલે તો એક પાર્સલ આવ્યું હતું, બે હજાર રૂપિયાનું! થોડો કંટ્રોલ કર, થોડીક ઈચ્છા ઉપર સયંમન કર,પણ સાંભળવા વાળું કોણ હતું? વળી પાછું લખવામાં મન પરોવ્યું, અને ત્યાં જ ઘરે કામ કરનારી સવિતા આવી. તેની સાથે તેની ૧૦ થી ૧૨ વર્ષની દીકરી રેણું પણ હતી. અને તેને કામકાજ સમજાવી, પોતે આગળ લખવાનું શરૂ કર્યું, ત્યાં જ કોઈ ને મારવાનો અને પેલી બાળકીનો રડવાનો અવાજ આવ્યો!! પોતે ત્યાંથી જ સાદ પાડ્યો સવિતા શું થયું કેમ મારી રેણું ને? સવિતા એ કહ્યું શું કરું? સવારથી શરૂ કર્યું છે કે શિક્ષક એ થોડી બાળ વાર્તાની ચોપડી વાંચવા માટે ખરીદવાનું કહ્યું છે,પણ હું કંઈ રીતે તેની ઈચ્છા પૂરી કરું?? તો તહેવારના દિવસો આવે છે ઘરમાં સીધુ સામાન લેવાનો છે. ઉપરાંત મહેમાનો પણ ગામડેથી આવશે એટલે, થોડી ઘણી બીજી વસ્તુઓ પણ લેવી પડશે. આ બધામાં ચોપડીઓ!! તમે જ કહો આવી ઈચ્છાઓ કરે આપણે શું કરવું?? અને પોતાને તરત જ જાન્હવી યાદ આવી ગઈ. લખવાનુ છોડી ઉભા થઈ પર્સ માંથી પાંચસો રૂપિયા કાઢીને તેણે સવિતાને આપીને કહ્યુ, તેને જે લેવું હોય તે લઈ આપજે. નિરંજનાબેન એક લેખ લખવાના ૫૦૦ રૂપિયા મળતા હતાં, પણ આજે તેને ઈચ્છા પર લખવા કરતાં પણ વધુ આનંદ ૫૦૦ રૂપિયા આપવાથી થયો, કે કોઈની જરૂરી ઈચ્છાપૂર્તિ પોતાનાથી થઈ! બાકી શબ્દો તો રોજ કેટલાંય કાગળ ઉપર લખાય છે, પણ અનુસરણ એટલું ક્યાં થતું હોય છે, અને આજ રેણુની ઈચ્છા પૂરી થઈ. રાત પડી એટલે બધા જમવા ભેગા થયા અને નિરંજનાબેન એ સવિતાની દિકરી રેણુની ઈચ્છાની વાત કરી, અને બધા સામે જોયું. પાર્થિવ એ કહ્યું, 'મા' થોડાં દિવસ પહેલા મારી સાથે પણ સેઈમ આવી જ વાત આવી હતી. કનુ કાકાના દિકરાને એડમિશન માટે ફી ભરવાની હતી, અને બરોબર એ જ સમયે મેં હેડફોન ઓર્ડર કર્યો હતો, મને થયું હેડફોન પછી લેવાશે, અને મેં એને પગારમાંથી ફી નાં રુપિયા આપી દીધાં. જાન્હવીએ કહ્યું 'મા' હું પણ તમને એકવાત કહેવી ભૂલી ગઈ, એ દિવસે મારા ફ્રેન્ડ સાથે પિત્ઝા પાર્ટી કરવા તમારી પાસેથી રુપિયા લઈને ગઈ, અને રેસ્ટોરન્ટ પાસે જ એક થોડા ઘરડા બા એક ખૂણામાં બેઠાં હતાં, અને ભીખ માંગતા સંકોચ થતો હતો, એવું લાગ્યું. ખબર નહીં પણ મારાથી રહેવાયું નહિ, એટલે મેં પૂછ્યું જમવું છે! એણે કહ્યું બે દિવસથી ખાધું નથી, ત્યાં તો બીજા બે ફ્રેન્ડ પણ આવ્યાં અને અમે એને તાત્કાલિક કંઈક જમવા જેવું લઈ આપ્યું, અને પંદર દિવસ ચાલે એટલું સીધુ પણ લઈ દીધું, અને પીત્ઝાની બદલે પાણીપૂરી ખાઈ લીધી. એમણે પોતાના પતિ નિપુણ સામે જોયું, એણે કહ્યું કે મને ખબર છે, કે તમે સૌ મારા ભાગનું આ રીતે પરોપકાર કરી જ લ્યો છો! એટલે.... અને બધા હસી પડ્યાં. કારણ કે સૌ જાણતા હતા કે એ તો સરહદોને સુરક્ષિત રાખતાં સૈનિકોનાં પરિવારને મદદ કરતી સંસ્થા ચલાવતા હતાં. મિત્રો માનવીય મનમાં અજબ ગજબના કેટલાંય વિચારો અને એને લઈને ઈચ્છાઓ જન્મ લેતી હોય છે, જરૂરી નથી કે દરેકની દરેક ઈચ્છા પૂરી થાય! આપણી જેમ બીજાને પણ ઈચ્છા થાય અને કદાચ એ એની પ્રાથમિક જરૂરિયાત પણ હોય શકે છે, એવું વિચારીને ક્યારેક કોઈની ઈચ્છા પૂર્તિ નું કારણ બની શકીએ તો અહમ ન કરવો પણ એ આપણું અહોભાગ્ય છે એમ માનવું.

**ભગવાનની કૃપાનું અવતરણ થાય છે અને એ કૃપા દ્વારા ગમે તેવું કુમાર્ગે ગયેલું જીવન પ્રભુના માર્ગે વળી શકે છે**

# કોઈ વ્યક્તિમાં ભગવાનને મળવા માટે ફક્ત ઈચ્છા જ નહીં પરંતુ તીવ્રતમ વ્યાકુળતા હોવી જરૂરી છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**બહારનું વાતાવરણ ગમે તેટલું ભક્તિપ્રેરક હોય, સંતો અને મહાત્માઓ માર્ગદર્શન આપવા પણ તૈયાર હોય, પણ જો વ્યક્તિની પોતાની સાચી આંતરિક ઇચ્છા ન હોય, અને તે ખાલી દેખાવ પૂરતી ભગવાનની પૂજા-આરાધના કરતો હોય, તો કંઈ ભગવાનનો રસ્તો ખૂલતો નથી, ભગવાનને મળવા માટે ફક્ત ઇચ્છા જ નહીં પણ તીવ્રતમ વ્યાકુળતા હોવી જરૂરી છે.**

જો કોઈ વ્યક્તિને તેના ગંભીર ગુનામાં સુપ્રીમ કોર્ટે ફાંસીની સજા આપી દીધા પછી રાષ્ટ્રપતિને દયા ની અરજી કરી શકાય છે. અને જો રાષ્ટ્રપતિને યોગ્ય લાગે તો કૃપા કરી એને માફી બક્ષી જીવતદાન પણ આપી શકે છે. પ્રભુ પણ કંઈ કઠોર દંડનાયક નથી. એ પ્રેમાળ પિતા છે. વત્સલમાતા છે. સહૃદય ભ્રાતા છે. સ્નેહમય સખા પણ છે. એમના કર્મના કાયદાની ઉપર છે, એમનો કૃપાનો કાયદો,કે જે કાયદા ને કોઈ જ નીતિનિયમ લાગુ પડતા નથી.જે કાયદાને કોઈપણ ભેદ ભાવ નથી. જેઓ એ કાયદાના લાભને પાત્ર બને તેઓ કર્મના કાયદામાંથી મુક્તિ પણ મેળવી શકે અથવા તેની સજા હળવી પણ થઈ શકે. એવી જ રીતે પ્રભુને પણ દયાની અરજી કરવી પડે છે.અને તે તીવ્ર ભાવે કરવી પડે છે. ભૂતકાળની કરેલી ભૂલોના એક રાર અને તીવ્ર પશ્ચાતાપના આંસુ ઓથી અને નવા સુંદર જીવનની બાંહેધારી આપીએ અરજી કરવી પડે છે.સાચા દિલથી પ્રભુને આજીજી કરવી પડે છે. જ્યાં સુધી તેઓ સાંભળે નહીં ત્યાં સુધી સતત નિવેદન કરવું પડે છે.તે દ્વારા ભગવાનની કૃપાનું અવતરણ થાય છે અને એ કૃપા દ્વારા ગમે તેવું કુમાર્ગે ગયેલું જીવન પ્રભુના માર્ગે વળી શકે છે. ભગવાનની કૃપાનો કાયદો પાપીને સંત બનાવી શકે છે. ડાકુ અને લુંટારાને મહાત્મા બનાવી શકે છે. આથી કુમાર્ગે ગયેલું જીવન સદા કાળ કુમાર્ગે જ ચાલતું રહેશે, એવું નથી. જે ક્ષણે મનુષ્યને એવા હીન જીવન પ્રત્યે તિરસ્કાર જાગે અને તે એવા જીવનમાંથી મુક્ત થવા આતુરપણે પ્રભુને પોકાર કરે, એ જ ક્ષણે પ્રભુ એના માટે નવ જીવનનાં દ્વાર ખોલી આપે છે.પછી તીવ્રતમ આંતરિક ઈચ્છાથી જેમ જેમ તેનો પોકાર ઉત્કટ બને છે તેમ તેમ કૃપા ધારા વધુ ને વધુ વહે છે, અને એ વહેતી કૃપાધારામાં તેના ભૂતકાળ ના કુકર્મોનાં ફળ ધોવાતાં જાય છે. તેની આંતરિક શુદ્ધિ થવા લાગે છે. તેથી તેની વિવેકબુદ્ધિ જાગૃત થાય છે. સત્ય



જીવનની ઝંખના વધુ ને વધુ તીવ્ર બનવા લાગે છે. તેમ તેમ તે પ્રભુના માર્ગ વધુ ને વધુ આગળ વધે છે. પણ તેના પાયામાં રહેલી છે, આંતરિક ઈચ્છા. જો વ્યક્તિની પોતાની આંતરિક ઈચ્છા ન હોય અને તે પ્રભુને ઉત્કટપણે પોકારે નહીં તો પ્રભુ એમ ને એમ બોલાવ્યા વગર આવતા નથી. બહારનું વાતાવરણ ગમે તેટલું ભક્તિપ્રેરક હોય, સંતો અને મહાત્માઓ માર્ગદર્શન આપવા પણ તૈયાર હોય, પણ જો વ્યક્તિની પોતાની સાચી આંતરિક ઈચ્છા ન હોય, અને તે ખાલી દેખાવ પૂરતી ભગવાનની પૂજા- આરાધના કરતો હોય, તો કંઈ ભગવાનનો રસ્તો ખૂલતો નથી. ભગવાનને મળવા માટે ફક્ત ઈચ્છા જ નહીં પણ તીવ્રતમ વ્યાકુળતા હોવી જરૂરી છે. એવી વ્યાકુળતા કે એના વગર રહી જ ન શકાય.શ્રીરામકૃષ્ણદેવ આ માટે નું ઉદાહરણ આપતા કહે છે કે બાળક રડે છે,ત્યારે મા એને રમકડાં આપે છે. તે તેનાથી રમવા લાગે છે.ફરી રડે છે તો મા તેને મિઠાઈને ચોકલેટ આપે છે. તેનાથી તે છાનુ રહી જાય છે. એટલે મા તેને એકલું રમવા દઈને કામે વળગી જાય છે. પણ પછી બાળક એવું રડે છે કે તે રમકડાં કે ચોકલેટ કશાયથી છાનુ રહેતું નથી. બસ તેને તો મા જ જોઈએ છે. જ્યાં સુધી મા તેને તેડતી નથી ત્યાં સુધી તે રયા જ કરે છે. ત્યારે મા તેને તેડીને વહાલ કરવા લાગે છે. ભગવાન પણ મનુષ્યની જ્યાં સુધી એના માટેની આવી વ્યાકુળતા થતી નથી, ત્યાં સુધી રમકડાં - ચોકલેટ પીપરમીટ વગેરે આપીને મનુષ્યને ભૂલાવામાં નાંખી દે છે, તેઓ પોતે આવતા નથી. પણ જ્યારે મનુષ્ય આ બધાં રમકડાં-સિદ્ધિઓ-વૈભવ બધું ફેંકીને બસ ભગવાનને માટે તીવ્ર પણે રૂદન કરવા લાગે છે, ત્યારે તેઓ આવે છે. પણ પછી જ્યાં સુધી ભગવાન ન મળે ત્યાં સુધી આ પોકાર,આ વ્યાકુળતા સતત રહેવી જોઈએ. શ્રી અરવિન્દ આવી ઉત્કટ ઈચ્છાને અભીપ્સા કહે છે. તેમના 'મા' પુસ્તકમાં તેઓ કહે છે કે ભગવાનના સાક્ષાત્કાર માટે બે વસ્તુ જરૂરી છે : એક તો માનવના અંતરમાંથી ઊઠતી અભીપ્સા અને બીજી છે, અભીપ્સના પ્રત્યુત્તરમાં ઊતરી આવતી ભગવાનની કરુણા આ બેનો સંયોગ સાક્ષાત્કારના માર્ગને એકદમ સરળ બનાવી દે છે. પરંતુ આ અભીપ્સા સતત, એકધારી, સ્થિર અને પ્રભુ પ્રત્યે ઊંચે ને ઊંચે જતી હોવી જોઈએ. જ્યાં સુધી આ અભીપ્સાનો પ્રત્યુત્તર કૃપા રૂપે ન મળે, ત્યાં સુધી પોકાર કરતા રહેવાથી, પ્રભુની કૃપા અવશ્ય મળે છે. એ કૃપાથી પ્રભુનો માર્ગ ખુલ્લો જ નહીં.પણ સ્પષ્ટ બને છે.એક વાર્તા જોઈએ.એક શેઠે મોટો ભોજન સમારંભ યોજ્યો હતો અને ઘણાં આમંત્રણ આપ્યાં હતાં.ભોજનનાસમયે તેણે પોતાના નોકર મારફતે કહેવરાવ્યુંકે 'પધારો ભોજન તૈયાર છે. પણ એક પછી એક બધા જ બહાનાં કાઢવા લાગ્યા. પહેલાએ કહ્યું,' મેં એક ફ્લેટ ખરીધ્યો છે અને મારે તે જોવા જવું પડે તેમ છે, એટલે મને માફ કરજો. બીજાએ કહ્યું,'મેં એક ગાડી ખરીદી છેતેની કંડીશન જોવા જાઉં છું, એટલે મને માફ કરજો. વળી, બીજા એકે કહ્યું, 'હમણાં જ મારાં લગ્ન થયાં છે એટલે આવી શકું તેમ નથી. ''નોકરે પાછા આવી બધી વાત શેઠ ને કહી. ત્યારે તેમને ગુસ્સો ચડયો અને તેણે નોકરને કહ્યું,'એક દમ શહેરના રાજમાર્ગોમાં અને ગલી ઓમાં જઈને ગરીબોને, લૂલાં લંગડાંઓને અને આંધળાઓને અહીં લઈ આવ.નોકરે કહ્યું, સાહેબ, તમારી આજ્ઞા પ્રમાણે કર્યું છે, છતાં હજી જગ્યા ખાલી રહે છે.ત્યારે શેઠે નોકરને કહ્યું, રસ્તા ઓ અને નેળિયામાં જઈને લોકોને ખેંચી લાવ કે જેથી મારું ઘર ભરાઈ જાય. હું તમને કહું છું કે, મેં જે મને આમંત્રણ આપેલાં છે તેમાંનો એક પણ મારું ભોજન ચાખવા પામવાનો નથી'' આમાં માલિક પોતાના નોકરોને જે હુકમ આપે છે તે આપણને વિચિત્રને માન્યામાં ન આવે તેવો લાગે છે. માલિક પોતાના નોકરોને શેરીઓ માં ભટકતાં નાગાંપૂગાંને ગરીબ-ગરબાંનેમિજબાનીમાં તેડી લાવવા જણાવે છે.ઈશ્વર આપણી સાથે આવો જ વ્યવહાર કરે છે.એ તમારા ધ્યાનમાં આવ્યું કે ?હું તો ઈશ્વરના ઉંબરે પગ મૂકવા પણ લાયક નથી. પણ ઈશ્વરની રહેમનો પાર નથી.એ મને કાદવમાં આળો ટતા મેલાઘેલા મને પોતાની મિજ બાનીમાં તેડી જાય છેને મારી સર ભરા કરે છે. મેં તો પાપો કરીને ઈશ્વર જોડે દુશ્મનાવટ બાંધી હતી હુંતો લૂલાં-લંગડાંને આંધળા કરતાં ય લાચાર બની ગયો હતો.મારાં પાપે મને શબવતૂ બનાવી દીધો હતો. ઈશ્વરના પ્રેમ પૂરતો તો હું મર્યો-પરવાર્યો હતો. આવા શબ સમાન બનેલા માણસ ને માટે કશી આશા ક્યાંથી? ઈશ્વર જ એને બેઠો કરે તો એ બેઠો થાય ઈશ્વર ની દયા હોય તો જ એ નવેસર થી જિંદગી જીવતો થાય. ધર્મશાસ્ત્ર આ જ વાત આપણને કહે છે : વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે જુલાઈ માસનો અંતિમ દિવસ છે.હવે કાળઝાળ ગરમીથી રાહત મળે તેવા વરસાદી વાવડ છે. અષાઢ માસ ઉતરતા મેઘરાજાએ મહેર કરી છે ત્યારે તેમની પૂજા અર્ચના કરી આભાર વ્યક્ત કરીએ.અસ્તુ.

# પેરિસ ઓલિમ્પિક્સમાં સુપરસ્ટાર રામચરણે ખેલાડી સિંધૂને રીઅલ રોકસ્ટાર ગણાવી

## પેરિસ ઓલિમ્પિક્સમાં ૧૧૭ ભારતીય એથ્લીટ ૧૬ પ્રકારના સ્પોર્ટ્સમાં ભાગ લઈ રહ્યા છે

પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિક્સનો ૨૬ જુલાઈથી પ્રારંભ થયો છે. તેમાં ૧૧૭ ભારતીય એથ્લીટ ૧૬ પ્રકારના સ્પોર્ટ્સમાં ભાગ લઈ રહ્યા છે. ઓલિમ્પિક ઈવેન્ટ માટે દુનિયાભરમાં એક્સાઈટમેન્ટ છે ત્યારે રામચરણ અને તેમની પત્ની ઉપાસના બેડમિન્ટન પ્લેયર પી.વી. સિંધૂને મળ્યા હતા. રામચર-ઉપાસનાએ સિંધૂ સાથેનો ફોટોગ્રાફ્સ શેર કર્યો હતો અને સિંધૂને રીયલ રોકસ્ટાર ગણાવી હતી. રામચરણ અને ઉપાસનાએ કેપ્શનમાં જણાવ્યુ હતું કે, જીત કી ઔર. ઓલ ધ બેસ્ટ ટીમ ઈન્ડિયા. પી વી સિંધૂ તમે ટ્રુ રોકસ્ટાર છો. પેરિસમાં આવીને ઉત્સાહ વધારવા બદલ સિંધૂએ રામચરણનો આભાર માન્યો હતો. ઓલિમ્પિકમાં ભાગ લઈ લઈ રહેલી ભારતીય ટીમમાં કેટલાક નવા ખેલાડીઓ પણ છે. જાણીતા ખેલાડીઓમાં બરછી ફેંકમાં નીરજ ચોપરા, મુંબઈની વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુ અને બેડમિન્ટન પ્લેયર પી વી સિંધૂનો સમાવેશ થાય છે. ૨૦૨૦ ટોકયો ઓલિમ્પિક્સમાં ભારતીય ખેલાડીઓએ સાત મેડલ મેળવ્યા હતા. આ વખતે વધુ બહેતર પ્રદર્શન માટે દેશના કરોડો ચાહકો મીટ માંડીને બેઠાં છે. પરિવાર સાથે પેરિસમાં ફરી રહેલા મેગા સ્ટાર ચિરંજીવીનો ફોટોગ્રાફ બે દિવસ પહેલાં વાઈરલ થયો હતો. તેમાં રામચરણ-ઉપાસના અને તેમનાં પત્ની સુરેખા પણ હતા. ચિરંજીવી અને પરિવારે ઓલિમ્પિકના ઉદઘાટન સમારંભમાં ભાગ લીધો હતો. સોહા અલી ખાન અને કુણાલ ખેમુ ઓલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓનો ઉત્સાહ વધારવાની સાથે સગાઈના ૧૦ વર્ષની ઉજવણી માટે પેરિસ પહોંચ્યાં છે. ૨૦૧૫માં તેમના લગ્ન થયા હતા અને ૧૦ વર્ષ અગાઉ પેરિસમાં સગાઈ થઈ હતી. પેરિસમાં જૂની યાદો તાજા કરતાં ફોટોગ્રાફ્સ તેમણે સોશિયલ મીડિયા પર શેર કર્યા હતા. દીપિકા પાદુકોણે ૮૩ ફિલ્મનું ગીત 'લહેરા દો' શેર કરીને ભારતીય ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. અજય દેવગને પોસ્ટમાં, ઓલિમ્પિકમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓને ભારતીયો માટે ગૌરવ સમાન ગણાવ્યા હતા.






### નીતા અંબાણીનો ભાંગડા સેલિબ્રેશનનો વીડિયો સામે આવ્યો

# ભારતની પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં પહેલો મેડલ જીતીને શાનદાર શરૂઆત

અક્ષયના કામ પ્રત્યે એ જ વલણ જે તેનો ટ્રેડમાર્ક રહ્યો છે તે હવે સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહ્યો છે. અક્ષય ઘણીવાર સોશિયલ મીડિયા પર એ વાતને લઈને ટ્રોલ થયો છે કે તે એક વર્ષમાં ૪ ફિલ્મો કરે છે. હવે અક્ષયે આનો જવાબ આપ્યો છે. બોલિવૂડ સ્ટાર અક્ષય કુમારની પાછલી ફિલ્મ 'સરફિરા' હાલમાં જ રીલિઝ થઈ હતી. યોગ્ય સમીક્ષાઓ હોવા છતાં, અક્ષયની આ ફિલ્મ પણ લોકોને થિયેટરોમાં આકર્ષવામાં નિષ્ફળ ગઈ અને ફ્લોપ થઈ. 'સરાફિરા' સાથે અક્ષયે ૩ વર્ષમાં ૯ ફ્લોપ ફિલ્મો આપી છે. અક્ષયની કારકિદીમાં આટલો લાંબો ઠંડો તબક્કો ક્યારેય નહોતો રહ્યો અને કામ પ્રત્યે જે વલણ તેનો ટ્રેડમાર્ક રહ્યું છે તે જ વલણ હવે સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહ્યું છે. અક્ષયને સોશિયલ મીડિયા પર ઘણી વખત એ વાતને લઈને ટ્રોલ કરવામાં આવે છે કે તે એક વર્ષમાં ૪ ફિલ્મો કરે છે. હવે અક્ષયે આનો જવાબ આપ્યો છે. 'સરફિરા'ના પ્રમોશનમાં વ્યસ્ત અક્ષયે ગઝલ અલગ સાથે વાતચીતમાં તેની કારકિદી વિશે વાત કરી. અક્ષયે કહ્યું કે લોકો તેને પૂછે છે કે તે એક વર્ષમાં ૪ ફિલ્મો કેમ કરે છે અને તે માત્ર એક ફિલ્મ પર કેમ ધ્યાન નથી આપતો. તેણે કહ્યું, 'તેઓ મને કહે છે કે તે વર્ષમાં ચાર ફિલ્મો કેમ કરે છે... તેણે એક ફિલ્મ કરવી જોઈએ... મને એક પિક્ચર કરવા દો, બાકીના દિવસોમાં હું શું કરીશ? મારે તમારા ઘરે આવવું જોઈએ??' અક્ષયે આગળ કહ્યું, 'ઘણા લોકો બીજાને કહે છે કે તેઓ ખૂબ કામ કરે છે... દીકરા, યાદ રાખો, નસીબદાર છે એ લોકો જેમને કામ મળે છે. અહીં કોઈ કામ નથી. રોજ કોઈ કહે છે, બેરોજગારી ચાલે છે, આ ચાલે છે, તે ચાલે છે. જેને કામ મળતું હોય, તેને કરવા દો. લોકડાઉનથી, અક્ષયની ફિલ્મો બોક્સ ઓફિસ પર તે રીતે પ્રદર્શન કરી રહી નથી જે રીતે તેઓ પહેલા કરતા હતા. 'સૂર્યવંશી' સિવાય અક્ષયની મુખ્ય ભૂમિકામાં રહેલી એક પણ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી નથી. અક્ષય કુમારની લેટેસ્ટ ફિલ્મ 'સરાફિરા' તમિલ ફિલ્મ 'સૂરરાઈ પોટ્રુ'ની રિમેક છે. તેની વાર્તા એરલાઈન સેવા એર ડેક્કનના સ્થાપક કેપ્ટન જીઆર ગોપીનાથના જીવન પર આધારિત છે. હવે અક્ષય ટૂંક સમયમાં ફિલ્મ 'ખેલ ખેલ મેં'માં જોવા મળશે. આ ફિલ્મમાં તાપસી પન્નુ, ફરદીન ખાન, વાણી કપૂર અને એમી વિર્ક પણ જોવા મળશે. 'ખેલ ખેલ મેં' ૧૫ ઓગસ્ટે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. અક્ષયની આ ફિલ્મ શ્રદ્ધા કપૂરની 'સ્ત્રી ૨' અને જ્હોન અબ્રાહમની 'વેદ' સાથે ટકરાશે.





# મલાઈકા અને અર્જુનના બ્રેકઅપની અફવાઓ વચ્ચે બંને એક જ ઈવેન્ટમાં

થોડા મહિનાઓથી અર્જુન કપૂર અને મલાઈકા અરોરા તેમના બ્રેકઅપની અફવાઓને કારણે ચર્ચામાં છે. આ દરમિયાન બંનેની મુલાકાત મુંબઈમાં એક ઈવેન્ટ દરમિયાન થઈ હતી. મલાઈકા અરોરા અને અર્જુન કપૂરના ડેટિંગના સમાચાર ખૂબ જ ચર્ચામાં હતા. હવે બ્રેકઅપની ચર્ચા જોરમાં છે. હાલમાં જ સમાચાર સામે આવ્યા હતા કે બંનેનું બ્રેકઅપ થઈ ગયું છે. જ્યારે અર્જુન કપૂરના જન્મદિવસ પર મલાઈકા ન તો તેના ઘરે પહોંચી કે ન તો તેને સોશિયલ મીડિયા પર શુભેચ્છા પાઠવી. આ પછી અર્જુન કપૂરે ઈન્સ્ટાગ્રામ પર કેટલીક ક્રિપ્ટિક પોસ્ટ પણ શેર કરી છે, જે સમાચારોમાં છે.આ અહેવાલો વચ્ચે, તે બંને ઈન્ડિયા કોચર વીક ૨૦૨૪માં ડિઝાઈનર કુણાલ રાવલના ફેશન શોમાં જોવા મળ્યા હતા. પરંતુ બંને એકબીજાને ઈગ્નોર કરતા હોય તેમ જોવા મળ્યા હતા. પાપારાઝીએ શેર કરેલા વીડિયોમાં અર્જુન કપૂર બ્લેક શેરવાનીમાં જોવા મળ્યો હતો. જ્યારે મલાઈકા સફેદ આઉટફિટમાં જોવા મળી હતી.પાપારાઝી Viral bhayaniએ એક વીડિયો શેર કર્યો છે, જે બાદ મલાઈકા અને અર્જુનના બ્રેકઅપના સમાચારે ફરી એકવાર જોર પકડ્યું છે. અગાઉ બંને કોઈ પણ કાર્યક્રમમાં સાથે જ પહોંચતા અને સાથે બેસતા, પરંતુ આ વખતે દ્રશ્ય અલગ હતું. બંને એકબીજા સાથે નહિ પણ થોડા અંતરે બેસતા અને ક્યારેક એકબીજાની અવગણના પણ કરતા. આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે. વીડિયો જોયા પછી લોકોએ પ્રતિક્રિયા આપી અને તેમના બ્રેકઅપની પુષ્ટિ કરી અને કહ્યું કે લાગે છે કે તેમનો સંબંધ સમાપ્ત થઈ ગયો છે. જોકે, અત્યાર સુધી આ કપલે આ બ્રેકઅપના સમાચાર પર કોઈ પ્રતિક્રિયા આપી નથી.વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે એક ફેન અર્જુન સાથે સેલ્ફી લઈ રહ્યો છે. ત્યારે મલાઈકા પાછળથી પસાર થાય છે. અર્જુન તેમને ભીડથી બચાવવાનો પ્રયાસ કરે છે. પરંતુ, મલાઈકા અભિનેતાને સંપૂર્ણપણે ઈગ્નોર કરતી અને આગળ વધતી જોવા મળી રહી છે. આ વીડિયો સામે આવ્યા બાદ હવે ચાહકોએ માનવા માંડ્યા છે કે તેમના બ્રેકઅપના સમાચાર કન્ફર્મ થઈ ગયા છે. વીડિયો જોયા બાદ ઘણા લોકો માની રહ્યા છે કે વાતચીતનો અભાવ અને તેમની વચ્ચે અંતર બ્રેકઅપના સ્પષ્ટ સંકેતો છે.





# હોલિવૂડમાં કામ કરવું છે, ભલે રોલ નાનો હોયઃ તૃપ્તિ ડીમરી



## ભારતમાં સંખ્યાબંધ ફિલ્મો હાથ પર છે ત્યારે તૃપ્તિ ડીમરીને હોલિવૂડમાં કામ કરવાની ઈચ્છા થઈ છે

તૃપ્તિ ડીમરીને 'એનિમલ'ની સફળતા બાદ દેશની ટોચની સ્ટારમાં સ્થાન મળી ગયું છે. ભારતમાં સંખ્યાબંધ ફિલ્મો હાથ પર છે ત્યારે તૃપ્તિને હોલિવૂડમાં કામ કરવાની ઈચ્છા થઈ છે. તેના લાગે છે કે, કરિયરમાં આગળ વધવા માટે હોલિવૂડ મૂવીમાં કામ કરવાનું જરૂરી છે અને નાનો રોલ મળતો હોય તો પણ હોલિવૂડની ઓફર સ્વીકારવામાં તેને કોઈ સંકોચ નથી. હોલિવૂડ સુધી પોતાની કરિયરને લંબાવવા તૃપ્તિ ડીમરી કોઈ યોગ્ય એજન્ટને શોધી રહી છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન તૃપ્તિએ જણાવ્યું હતું કે, પશ્ચિમી ફિલ્મ જગતમાં કામ કરવા માટે તે ઓડિશન આપ વાનું વિચારે છે. ક્યાંક નાનો સરખો રોલ પણ મળી જાય તો તેનાથી કરિયરને ખૂબ લાભ થશે. ખાસ કરીને હોલિવૂડમાં એક્ટર્સ જે રીતે કામ કરે છે તે તૃપ્તિને ખૂબ પસંદ છે. તૃપ્તિએ ઈચ્છા વ્યક્ત કરી તે પહેલાં પ્રિયંકા ચોપરા, દીપિકા પાદુકોણ, આલિયા ભટ્ટ સહિત સંખ્યાબંધ ભારતીય એક્ટર્સ હોલિવૂડમાં નસીબ અજમાવી ચૂક્યા છે. આ તમામ સ્ટાર્સને હોલિવૂડમાં સારી શરૂઆત મળી હતી, પરંતુ બાદમાં ખાસ પ્રોજેક્ટ્સ મળ્યા નથી. તૃપ્તિને હોલિવૂડ જવાની ઈચ્છા છે ત્યારે હાથ પર સંખ્યાબંધ ફિલ્મો લીધેલી છે. ભૂલ ભુલૈયા ૩માં કાર્તિક આર્યન સાથે તે લીડ રોલ કરવાની છે. આ ફિલ્મમાં વિદ્યા બાલન અને માધુરી દિક્ષિત પણ છે. ૨૦૧૮માં રિલીઝ થયેલી જાન્હવી કપૂર-ઈશાન ખટ્ટરની ફિલ્મ ધડકની સીક્વલ બની રહી છે. આ ફિલ્મને જાન્હવી પાસેથી આંચકી લેવામાં તૃપ્તિ સફળ રહી છે. ધર્મા પ્રોડક્શનના બેનર બની રહેલી આ ફિલ્મ ૨૨ નવેમ્બરે રિલીઝ થવાની છે. રાજકુમાર રાવ સાથેની ફિલ્મ વિકી વિદ્યા કા વો વાલા વીડિયો ૧૧ ઓક્ટોબરે રિલીઝ થવાની છે. આમ આ વર્ષે તૃપ્તિ પાસે ભરપૂર કામ છે.

# રણબીર કપુરને રીલેક્સ રાખવા ટોન ડાઉન કર્યો

## ઋષિ કપૂરના 'લાઉડ ટોન'થી રણબીર કપૂર ડિસ્ટર્બ થઈ જતા હતા, તેથી આલિયાએ વર્તન સુધાર્યું

રણબીર કપૂર અને આલિયા ભટ્ટને બોલિવૂડના પરફેક્ટ કપલ માનવામાં આવે છે. દીકરી રાહાના જન્મ બાદ બંને વચ્ચેની નિકટતા વધી રહી છે ત્યારે રણબીરે પોતાના જીવનમાં આલિયાના યોગદાન વિષે વાત કરી હતી. રણબીરે જણાવ્યુ હતું કે, લગ્ન પછી આલિયાએ તેના માટે ઘણાં ફેરફાર કર્યા છે. ખાસ કરીને આલિયાએ પોતાનો 'લાઉડ ટોન' નીચો કરી દીધો છે. નિખિલ કામથના રણબીરે યુ ટ્યૂબ પોડકાસ્ટ પર વાત કરતાં રણબીરે જણાવ્યું હતું કે, લગ્ન પહેલાં આલિયાને ખૂબ ઊંચા અવાજે વાત કરવાની આદત હતી. પિતાને ઊંચા અવાજમાં વાત કરતાં સાંભળીને જ હું મોટો થયો હતો. મને લાગતુ હતું કે, તેમનો ઊંચો અવાજ સાંભળી મને આંચકો લાગતો અને ડિસ્ટર્બ થઈ જતો. તેથી તેણે પોતાના ઊંચા અવાજમાં ફેરફાર માટે પ્રયત્ન કર્યો. ૩૦ વર્ષ સુધી એક રીતે જીવવાની ટેવ પડી હોય અને પછી તેમાં ફેરફાર કરવાનો આવે તો તે સહેલું નથી. રાહા અચાનક પડી જાય તો તેનો અવાજ આપોઆપ ઊંચો થઈ જતો. આ રીએક્શન જોઈ હું ડઘાઈ જતો હતો. તેથી તે મને રીલેક્સ રાખવા માટે તે પોતાના વર્તનમાં ફેરફાર કરી રહી છે. મને નથી લાગતું કે તેને સહજ રાખવા માટે મેં આ પ્રકારનું કોઈ કામ કર્યુ હોય. ઊંચો અવાજ સાંભળીને અસહજ થઈ જવાનું રીએક્શન રણબીર માટે કુદરતી છે અને તેના મૂળ બાળપણમાં રહેલાં છે. રણબીરે જણાવ્યુ હતું કે, માતા-પિતા વચ્ચે વચ્ચે ખૂબ ઝઘડા થતાં હતા. ઘરની સીડી પર બેસીને તે આ ઝઘડા સાંભળતો હતો. તેમને ઊંચા અવાજે ઝઘડત જોઈને હું ગભરાઈ જતો હતો. મારું મોટાભાગનું બાળપણ સીડી પર બેસીને જ વીત્યુ હતું. રણબીરને તેના પિતા હંમેશા ગુસ્સાવાળા લાગ્યા હતા. તેઓ ખરાબ ન હતા, પરંતુ રણબીરને તેમની ખૂબ બીક લાગતી હતી. તેથી રણબીરે ક્યારેય તેમની આંખનો રંગ પણ જોયો ન હતો. પિતા ઋષિ કપૂરનો ગુસ્સો ગમે ત્યારે ફાટી નીકળતો હતો. આ અંગે રણબીરે કહ્યું કે, તેઓ ક્યારેય અમારા પર ગુસ્સો ન હતા કરતા અને હાથ પણ ઉપાડ્યો ન હતો. પણ તેમનો સ્વભાવ જ ખૂબ ગુસ્સાવાળો હતો અને તેમની બીક લાગતી હતી. પિતા ઋષિ કપૂરને કેન્સરનું નિદાન થયાં પછી માતા નીતુ કપૂર તેમની વધારે કાળજી રાખતી હતી અને માતા-પિતા વચ્ચેના ઝઘડા બંધ થયા હતા. રણબીરનું માનવું છે કે, ઋષિ કપૂરની પેઢીના લોકો પોતાનો પ્રેમ ખુલીને વ્યક્ત કરતા ન હતા, પરંતુ તેઓ પરિવારને ખૂબ ચાહતા હતા.



### ઉર્વશી રૌતેલાની પર્સનલ લાઈફ હંમેશા ચર્ચામાં

# ઉર્વશી રૌતેલાનો પર્સનલ વીડિયો 'ઘુસપૈઠિયા'ની જ એક ક્લિપ છે

## ૯ ઓગસ્ટે રિલીઝ પહેલાં ફિલ્મને ચર્ચામાં રાખવાનો નુસખો




ઉર્વશી રૌતેલાની પર્સનલ લાઈફ હંમેશા ચર્ચામાં રહે છે. ફિલ્મોની સરખામણીએ મોડેલિંગ અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ માટે વધુ ચર્ચામાં રહેતી ઉર્વશીની આગામી ફિલ્મે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવેલી છે. પાછલા અઠવાડિયે ઉર્વશીનો એક પર્સનલ વીડિયો ઓનલાઈન ફરતો થયો હતો. કોઈએ ઉર્વશીનો એમએમએસ બનાવીને લીક કર્યો હોવાનું કહેવાતું હતું. આ મામલે ઉર્વશીએ જાહેરમાં ગુસ્સો ઠાલવ્યો હતો. તાજેતરમાં તેની આગામી ફિલ્મ 'ઘુસપૈઠિયા'નું ટ્રેલર લોન્ચ થયુ હતું. આ પ્રસંગે ઉર્વશી અને ટીમ તરફથી ખુલાસો થયો હતો કે, લીક થયેલો વીડિયો તેની આગામી ફિલ્મનો જ એક ભાગ હતો. જેના કારણે ફિલ્મના પ્રમોશન માટે જાણી જોઈને આ વીડિયો લીક કરાયો હોવાનું કહેવાઈ રહ્યું છે. ઉર્વશીની આગામી ફિલ્મ 'ઘુસપૈઠિયા' ૯ ઓગસ્ટે રિલીઝ થઈ રહી છે. તેમાં વિનીત કુમાર સિંહ અને ઉર્વશી રાઉતેલાએ પતિ-પત્નીનો રોલ કર્યો છે, જ્યારે અક્ષય ઓબેરોય વિલનના રોલાં છે. સોશિયલ મીડિયાના કારણે પતિ-પત્નીના જીવનમાં આવેલી બરબાદીને આ ફિલ્મમાં રજૂ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, ઉર્વશીનો બાથરૂમમાં ન્હાતો વીડિયો વાઈરલ થયો હતો. ઉર્વશીનો આ વીડિયો 'ઘુસપૈઠિયા'નો જ એક સીન છે, પરંતુ પોતે ફિલ્મના પ્રમોશન માટે તેને લીક કર્યો હોવાનું ઉર્વશીએ નકાર્યું છે. ઉર્વશીએ જણાવ્યુ હતું કે, ફિલ્મની રિલીઝ પહેલાં જ આ પ્રકારે વીડિયો લીક થઈ જવાની ઘટના આઘાતજનક છે. ફિલ્મની ટીમ તરફથી જાણી જોઈને વીડિયો લીક કરાયો ન હતો અને વીડિયોની મદદથી ફિલ્મનું પ્રમોશન કરવાનો કોઈ ઈરાદો પણ ન હતો. આ સમગ્ર ફિલ્મ એક વીડિયો કરતાં વધારે આગળની વાત કરે છે અને તેમાં સોશિયલ મીડિયાના દૂષણો દર્શાવાયાં છે.



# તુષાર કપૂરનું 'દસ જૂન કી રાત' સાથે ઓટીટી ડેબ્યુ



પ્રિયંકા ચહર ચૌધરી એકતા કપુરની વેબ સિરીઝ 'દસ જૂન કી રાત' સાથે ઓટીટી પર ટૂંક સમયમાં ડેબ્યુ કરી રહી છે. ટીવી પર 'ઉડારીયાં' સિરીયલમાં તેજોના પાત્રથી તે ઘર ઘરમાં જાણીતી બની ગઈ હતી. ત્યાર બાદ તેણે વિવાદાસ્પદ રિયાલિટી શો બિગબોસ ૧૬માં ભાગ લઈને ઈન્ડસ્ટ્રીમાં પોતાનું સ્થાન વધુ મજબૂત કરી લીધું હતું. હવે તેની પહેલી ઓટીટી વેબ સિરીઝનું ટ્રેલર લોંચ કરવામાં આવ્યું છે. જેમાં તે તુષાર કપુર સાથે જોવા મળશે. જિઓ સિનેમા પર આવનારી આ સિરીઝમાં રાણીગંજ ગામની વાત છે, આ એક કોમેડી થ્રિલર સિરીઝ છે. જેમાં ભાગ્યેશનો રોલ કરતો તુષાર કપુર, જે ગામમાં પનોતી તરીકે ઓળખાય છે. કારણ કે, તેના પિતાનું અવસાન થયું એ જ દિવસે એનો જન્મ થયો હતો. તેના કમનસીબને કારણે જ તેના પિતાનું એક સિંગલ સ્ક્રીન થિએટર બંધ થઈ ગયું. ભાગ્યેશ હવે તેને ફરી શરૂ કરવાના સપના જુએ છે, જેની સફર હાસ્યથી અને અજાણ્યા વળાંકોથી ભરપુર છે, ખાસ તો તેના જીવનની ગાડી પલટી ખાય છે, જ્યારે તે એક ડેડ બૉડી જુએ છે. આ સિરીઝમાં પ્રિયંકા તુષારની ગર્લફ્રેન્ડનો રોલ કરે છે. એકતા કપુર તેમજ સચિન મોહિતે આ સિરીઝના કો પ્રોડ્યુસર છે. આ સિરીઝમાં તુષાર અને પ્રિયંકા પહેલી વખત સાથે કામ કરશે. જિઓ સિનેમા દ્વારા આ સિરીઝનું પોસ્ટર જાહેર કરીને તેની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી હતી. જે પોસ્ટમાં લખ્યું હતું,''બધા પર શનિ ભારે પડવાનો છે, દસ જૂનની રાત્રે, ૪ જૂનથી સ્ટ્રિમિંગ થશે.'' આ સિરીઝ અંગે પ્રિયંકાએ જણાવ્યું હતું,''આ શોની ઓફર ળળી તે પહેલાં હું રાહ જોતી હતી કે મારી અભિનય ક્ષમતા બતાવી શકું અને મને પડકારજનક પણ લાગે તેવા રોલની શોધમાં હતી. આ સિરીઝ બિલકુલ એવી જ છે, તેનો ભાગ બનીને હું બહુ જ ઉત્સુક છું. આ પાત્રના ઘણા આવરણો છે, જેના કારણે મેં રોલ સ્વીકાર્યો.''



# કાંકરેજ તાલુકાની એથલેટિક્સ સ્પર્ધામાં શ્રી ઓગડ વિદ્યામંદિર થરા જનરલ ચેમ્પિયન બન્યું


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૩૦ ।

કાંકરેજ તાલુકાની એથલેટિક્સ સ્પર્ધા શ્રી ઓગડ વિદ્યામંદિર થરાના મેદાનમાં યોજાઈ. આ સ્પર્ધા પર તાલુકાના ખેલાડીઓએ ભાગ લીધો હતો. ખુબ જ સારા વાતાવરણમાં ખેલદિલીપૂર્વક સ્પર્ધાનું આયોજન તાલુકા કન્વીનર બી ડી પટેલના નિદર્શન નીચે કરવામાં આવ્યુ. આ સ્પર્ધામાં સર્વે વ્યાયામ શિક્ષકોએ ખૂબ મહેનત કરી તાલુકાના શ્રેષ્ઠ ખેલાડીઓને લાવી ઉત્કૃષ્ટ સ્પર્ધા કરી. શાળા નં.૨, ભાવનગર પ્રાથમિક શાળા અધગામ પ્રાથમિક શાળા,વી. આર. કોલેજના આચાર્ય ખોડા હાઈસ્કૂલના વ્યાયામ સાથે જોડાયેલા મિત્રોએ ખૂબ મહેનત કરી સ્પર્ધા ને સફળ બનાવવા ઉમદા કામગીરી કરી.આ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ શ્રી ઓગડ વિધા મંદિર



થરા જનરલ ચેમ્પિયનબન્યું બીજા નંબરે કુમકુમ મંગલ મંદિર વિધાલય ઉણ જયારે ત્રીજા નંબરે મોડેલસ્કૂલ રતનપુરાવિજેતા બની. પહેલીવાર તાલુકામાં પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબરની વિજેતા સ્કૂલને સદારામ સ્પોર્ટ્સ ના માલિક તરફથી ટ્રોફી આપવામાં આવી.

# કાંકરેજ તાલુકાના થરા તથા આજુબાજુમાં અષાઢી માહોલ, ખેડૂતો ખશખુશાલ


તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૩૦ ।

બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારના કાંકરેજ તાલુકાના થરા સહિત આજુબાજુના વિસ્તારમાં બીજા દિવસે વરસાદી માહોલ રહેતા ખેડૂતો-પશુ પાલકોમાં ખુશી ની લાગણી વ્યાપી ગઈ હતી તો કાળઝાળ ગરમી બફારાથી ત્રાહિ મામ પોકારી ગયેલા લોકોએ રાહત નો દમ લીધો હતો.સોમવારે અષાઢ માસના છેલ્લા દિવસોમાં મેઘરાજાની પધરામણી થયા બાદ મંગળવારે સવારથી ગાજવીજ સાથે ચાલુ રહયો હતો પરંતુ વહેલી સવાર સુમારે વરસાદ તૂટી પડયો હતો તેમાં કાંકરેજ તાલુકા ના તાણા ગામે બે ભેંસો ઉપર વિજળીના પડવાથી મોત થયાં હતાં.

પ્રાપ્ત માહિતી અનુસાર જાણવા મળેલકે તાણા ગામના તેરવાડિયા વાસનાં ભરતજી ગંભીરજી મેવાજી સાસમીયાની બે ભેંસો ઝાડ નીચે બાંધેલ હતી તેના ઉપર સવારે સાત એક વાગ્યાના સમયે વિજળી પડતા બે ભેંસોનુ મુત્યુ થતા પશુપાલક પરીવાર ઉપર આભ ફાટ્યું હતું .એકંદરે વરસાદી માહોલથી ખેડૂતો પશુપાલકોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી તો અબોલ જીવો પણ વરસાદના પાણીમાં નાના ભૂલકા ઓ સાથે મોજ કરતા જોવા મળ્યા હતા. . લોકોએ કાળઝાળ ગરમી બફારા થી હજુ છુટકારો મલ્યો નથી આ અષાઢી માહોલ આવો રહેશે તો કાળઝાળ ગરમી બફારાથી રાહત મળશે.થરા નગરમાં નીચાણ વાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. એકંદર ખેડુતો પશુપાલકોનું કહેવું હતું કે આ વરસાદ કાચા સોના જેવો છે.

# ઝાલોદ તાલુકા પંચાયત સામે ઓમકારેશ્રવર મહાદેવ મંદિર પાછળ ગંદકીનું તળાવ : જવાબદાર તંત્ર નિષ્ક્રિય


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ તાલુકા પંચાયત સામે ઓમકારે-શ્રૃવર મંદીર આવેલ છે. આ મંદિરની આગળ શાકભાજી નુ માર્કેટ છે અને મંદિરની અંદર જૂના તાલુકા પંચાયતના ક્વાર્ટર આવેલ છે. આ બંધ પડેલ તાલુકા પંચાયત રહેણાંક મકાનમા હાલ કોઈ રહેતું નથી અને જુના અને ખંડેર હાલતના રહેણાંક હોવાથી અહીં કોઈ રહેતું નથી જેથી આ ખુલ્લી જગ્યાનો ઉપયોગ પાર્કિંગ કે હાથલારી, પથારા વાળા લોકો કરે છે. અહીં કોઈ સફાઈ માટે કે કચરો કરતા લોકોને કોઈ કહેનાર નહીં હોવાથી અહીંયાં ગંદકીનો અંબાર જોવા મળે છે. હાલ નગરમાં ચોમાસાનો માહોલ જામેલ જોવા મળે છે જેથી જાણાવણીના અભાવે જૂના અને ખંડેર હાલતમા જોવા મળતી આ જગ્યામાં વરસાદી પાણી ભરાઈ ગયેલ જોવા મળી રહેલ છે.

વરસાદી પાણીની સાથે મંદિરના પાછળના ભાગમાં ગંદકીના કચરાનુ તળાવ જોવા મળે છે. અહીંયા આટલી બધી ગંદકી પ્રત્યે આ જગ્યાનું જવાબદાર તંત્ર બે જવાબદાર કેમ..., વરસાદી માહોલમાં જગ્યાની સંપૂર્ણ સફાઈ કરાવવામાં કેમ નથી આવી..., અહીંયાં ગંદકીના લીધે દુર્ગંધ પણ ફેલાયેલી જોવા મળે છે તેમજ હાલ ગુજરાતમાં ચાંદીપુરા વાયરસ ચાલી રહેલ છે તો જવાબદાર તંત્ર કોઈ સફાઈ ન કરાવી કોઈ ગંભીર બીમારીને આમંત્રણ આપી રહેલ છે કે શું.... આ ગંદકીના તળાવને જલ્દી દૂર કરી જવાબદાર તંત્ર કોઈ ગંભીર પગલા લે તેવી લોકમાંગ ઉઠવા પામેલ છે.

### ભારે વરસાદના કારણે ઝાલોદના

# શબરી આશ્રમ મુખ્ય માર્ગે ઝાડ અને વીજપોલ પડી જતા યુધ્ધના ધોરણે હટાવી રસ્તો ખુલ્લો કરતું દાહોદ જિલ્લા વહીવટી તંત્ર

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

હાલમાં સમગ્ર દાહોદ જિલ્લામાં સતત વરસાદ વરસી રહ્યો છે. જેના પગલે શહેર અને ગ્રામ્ય વિસ્તારોને ભારે અસર થવા પામી છે. ભારે વરસાદ અને પવનની પરિસ્થિતીના કારણે ઝાલોદના શબરી આશ્રમ પાસેથી પસાર થતા મુખ્ય માર્ગ ઉપર ઝાડ અને વીજપોલ પડવાની ઘટના બની હતી. આ ઘટનાની જાણ થતા નાયબ મામલતદાર વિશાલ બારીયા, વન વિભાગના અધિકારી મછાર, એમ.જી.વી.સી.એલ.ના અધિકારી વસૈયાના સંયુક્ત પ્રયાસોથી તેમની ટીમો દ્વારા ઝાડ અને વીજપોલ હટાવવાની કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. વાહન વ્યવહારને કોઈપણ પ્રકારની અસર ન થાય તેની પુરેપુરી તકેદારી રાખી આ માર્ગ યુદ્ધના ધોરણે ખુલ્લો કરવામાં દાહોદ જિલ્લા વહીવટી તંત્ર પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે.




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

# ગીર સોમનાથ જિલ્લાની કોડીનાર તાલુકાની ૮ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરી તેણીની હત્યા કરનાર નરાધમને ફાંસીની સજા

## પરિવારજનોને રાજ્ય સરકારે આપેલી બાહેધરી અને ગૃહમંત્રીશ્રીએ આપેલું વચન આજે પૂર્ણ થયું, સાધુ સમાજની દીકરીને મળ્યો ન્યાય



। (માહિતી) ગાંધીનગર, તા.૩૦ ।

રાજ્યમાં બાળકીઓ પર થતા દુષ્કર્મ અને હત્યા જેવા ગુનાઓ પર સદંતર અંકુશ લાવવા આવા નરાધમ તત્વો સામે ખૂબ જ ઝડપી અને અસરકારક કાર્યવાહી કરી કડકમાં કડક સજા કરાવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચનાથી ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આવા કેસોમાં ગુજરાત પોલીસને તે પ્રકારની સઘન કાર્યવાહી કરવા આદેશો આપેલા છે.

એટલું જ નહિ, આ પ્રકારના ગંભીર અને સંવેદનશીલ કેસમાં બારીકાઈથી તપાસ હાથ ધરી તમામ આનુષંગિક વૈજ્ઞાનિક અને સાંયોગિક પુરાવાઓ એકત્ર કરી દોષિતોને ફાંસી સુધીની સજા થાય તેવું ઈન્વેસ્ટીગેશન કરવા સૂચનાઓ આપવામાં આવી છે. ત્યારે તા.૧૨મી જૂન ૨૦૨૨ના રોજ ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાની ૮ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ આચરી તેણીની હત્યા કરી દેનાર એક નરાધમને ફાંસીની સજા થવા પામી છે. આ પ્રકારની કડક કાર્યવાહી થકી, ગુનાહિત માનસિકતા ધરાવતા તત્વો સામે રાજ્ય સરકારે આવા નરાધમોને ચેતવણીનો સ્પષ્ટ સંદેશ આપ્યો છે. ગીર સોમનાથ જિલ્લાની કોડીનાર તાલુકાની ૮ વર્ષની બાળકી પર દુષ્કર્મ અને ત્યાર બાદ તેણીની હત્યાનો બનાવ બનતા આ બનાવની ગંભીરતાને આધારે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીની બનેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કરી હતી. આ સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમે એફએસએલની મદદ લઈ તમામ સાંયોગિક પુરાવા એકઠા કરી ૨૫ દિવસમાં તપાસ પૂર્ણ કરીને ચાર્જશીટ કરી હતી. આ કેસ નામદર કોર્ટમાં ચાલી જતા નરાધમને ફાંસીની સજા ફરમાવી છે. એટલું જ નહિ, બાળકીના પરિવારને ૧૭ લાખ વળતર ચૂકવવા આરોપીને આદેશ કર્યા છે. દુષ્કર્મ આચરનાર નરાધમને મળેલી કડક એવી ફાંસીની સજાથી માસૂમ દીકરીના પરિવારજનોને રાજ્ય સરકારે આપેલી બાહેધરી અને ગૃહમંત્રીશ્રીએ આપેલું વચન આજે પૂર્ણ થયું છે અને સાધુ સમાજની દીકરીને ન્યાય મળ્યો છે.

# વાંસદા તાલુકાના લાછકડી ખાતે "નર્સરી – એક ઉધોગ" વિષય પર સેમિનાર યોજાયો



। (માહિતી) સુરત, તા.૩૦ ।

સંયુક્ત બાગાયત નિયામકશ્રીની કચેરી સુરત અને નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી નવસારીના સંયુક્ત ઉપક્રમે **GROW MORE FRUIT CROPS** ઝુંબેશ અંતર્ગત "નર્સરી – એક ઉધોગ" વિષય ઉપર વાંસદા તાલુકાના બાયફ લાછકડી ખાતે એક દિવસીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમીનારમાં નવસારી કૃષિ યુનિ.ના સંશોધન વૈજ્ઞાનિક ડો.બી.એમ .ટંડેલે નેશનલ હોર્ટીકલ્ચર બોર્ડ દ્વારા નર્સરી એક્રીડિએશન કઈ રીતે કરી શકશે તેની વિગતવાર માહિતી આપી હતી. તેમજ ખેડૂતોને નેશનલ હોર્ટીકલ્ચર બોર્ડમાં તેમની નર્સરી એક્રીડિએશન કરવા ભાર પૂર્વક જણાવવામાં આવ્યુ હતું. કૃષિ યુનિ.ના સંશોધન વૈજ્ઞાનિક ડો.પી.પી.પટેલ દ્વારા નર્સરી વ્યવસ્થાપનમાં રોગ નિવારણના પગલાંઓની ટેકનીકલ તથા રીસર્ચ બેઈઝ વિગતો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. નાયબ બાગાયત નિયામકશ્રી ડી.કે.પડાળીયાએ નર્સરી સંલગ્ન ખેડૂતો સાથે નર્સરીની ગુણવત્તા, ભવિષ્યના પડકાર અને જરૂરિયાત તથા મધરબ્લોક કરવા માટે ખાસ જણાવ્યું હતું. પ્રુનીંગ અને નવી વાડીઓમાં માવજત કરવા તેમજ બાગાયત ખાતામાં ચાલતી વિવિધ યોજના વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. નર્સરી વ્યવસ્થાપન તથા તેના રોગ જીવાત વિશે ખેડૂતોએ પ્રશ્નોત્તરી કરી અને કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક અને બાગાયત કચેરીના ઉપસ્થિત અધિકારી કર્મચારીઓ દ્વારા તેનું નિવારણ કરવામાં આવ્યું હતું.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ મુખ્ય માહિતી કમિશનર અને ત્રણ માહિતી કમિશનર્સને શપથ લેવડાવ્યા



। (માહિતી) ગાંધીનગર, તા.૩૦ ।

રાજભવનમાં આજે રાજ્યના મુખ્ય માહિતી કમિશનર અને ત્રણ માહિતી કમિશનર્સનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજ્ય માહિતી આયોગના નવનિયુક્ત માહિતી કમિશનર્સને પદ અને નિષ્ઠાના શપથ લેવડાવ્યા હતા.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સૌપ્રથમ મુખ્ય માહિતી કમિશનર શ્રી ડૉ. સુભાષચંદ્ર આર. સોનીને શપથ લેવડાવ્યા હતા અને તેમને શુભકામનાઓ પાઠવી હતી. તત્પશ્ચાત રાજ્યપાલશ્રીએ માહિતી આયોગના માહિતી કમિશનર પદ માટે શ્રી સુબ્રહ્મણ્યમ રામચંદ્ર ઐયર, શ્રી મનોજ વિઠ્ઠલભાઈ પટેલ અને શ્રી નિખિલ આર. ભટ્ટને શપથ લેવડાવ્યા હતા. ત્રણેય રાજ્ય માહિતી કમિશનરશ્રીએ પદ અને નિષ્ઠાના શપથ લીધા હતા. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી રાજેશ માંજુએ શપથવિધિની કાર્યવાહીનું સંચાલન કર્યું હતું. આ અવસરે ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, ગુજરાત રાજ્ય માહિતી આયોગના પૂર્વ મુખ્ય માહિતી કમિશનર શ્રી અમૃતભાઈ પટેલ, પૂર્વ માહિતી કમિશનરશ્રીઓ, રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

# માંડવી તાલુકાના વાંકલા ગામના પ્રગતિશીલ આદિવાસી મહિલા ખેડૂતે ઓછા ખર્ચે થતી પ્રાકૃતિક ખેતીમાં મેળવી સફળતા

। (માહિતી) સુરત, તા.૩૦ ।

આજે દરેક ક્ષેત્રે મહિલાઓ પુરૂષ સમોવડી બની રહી છે. જોકે ખેતી એક એવો વ્યવસાય છે કે જેમાં મહિલાઓ પોતાના ભાઈ, પિતા કે પતિને મદદરૂપ બનતી હોય છે. પણ જાતે ખેતી અને તેમાં પણ પ્રાકૃતિક ખેતી કરતી મહિલાઓ આંગળીના વેઢે ગણાય એટલી હશે, ત્યારે સુરત જિલ્લાના માંડવી તાલુકાના વાંકલા ગામના અંજુબેન નરેશભાઈ ચૌધરી આવી જ એક આદિવાસી મહિલા ખેડૂત છે, જે છેલ્લા ચાર વર્ષથી ગાયના છાણના ખાતર આધારિત પ્રાકૃતિક ખેતી કરી સારૂ ખેત ઉત્પાદન અને આર્થિક ઉપાર્જન મેળવી રહ્યા છે. તેમણે આ વર્ષે ૧.૫૦ વીઘા જમીનમાં નજીવા ખર્ચે શાકભાજી ટીંડોરાનું વાવેતર કરી મહિને રૂ.૩૦ હજારની આવક રળી રહ્યા છે. વાંકલા ગામના ટેકરી ફળિયામાં રહેતા આદિવાસી મહિલા ખેડૂત અંજુબેન નરેશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, "પહેલાં અમે પરંપરાગત ખેતી કરતા હતા, પણ જ્યારથી મેં ખેતીમાં રસ લેવાનું શરૂ કર્યું, ત્યારથી પ્રાકૃતિક ખેતીમાં આકર્ષણ વધ્યું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

છેલ્લા થોડા દિવસોથી તમે અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. તમારા પિતાની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે કોઈ પણ પરિસ્થિતિમાં તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. એકવાર તમે તમારા જીવનના પ્રેમને મળશો એ પછી કોઆ બાબચની જરૂરૂ નહીં રહે. આજે તમને આ વાસ્તવિકતાની અનુભૂતિ થશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**કર્ક (ડ,હ) :**

હજી થોડી ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી.

**સિંહ (મ,ટ) :**

આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. કોઈ ની સલાહ લીધા વગર તમને આજે પૈસા નિવેશ ના કરવા જોઈઓ પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. મિત્રતા ગાઢ બનતા તેનું રૂપાંતર પ્રેમમાં થશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે.

**તુલા (ર,ત) :**

આજે તમારો વધુ પડતો આત્મવિશ્વાસ તમને ક્યાંક ફસાવી શકે છે જે તમારા માટે ખૂબ મોટું નુકસાન દાયક નીવડે તેની સાવધાની રાખવી. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકષર્ષક સાબિત થશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારા કોઈ ખાસ મિત્રો અથવા પરિવારના સભ્યો સાથેની મજા માટેની ટ્રીપ તમને નિરાંતવા બનાવશે. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. પરિવારના સભ્ય તમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. બાબતોને યોગ્ય રીતે હાથ ધરજો કેમ કે તમારા જીવનસાથીનો મૂડ બહુ સારો જણાતો નથી.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારે કોઈ પણ કામ અથવા મુદ્દામ ધીરજ રાખવાની છે કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. સાંજના સમયે સામાજિક પ્રવૃત્તિઓ તમારી ધારા કરતાં અનેકગણી સારી સાબિત થશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમને તમારા પરિવાર તરફથી કોઈ ખુશ ખબર મળી શકે છે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો.

### કર્ણાટકના CM સિદ્ધારમૈયાએ કેમ કરી આવી માંગ?

# ‘PM મોદીએ નિર્મલા સીતારમણને કેબિનેટમાંથી હટાવવા જોઈએ...’

। (એજન્સી) કર્ણાટક, તા.૩૦ ।

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણને કેબિનેટમાંથી હટાવવાની માંગ કરી છે. તેમણે કહ્યું કે જે નાણામંત્રીને બજેટની મૂળભૂત સમજ નથી તે ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. સિદ્ધારમૈયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સીતારમણને તાત્કાલિક કેબિનેટમાંથી હટાવવાની વિનંતી કરી છે. તેમણે કહ્યું કે સીતારામનને નાણામંત્રી તરીકે રાખવા ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. પાયાની સમજ ન ધરાવતા મંત્રી પર વિશ્વાસ કરવો ખતરનાક બની શકે છે.સિદ્ધારમૈયાએ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન નાણામંત્રીની ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેમણે મોદી સરકાર દ્વારા કર્ણાટક સાથે કરવામાં આવેલા અન્યાયને છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે નિર્મલા સીતારમણના ભ્રામક નિવેદનો દર્શાવે છે કે કેન્દ્ર સરકારે કર્ણાટકને ન્યૂનતમ સહાય પૂરી પાડી છે.સિદ્ધારમૈયાએ કહ્યું કે નિર્મલા સીતારમણના જણાવ્યા મુજબ, અગાઉની યુપીએ સરકારે (૨૦૦૪-૨૦૧૪) કર્ણાટકને ૬૦,૭૭૯ કરોડ રૂપિયા આપ્યા હતા, જ્યારે દ્ઘદ્ઘછ સરકારે (૨૦૨૪-૨૦૨૪) ૨,૩૬,૯૫૫ કરોડ રૂપિયા આપ્યા હતા. જો કે, તે જણાવવાનું ભૂલી ગયા કે છેલ્લા દસ વર્ષમાં કેન્દ્ર સરકારનું બજેટ કેટલું વધ્યું છે. આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થયો છે કે આવું અજ્ઞાનતાના કારણે થયું છે કે પછી જાણી જોઈને લોકોને ગેરમાર્ગે દોરવા માટે.તમને જણાવી દઈએ કે ૨૦૧૩-૨૦૧૪માં કેન્દ્ર સરકારનું બજેટ ૧૬.૦૬ લાખ કરોડ રૂપિયા હતું. તે સમયે, સરકારે કર્ણાટક માટે રૂ. ૧૬,૪૨૮ કરોડ ફાળવ્યા હતા જ્યારે રૂ. ૧૫,૦૦૫ કરોડ ટેક્સ હિસ્સા તરીકે મળ્યા હતા, જે રૂ. ૩૧,૪૮૩ કરોડ હતા અને આ કુલ બજેટના ૧.૯ ટકા હતા.એ જ રીતે, ૨૦૨૪-૨૫માં કેન્દ્ર સરકારનું બજેટ ૪૮.૨૦ લાખ કરોડ રૂપિયા છે. આ સમયગાળા દરમિયાન, કર્ણાટકને અનુદાન તરીકે રૂ. ૧૫,૨૨૯ કરોડ અને ટેક્સ હિસ્સા તરીકે રૂ. ૪૪,૪૮૫ કરોડ મળશે, જે કુલ બજેટના ૧.૨ ટકા છે.

### બીજેપી સાંસદ રાજીવ પ્રતાપ રૂડીએ લોકસભામાં કહ્યું,

# ‘ભારતમાં દર વર્ષે સાપ કરડવાથી ૫૦ હજાર લોકોના મોત થાય છે...’

। નવી દિલ્હી, તા.૩૦ ।

બિહારની સારણ લોકસભા સીટથી ભારતીય જનતા પાર્ટી (BJP)ના સાંસદ રાજીવ પ્રતાપ રૂડીએ સોમવારે લોકસભામાં ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દા પર વાત કરી. તેમણે કહ્યું, ‘‘દેશમાં દર વર્ષે લગભગ ૫૦ હજાર લોકો સાપ કરડવાથી મૃત્યુ પામે છે, જે વિશ્વમાં સૌથી વધુ છે.’’ સાપ કરડવાથી થતા મૃત્યુ દર અંગે ચિંતા વ્યક્ત કરતા સાંસદ રાજીવે કહ્યું કે દર વર્ષે સમગ્ર ભારતમાં ૩૦ થી ૪૦ લાખ લોકોને સાપ કરડે છે. બિહાર સૌથી ગરીબ રાજ્ય છે, જે ગરીબી અને કુદરતી આફતો બંને સામે ઝઝૂમી રહ્યું છે. સમગ્ર ભારતમાં ૩૦ થી ૪૦ લાખ લોકોને સાપ કરડે છે અને ૫૦ હજાર લોકો મૃત્યુ પામે છે, જે વિશ્વમાં સૌથી વધુ છે.તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઘણા મૃત્યુને અટકાવી શકાયા હોત. તેમણે ૨૮ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાને સર્પદંશની ઘટનાઓ પર હવામાન પરિવર્તનની અસર તરફ ધ્યાન દોર્યું.તમિલનાડુના વેલ્લોરથી DMK સાંસદ, એમ કથીર આનંદે બીડી કામદારોની દુર્દશા અંગે ચિંતા વ્યક્ત કરી, જેમાં મોટાભાગની મહિલાઓ હતી. અપૂરતા કેન્દ્રીય ભંડોળને ટાંકીને, તેમણે તેમના પગારમાં વધારો કરવાની માંગ કરી. આનંદે કેન્દ્રને બજેટ ફાળવણી પર વિચારણા કરવા અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે પેન્શન આપવા માટે વિનંતી કરી, કામદારોના ધૂળ અને અન્ય વ્યવસાયિક જોખમોના સંપર્કને ટાંકીને. કન્યાકુમારીના સાંસદ વિજય વસંતે લોકોને વધુ સારી સહાયતા માટે ભલામણોનો ક્વોટા વધારીને ૧૫૦ પ્રતિ વર્ષ કરવાની વાત કરી હતી. તેમણે સરકારને આયુષ્માન ભારતનું પુનઃમૂલ્યાંકન કરવા વિનંતી કરી હતી જેથી કરીને તમામ આરોગ્યસંભાળ ખર્ચ આવરી લેવામાં આવે.તેમણે બહેતર હેલ્થકેર કવરેજની હિમાયત કરતા કહ્યું કે, ‘‘ચાલો આપણે તેની સંપૂર્ણ ક્ષમતાને સાકાર કરવા માટે સાથે મળીને કામ કરીએ.’’પંજાબની ભટિંડા લોકસભા સીટના શિરોમણી અકાલી દળના સાંસદ હરસિમરત કૌરે પંજાબમાં સંકલિત બાળ વિકાસ યોજના (ICDS)ના પૂરક પોષણ કાર્યક્રમમાં ભ્રષ્ટાચાર અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને દાવો કર્યો હતો કે નકલી લાભાર્થીઓને ખાનગી સંસ્થાઓ દ્વારા કથિત રીતે સહાય મળી રહી છે.સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા તપાસની માંગ કરતા, તેણીએ કહ્યું, ‘‘હું પંજાબમાં ICDS પૂરક પોષણ કાર્યક્રમમાં ભ્રષ્ટાચાર તરફ મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનું ધ્યાન દોરવા માંગુ છું, જ્યાં નકલી લાભાર્થીઓને સહાય આપવામાં આવી હતી. ખાનગી સંસ્થાઓ દ્વારા ચાલે છે.’’તેણીએ એ પણ ધ્યાન દોર્યું કે ૨૮ લાખ આંગણવાડી કાર્યકરોને દર મહિને માત્ર ૨,૨૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે, તેને ધોરણથી નીચે ગણાવીને માતાઓ અને બાળકો માટે ન્યાયની માંગણી કરી.

## નિફ્ટી મિડકેપ - સ્મોલકેપ ઓલ ટાઈમ હાઈ પર ક્લોઝ




। (એજન્સી) મુંબઈ તા.૩૦ ।

ભારતીય શેરબજાર મંગળવારના ટ્રેડિંગ સેશનમાં અગાઉના સત્રની જેમ જ સપાટ બંધ રહ્યું હતું. ઈન્ડેક્સ ફ્લેટ રહ્યો હતો પરંતુ કેટલાક સેક્ટરના શેરોમાં મજબૂતી જોવા મળી હતી. એનર્જી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો અને બેંક્ગિ શેર્સમાં ખરીદીને કારણે બજારમાં વધારો જોવા મળ્યો છે. આજના સત્રમાં પણ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તેજી જોવા મળી રહી. ટ્રેડિંગના અંતે BSE સેન્સેક્સ ૧૦૦ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧,૪૫૫ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૧ પોઈન્ટના ઉછાળા સાથે ૨૪,૮૫૭ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૬ વધ્યા અને ૧૪ નુકસાન સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૨૦ વધ્યા અને ૩૦ નુકસાન સાથે બંધ થયા. આજના ટ્રેડિંગમાં ટાટા મોટર્સ ૩.૫૮ ટકા, એનટીપીસી ૩.૨૨ ટકા, પાવર ગ્રીડ ૧.૯૭ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૬૦ ટકા, ટાઈટન ૧.૫૫ ટકા, ઈન્ડસઈન્ડ બેંક્ ૧.૪૦ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૩૪ ટકા, મારુતિ ૦.૯ ટકાના વધારા સાથે બંધ થયા છે. જ્યારે સન ફાર્મા ૧.૪૨ ટકા, ITC ૧.૧૯ ટકા, HUL ૦.૯૩ ટકા, ભારતી એરટેલ ૦.૬૩ ટકા, રિલાયન્સ ૦.૬૨ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા. ભારતીય શેરબજારમાં તેજીનો શ્રેય એનર્જી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ઓટો, બેંકિંગ, મેટલ્સ, મીડિયા, રિયલ એસ્ટેટ સેક્ટરના શેરને જાય છે.




નવી દિલ્હીમાં કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ ભારત ડાયનેમિક્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, કોમોડોર એ માધવરાવ (નિવૃત્ત) પાસેથી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે રૂ. ૧૨૧.૫૩ કરોડનો વચગાળાનો ડિવિડન્ડ ચેક સાથે નજરે પડે છે.

## દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં CBIએ ફાઈલ કરી અંતિમ ચાર્જશીટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

અંતિમ ચાર્જશીટમાં CBIએ અરવિંદ કેજરીવાલ, AAP ધારાસભ્ય દુર્ગેશ પાઠક, અરબિંદો ફાર્માના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પી. શરથ ચંદ્ર રેડ્ડી, બડી રિટેલ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર અમિત અરોરા, કથિત હવાલા ઓપરેટર વિનોદ ચૌહાણ અને બિઝનેસમેન આશિષ માથુરને આરોપી બનાવ્યા છે. સીબીઆઈએ સોમવારે કથિત દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં તેની તપાસ પૂર્ણ કરી અને મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્ય દુર્ગેશ પાઠક સહિત અન્ય ચાર સામે કેસમાં તેની અંતિમ ચાર્જશીટ દાખલ કરી. કેન્દ્રીય તપાસ એજન્સીએ અગાઉ આ કેસમાં મુખ્ય ચાર્જશીટ અને ચાર પૂરક ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા, તેલંગાણાના એમએલસી કે. કવિતા અને અન્ય ૧૫ લોકોને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. અંતિમ ચાર્જશીટમાં ઝ્રમ્ૈંએ અરવિંદ કેજરીવાલ, AAP ધારાસભ્ય દુર્ગેશ પાઠક, અરબિંદો ફાર્માના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પી. શરથ ચંદ્ર રેડ્ડી, બડી રિટેલ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર અમિત અરોરા, કથિત હવાલા ઓપરેટર વિનોદ ચૌહાણ અને બિઝનેસમેન આશિષ માથુરને આરોપી બનાવ્યા છે. તપાસ એજન્સીએ આરોપ લગાવ્યો છે કે દારૂના વેપારી મગુંતા શ્રીનિવાસલુ રેડ્ડી (હવે ટીડીપી સાંસદ) ૧૬ માર્ચ, ૨૦૨૧ના રોજ અરવિંદ કેજરીવાલને દિલ્હી સચિવાલયમાં તેમની ઓફિસમાં મળ્યા હતા.સીબીઆઈ કે. કવિતા સામેની તેની ચાર્જશીટમાં જણાવ્યું હતું કે મગુંતા રેડ્ડીએ કથિત રીતે કેજરીવાલને આબકારી નીતિ ૨૦૨૧-૨૨માં ફેરફાર કરીને રાષ્ટ્રીય રાજધાનીમાં તેમના દારૂના વ્યવસાયમાં સહાય પૂરી પાડવા વિનંતી કરી હતી, જે તે સમયે બનાવવામાં આવી રહી હતી. સીબીઆઈનો આરોપ છે કે કેજરીવાલે રેડ્ડીને સમર્થનની ખાતરી આપી હતી અને તેમને આરોપી કે. કવિતાનો સંપર્ક કરવા જણાવ્યું હતું. કેન્દ્રીય તપાસ એજન્સી અનુસાર. કવિતા તે સમયે સીએમ કેજરીવાલની ટીમ સાથે દિલ્હીની એક્સાઈઝ પોલિસી પર કામ કરી રહી હતી.તપાસ એજન્સીએ આરોપ લગાવ્યો છે કે બદલામાં દિલ્હીના મુખ્યમંત્રીએ કથિત રીતે મંગુતા રેડ્ડીને તેમની આમ આદમી પાર્ટીને ફંડ આપવાનું કહ્યું હતું.

### ગોતાખોરોની મદદથી મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો

## ઉત્તર દિલ્હીના બુરારી વિસ્તારમાં એક કાર ઊંડા નાળામાં પડી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દિલ્હીના બુરારી વિસ્તારમાં એક ૪૪ વર્ષીય વ્યક્તિનું કાર નાળામાં પડી જવાથી મોત થયું હતું. પોલીસે જણાવ્યું કે આ ઘટના રવિવારે રાત્રે લગભગ ૧૧ વાગે રિંગ રોડ પર મેટ્રો પિલર પાસે બની હતી. જેસીબીની મદદથી વાહનને બહાર કાઢવામાં આવ્યું હતું, જ્યારે મૃતકની લાશને ડાઈવર્સ દ્વારા બહાર કાઢવામાં આવી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, ભાલ્સવા ડેરી તરફથી ઝડપથી આવી રહેલી કાર અચાનક જ નાળા તરફ જતી હંગામી મેટ્રો ડાયવર્ઝન તરફ આવી હતી અને તેમાં પડી હતી. એક પીસીઆર વાન, ફાયર ટેન્ડર અને પૂર્વ જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમના ડાઈવર્સ સ્થળ પર પહોંચ્યા અને ૨૦ મિનિટમાં કાર સ્થળથી લગભગ ૧૦૦ મીટર દૂર સ્થિત હતી, અધિકારીએ જણાવ્યું હતું.ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર જે કાર અકસ્માતનો ભોગ બની હતી તે શાલીમાર બાગના રહેવાસી રાજેશ ભુટ્ટના નામે નોંધાયેલી હોવાનું જાણવા મળ્યું છે, જેને જેસીબી મશીનની મદદથી ગટરમાંથી બહાર કાઢવામાં આવી હતી. જો કે, મૃતકનો મૃતદેહ તાત્કાલિક મળી આવ્યો ન હતો. સોમવારે સવારે ડાઈવર્સની ટીમે વારંવાર પ્રયાસો કરીને ભુટ્ટના મૃતદેહને ગટરમાંથી બહાર કાઢ્યો હતો.

### ભારતીય મૂળના એક વ્યક્તિની ચાકુ મારીને હત્યા કરવામાં આવી

## બ્રિટનના સાઉથપોર્ટમાં છરી વડે હુમલો, બાળકો સહિત ૮ લોકો ઘાયલ

। (એજન્સી) બ્રિટન, તા.૩૦ ।

બ્રિટનમાં સોમવારે એક વ્યક્તિએ અનેક લોકો પર ચાકુ વડે હુમલો કર્યો હતો. સાઉથપોર્ટમાં અનેક લોકોને છરા માર્યા હોવાના અહેવાલને પગલે મર્સીસાઈડ પોલીસે એક મોટું ઓપરેશન શરૂ કર્યું હતું. પોલીસે હુમલાખોરને કસ્ટડીમાં લઈ પોલીસ સ્ટેશન લઈ જવાયો છે. પોલીસે તેની પાસેથી એક છરી પણ કબજે કરી છે.મળતી માહિતી મુજબ આ હુમલામાં બાળકો સહિત ઓછામાં ઓછા આઠ લોકો ઘાયલ થયા છે. પોલીસે સાઉથપોર્ટમાં આ હુમલાને અંજામ આપનાર આરોપીઓ પર ‘હત્યાના પ્રયાસ’નો આરોપ લગાવ્યો છે. સ્થાનિક પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સોમવારે સાઉથપોર્ટમાં છરાબાજીની મોટી ઘટનામાં ઘણા લોકોના મોતની આશંકા છે. મર્સીસાઈડ પોલીસે પુષ્ટિ કરી છે કે તેઓએ આરોપીની ધરપકડ કરી છે અને તેને પોલીસ સ્ટેશન લઈ ગયા છે.થોડા અઠવાડિયા પહેલા પૂર્વી ઈંગ્લેન્ડના એક શહેરના એક પાર્કમાં ભારતીય મૂળના એક વ્યક્તિની ચાકુ મારીને હત્યા કરવામાં આવી હતી. બ્રિટિશ પોલીસે આ માહિતી આપી હતી. ૧૬ વર્ષના છોકરા પર હત્યાનો આરોપ હતો. આરોપી હત્યારો સગીર હતો.મૃતકની ઓળખ આશિષ સચદેવ નાહર તરીકે થઈ હતી.

## વિશેષ

### ગામડાની આ મહિલાઓ આપે છે ખુમારીથી જીવવાની પ્રેરણા

# બનાસની ‘ડ્રોન દીદી’: આશાબેન ચૌધરીએ છ મહિનામાં ડ્રોનથી દવા છંટકાવ કરીને ૧ લાખની કમાણી કરી

। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાતના ગામડાની મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે સ્વસહાય જૂથોના માધ્યમથી તેમના સર્વાંગી વિકાસ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ દિશામાં નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. જેના પરિણામસ્વરૂપે આજે ગામડાની મહિલાઓ દેશભરની અન્ય મહિલાઓ માટે પ્રેરણાના અનોખા દૃષ્ટાંત બન્યા છે. આજે આપણે વાત કરી રહ્યા છીએ બનાસની ડ્રોન દીદી આશાબેન ચૌધરીની, જેઓ ગામડામાં રહીને તેમના સપના સાકાર કરી રહ્યાં છે.







**બનાસની ડ્રોન દીદી**

મહિલાઓના સશક્તિકરણ માટે સતત પ્રયત્નશીલ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ, ડ્રોનના ઉપયોગથી મહિલાઓને આર્થિક રીતે અગ્રેસર કરવા માટે વર્ષ ૨૦૨૩થી ‘નમો ડ્રોન દીદી યોજના’ અમલમાં મુકી છે. આ યોજનાનો ઉદ્દેશ ખેતીમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડ્રોન દ્વારા ખાતર અને જંતુનાશકોનો છંટકાવ કરતા શીખવવાનો છે. ડ્રોન દીદી યોજના માટે, ૧૦ થી ૧૫ ગામોની સ્વસહાય જૂથની મહિલાઓને એકસાથે તાલીમ આપવામાં આવે છે, જેમાં ડ્રોન ચલાવવા માટેની ૧૫ દિવસની તાલીમ પણ સામેલ છે. ગુજરાતમાં આવા જ એક ડ્રોન દીદી છે – આશાબેન ચૌધરી.

બનાસકાંઠાના ડીસા તાલુકાના તાલેપુરા ગામના રહેવાસી ૩૧ વર્ષીય આશાબેન ચૌધરી પશુપાલન અને ખેતીવાડી સાથે સંકળાયેલા પરિવારથી સંબંધ ધરાવે છે. તેમણે મેકેનિકલ એન્જિનિયર સુધીનો અભ્યાસ કર્યો છે અને અત્યારે ડ્રોન દીદી કાર્યક્રમ અંતર્ગત તાલીમ મેળવીને આસપાસના વિસ્તારમાં ડ્રોનની મદદથી જંતુનાશક દવાઓનો છંટકાવ કરીને આવક મેળવી રહ્યાં છે.

**પહેલા ઇન્ટરવ્યૂ, પછી પૂણેમાં પરીક્ષા પાસ કરી**

ડ્રોન ઉડાન ક્ષેત્રમાં સામેલ થવા અંગે આશાબેન જણાવે છે, ‘‘મને ડ્રોન વિશે કંઈ ખબર ન હતી પણ સખીમંડળ દ્વારા યોજાતા તમામ કાર્યક્રમોમાં હું સામેલ રહેતી એટલે મને ડ્રોન દીદી કાર્યક્રમ અંગે માહિતી મળી. તે કાર્યક્રમ અંતર્ગત ૨૦૨૩માં મેં પૂણેમાં ૧૫ દિવસની તાલીમ લીધી હતી. તે પહેલા ઈફકોમાં અમારું ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યું હતું અને ત્યારબાદ પૂણેમાં મેં પરીક્ષા આપી હતી. પરીક્ષામાં ડ્રોનના ઉડ્ડયન તેમજ ડીજીસીએના નિયમો અંગેના પ્રશ્નો અમને પૂછવામાં આવ્યા હતા. ત્યાંથી તાલીમ લીધા બાદ મેં બનાસકાંઠામાં ડ્રોનથી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવાનું શરૂ કર્યું અને અત્યારે મારી પાસે કામ ખૂટતું જ નથી.’’

**ડ્રોનને ફિલ્ડમાં લઇ જવા ઇ વ્હિકલ અને વીજળી માટે જનરેટર સેટ**

આશાબેનને મિડિયમ સાઈઝનો ડ્રોન, તેને ફિલ્ડમાં લઈ જવા માટે ઈ વ્હિકલ અને કોઈ કારણસર અમુક વિસ્તારમાં વિજળીનો સપ્લાય ન મળી રહે તો તેના માટે એક જનરેટર સેટ પણ આપવામાં આવ્યો છે. આશાબેન એરંડા, મગફળી, પપૈયા, બાજરી અને વરિયાળી સહિતના પાકોમાં ડ્રોનની મદદથી દવાઓનો છંટકાવ કરી ચૂક્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે, માત્ર છ મહિનામાં જ તેમને આ કામ દ્વારા એક લાખથી વધુની આવક થઈ છે.

**સાત મિનિટમાં એક એકર વિસ્તારમાં ડ્રોનથી છંટકાવ**

ડ્રોનની મદદથી જંતુનાશક દવાઓના છંટકાવ અંગેના ફાયદા વિશે આશાબેન જણાવે છે, ‘‘ડ્રોનથી છંટકાવ વ્યવસ્થિત થાય છે અને સમય અને પૈસા બન્નેની બચત થાય છે. તેમાં દવા અને પાણી બન્નેનું પ્રમાણ ઓછું રહે છે, પણ છંટકાવ યોગ્ય થાય છે. સાત મિનિટની અંદર ડ્રોન એક એકર વિસ્તારમાં છંટકાવ કરી શકે છે. વરિયાળી જેવા ઊંચા પાકોમાં ડ્રોનથી છંટકાવ એ ખૂબ જ સુલભ વિકલ્પ છે. ડ્રોનથી છંટકાવ કરાવ્યો હોય તેવા ખેડૂતોની આઈ ખેડૂત પર નોંધણી કરાવીએ છીએ જેથી તેમને રાજ્ય સરકાર તરફથી વળતર પણ મળે છે.’’

**‘‘હવે અમદાવાદ અને સુરેન્દ્રનગરથી પણ ઓર્ડર આવે છે’’**

આશાબેનના જણાવ્યા અનુસાર ડ્રોનને ઓપરેટ કરવામાં ખૂબ કાળજી રાખવી પડે છે. તેઓ ખેતરનો નક્શો ડ્રોનમાં ફીડ કરે છે અને કમ્પાસ કેલિબ્રેશન કરીને ડ્રોનને નિર્ધારિત વિસ્તારમાં ઓપરેટ કરે છે. તેમની આ કામગીરીથી આસપાસના ખેડૂતોમાં તેમની પ્રસિદ્ધિ દિવસે ને દિવસે વધી રહી છે અને ખૂબજ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તેમણે હર્ષભેર જણાવ્યું, ‘‘મને તો હવે સુરેન્દ્રનગર અને અમદાવાદથી પણ સતત કોલ આવી રહ્યા છે. આ કામ કરવામાં મને ખુબ આનંદ આવી રહ્યો છે અને આસપાસના લોકો બાળકીઓને મારું ઉદાહરણ આપે છે.’’

**‘‘માત્ર સરકારી નોકરીથી જ સફળ નથી થવાતું, મહિલાઓ સક્રિય ભાગીદાર બને’’**

આશાબેન આશાપુરી સખીમંડળ ચલાવે છે અને સાથોસાથ અન્ય ઘણા સખીમંડળોના માધ્યમથી આસપાસની મહિલાઓને આત્મનિર્ભર થવા માટે પ્રેરિત કરી રહ્યાં છે. તેઓ બે બાળકીઓના માતા છે અને તેમના પરિવાર તરફથી પણ તેમને આ કામગીરી માટે પૂરતો સહયોગ અને પ્રોત્સાહન મળી રહ્યું છે. રાજ્યની અન્ય મહિલાઓને પ્રેરિત કરતા તેમણે કહ્યું કે, ‘‘માત્ર સરકારી નોકરી હોય તો જ સફળ થવાય એ જરૂરી નથી. સરકાર ઘણી યોજનાઓ ચલાવે છે અને ઘણા નવા ક્ષેત્રો ખુલ્યા છે. હું મહિલાઓને કહીશ કે તેઓ સક્રિય રીતે આ યોજનાઓમાં ભાગીદાર બને. હું કામ પણ કરું છું અને મારા પરિવારને સારી રીતે સમય પણ આપી શકું છું.’’

**ગુજરાતમાં ૫૮ મહિલાઓને તાલીમ મળી**

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન દેશમાં પ્રારંભિક ધોરણે અંદાજીત ૫૦૦થી ૧૦૦૦ ડ્રોન સ્વ સહાય જૂથોને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે પૈકી ગુજરાત રાજ્યમાં IFFCO ,GSFC અને GNFC દ્વારા અનુક્રમે ૧૮ ,૨૦ અને ૨૦ મળી કુલ ૫૮ મહિલાઓને ડ્રોન તાલીમ આપીને ડ્રોન આપવામાં આવ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### વડોદરામાં CNG સપ્લાય કરતી ગાડીમાં ગેસ લિકેજ થયો

। (એજન્સી) વડોદરા, તા.૩૦ ।

શહેરના ગોત્રી વિસ્તારમાં CNG સપ્લાય કરતી ગાડીમાં પાઈપલાઈન ફાટી ગઈ હતી અને તરત ગેસ લીકેજ શરૂ થતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી અને વાલ્વ બંધ કરીને ગેસ લીકેજ થતું અટકાવ્યું હતું. શહેરના મુખ્ય રોડ પર ઝદ્રય ગેસ લીકેજ થતાં વાહનચાલકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. થોડીવાર માટે એક સાઈડનો રસ્તો પણ બંધ કરવાની ફરજ પડી હતી. ફાયર બ્રિગેડે ગેસ લિકેજ અટકાવતા લોકોએ હાથકારો અનુભવ્યો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરના ગોત્રી વિસ્તારમાંથી ઝદ્રય સ્ટેશન ઉપર ગેસ સપ્લાય કરતી ઝદ્રય ગેસ ભરેલી ગાડી પસાર થઈ રહી હતી.ગાડીનો પાઈપ ફાટતા તેમાંથી ગેસ લીકેજ થવા લાગ્યો હતો.

### દેવગઢ બારીઆ નગરના રસ્તાઓ બિસ્માર હાલતમાં નગર પાલિકા કુંભકર્ણની નિંદ્રામાં

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૩૦ ।

દેવગઢ બારીઆ નગર પાલિકા ના અંધેર વહીવટ ના કારણે નગર ની પ્રજા ને ભોગવવી પડે છે ભારી હાલાકી નગર માં જયા જુઓ ત્યાં ગંદકી અને રસ્તાઓમાં પડેલા ખાડાઓ ના કારણે નગર ની પ્રજા અને આસપાસ ના ગામડા માં થી આવતા લોકો બજાર માં અને ભણવા આવતા વિદ્યાર્થીઓ ને ચાલતા અને વાહન લઈ ને જતા ખાડાઓ માં થી પસાર થવું પડે છે જેના કારણે ખુબ જ મુશ્કેલીઓ વેઠવી પડે છે નગર પાલિકા ના સત્તાધીશો અને વહીવટદારો પણ નગર ના રસ્તા પર થી પસાર થાય છે તો કોઈ પણ જાત ના ખાડાઓ પુરવા માં આવતા નથી ખાડા એટલા મોટા છે કે જો અજાણતા માં કોઈ વાહન લઈ આવતા રાહદારી ને અકસ્માત થાય તો જવાબદારી કોની..



મુખ્યમંત્રીએ જૂનાગઢમાં હાથ ધરાયેલા ૩૯૭ કરોડના વિવિધ વિકાસ કામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું.

## જૂનાગઢવાસીઓને ૩૯૭ કરોડના ૯૧ વિકાસ કાર્યોની ભેટ

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢવાસીઓને ૩૯૭ કરોડના ૯૧ વિકાસ કાર્યોની ભેટ ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આપતા જણાવ્યું કે, રાજ્યમાં શહેરી વિકાસમાં એક પણ નગર પાછળ ન રહે તેવી પ્રતિબદ્ધતા સાથે રાજ્ય સરકાર કામ કરી રહી છે. જૂનાગઢ શહેરના આ વિવિધ વિકાસ કાર્યોના ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્તથી ઈઝ ઓફ લિવિંગની નેમ સાકાર થશે.વધતી જતી શહેરી જનસંખ્યાને મૂળભૂત અને આંતર માળખાકીય સુવિધા આપવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. તાજેતરમાં મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના માળખાકીય વિકાસના કામો માટે ૨૧૧૧ કરોડના ચેક અર્પણ કરવામાં આવ્યા છે તેમાં જૂનાગઢ મહાનગરપાલિકાને ૩૪.૪૦ કરોડ ફાળવ્યા છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતના સહિત દેશના ૧૦૦ મોટા શહેરોમાં કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર અને અન્ય એજન્સીઓ સાથે મળીને વોટર સપ્લાય, સુએઝ ટ્રીટમેન્ટ તથા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના પ્રોજેક્ટ પર પણ ભાર અપાયો છે. ગયા વર્ષે ભારે વરસાદમાં જૂનાગઢ શહેરના ગયા વર્ષે ભારે વરસાદમાં જૂનાગઢ શહેરના વોંકળામાં કાપ, માટી, ઝાડી-ઝાંખરા કારણે પાણી ભરાવાની મોટી સમસ્યા હતી.

### સરકાર દ્વારા ધર્મમાં થતો વેધક હસ્તક્ષેપના આરોપ

## સમેદ શિખરજીને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવાથી જૈન સમાજ નારાજ

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

તાજેતરમાં ઝારખંડ સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા જૈન સમાજના સૌથી મહત્વપૂર્ણ તીર્થધામ સમેદ શિખરજીને પ્રવાસન સ્થળ તરીકે જાહેર કરવાથી જૈન સમાજ નારાજ છે ત્યારે અમદાવાદમાં પાલડી સ્થિત જૈન મરચન્ટ સોસાયટી ખાતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જૈનાચાર્ય યુગભુષણસુરી દ્વારા યોજાયેલી પ્રેસ કોન્સફરન્સમાં ઝારખંડ રાજ્યમાં શિખરજી તીર્થના વિવાદ અંગે ચર્ચા કરવામાં આવી જ્યાં સરકાર દ્વારા ધર્મમાં થતો વેધક હસ્તક્ષેપના આરોપ સાથે જૈનાચાર્યે જણાવ્યું કે, પ્રવાસન ક્ષેત્રે વેગ મળે તે માટે ભારત સરકાર તીર્થભુમિનું રક્ષણ ભુલી ગઈ છે. આવી તીર્થભૂમિઓને બચાવાના આશય સાથે પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી છે. ઝારખંડ આવેલાં સમેદ શિખરજી પર નોનવેજ અને દારુ જેવી પ્રતિબંધિત વસ્તુઓનો ઉપયોગ ન થવો જોઈએ. સામાન્ય રીતે પર્યટન સ્થાનો પર લોકો ફરવા તેમ જ મનોરંજન માટે આવતા હોય છે. ત્યારે જો પ્રવાસનને વેગ આપવા માટે તીર્થભૂમિને પર્યટક સ્થળ બનાવાય તો પવિત્રતા સચવવાવી જોઈએ. ઉલેલ્ખનીય છે કે, જૈન ધર્મમાં કુલ ૨૪ તીર્થંકરો છે, જેમાંથી ૨૦ તીર્થંકરોએ સમ્મેદ શિખરથી મોક્ષ મેળવ્યો હતો. ત્યારે વર્ષ ૨૦૨૩માં ઉઠેલાં આ મુદ્દા બાદ આજે ફરી એક વાર આ મુદ્દો ગુજરાત સહિત દરેક રાજ્યમાં ગુંજી રહ્યો છે. ઝારખંડમાં આવેલાં પારસનાથ પર્વતની પવિત્રતા જાળવવા માટે ૩૧મી જુલાઈના રોજ સુનાવણી હાથ ધરાશે. આ પવિત્ર સ્થળને અપવિત્ર કરતી પ્રવૃત્તિઓને ઝારખંડ સરકાર દ્વારા તાકીદે બંધ કરવા કોર્ટના આદેશની માંગણી કરવામાં આવી છે. ઝારખંડમાં આવેલાં પારસનાથ પર્વત જેને શિખરજી તરીકે પણ લોકો ઓળખે છે. આ જૈનો માટે પવિત્ર પુજનીય સ્થળ છે જ્યા ૨૪માંથી ૨૦ તીર્થકરો અને જૈન સાધુઓએ નિર્વાણ પ્રાપ્ત કર્યુ છે.

### બહેનો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના સ્ટોલ્સ ઉભા કરાશે

## ગુજરાતના ૨૮ હજાર સ્વ-સહાય જૂથની 3 લાખ મહિલાઓને ૩૫૦ કરોડની સહાય અપાશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના ગ્રામીણ ક્ષેત્રોના સ્વ-સહાય જૂથ, સેલ્ફ હેલ્પ ગ્રુપની નારીશક્તિ સાથે આવતીકાલે ૩૧ જુલાઈએ "સખી સંવાદ" અંતર્ગત પ્રત્યક્ષ સંવાદનો સેતુ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આયોજિત કાર્યક્રમથી સાધશે. રાજ્યભરના આવા ૨૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથની સભ્ય એવી ગ્રામીણ નારીશક્તિને કુલ ૩૫૦ કરોડ રૂપિયાના લાભ વિતરણ કરવા સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ગ્રામીણ નારીશક્તિ સાથે વાતચીત પણ કરવાના છે.રાજ્ય સરકારે ગુજરાત લાઈવલી હૂડ પ્રમોશન કંપનીની સ્થાપના કરીને આવી બહેનોના સ્વ-સહાય જૂથોને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન થકી રિવોલ્વિંગ ફંડ, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ અને કેશ ક્રેડિટ તથા ટ્રેનીંગ અને કેપેસિટી બિલ્ડીંગની સુવિધા ઉપલબ્ધ કરાવી સફળતાનો રાહ ચિંધ્યો છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યની આવી સફળ ગ્રામીણ મહિલાશક્તિ સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓ પણ જાણશે તથા તેને દૂર કરવા માટેનું માર્ગદર્શન પૂરું પાડશે. સ્વ-સહાય જૂથોની બહેનોને આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડીને તેમને આર્થિક રીતે પગભર બનાવવા રાજ્ય સરકારે અનેક આયામો હાથ ધર્યા છે. સખી સંવાદ"ના આ અભિનવ પ્રયોગમાં સહભાગી થનારી ૩૩ જિલ્લાઓની બહેનો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના સ્ટોલ્સ પણ આ "સખી સંવાદ" કાર્યક્રમ સ્થળે રાખવામાં આવ્યા છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ કાર્યક્રમમાં મંત્રી રાઘવજીભાઈ પટેલ, રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ તેમજ ગાંધીનગર જિલ્લાના ધારાસભ્યો, ગાંધીનગરના મેયર, જિલ્લા પંચાયત પ્રમુખ અને મુખ્ય સચિવ રાજકુમાર ખાસ ઉપસ્થિત રહેવાના છે.

### બનાસકાંઠા જિલ્લામાં મેઘરાજાનું આગમન થયું

## બનાસકાંઠામાં બે ઇંચ વરસાદમાં જ લાખણી ફરી થયું જળબંબાકાર

। (એજન્સી) બનાસકાંઠા, તા.૩૦ ।

લાંબા સમય પછી બનાસકાંઠા જિલ્લામાં મેઘરાજાનું આગમન થયું છે, ત્યારે જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં મુસળધાર વરસાદ થયો છે. જેને લઈને ખેડૂતોમાં ખુશીનો માહોલ પ્રવર્તી રહ્યો છે, પરંતુ મોટાભાગના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના માર્ગો વરસાદી પાણીથી ઉભરાયા હતા અને માર્ગો પર નદીના વહેણની જેમ વરસાદી પાણી ફરી વળ્યાના હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.જેમાં ડીસા – થરાદ માર્ગ ઉપર આવેલા લાખણી તાલુકામાં આજે સવારે ૧૦ થી ૧૨ સુધીમાં બે કલાકમાં ૫૬ મીમી એટલે કે બે ઈંચથી વધુ સાંબેલાધાર વરસાદ પડ્યો હતો. જેને લઈને હાઈવે અને ગ્રામ્ય વિસ્તારના માર્ગો જળમગ્ન બની ગયા હતા.

જ્યારે હાઈવે ને અડીને આવેલા કેટલાક શોપીંગ સેન્ટરોના બેઝમેન્ટમાં આવેલી વેપારીઓની દુકાનોમાં પણ વરસાદી પાણી ઘૂસી ગયા હતા. જેથી વ્યાપારીઓને પોતાની દુકાનનો માલ સામાન ખસેડવાનો વારો આવ્યો હતો, અને કેટલોક માલ સામાન પલળી જતા નુકસાન પણ વેઠવું પડ્યું છે. આજ સવારથી જિલ્લામાં વરસાદી વાતાવરણ છવાયેલું છે. ક્યાંક ભારે તો ક્યાંક હળવા વરસાદી ઝાપટાં પડી રહ્યા છે.

### AAPને ખતમ કરવાના ઉદ્દેશ

## ષડયંત્ર રચીને ખોટા કેસોમાં કેજરીવાલને જેલમાં ધકેલી દીધા છે : ઇસુદાન ગઢવી

### કોંગ્રેસના ધારાસભ્ય ઇમરાન ખેડાવાળા, આપ ધારાસભ્ય ચૈતર વસાવા, હેમંત ખવા, ઉમેશ મકવાણા, સુધીર વાઘાણી સહિતના મોટી સંખ્યામાં કોંગ્રેસ અને આપના કાર્યકર્તાઓ જોડાયા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

છેલ્લા ઘણા સમયથી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ લિકર પોલિસી ભ્રષ્ટાચાર કેસ મુદ્દે જેલની હવા ખાઈ રહ્યા છે. જેને લઈને આજે અમદાવાદ શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલા આમ આદમી પાર્ટીના પ્રદેશ કાર્યાલયથી ઈક્રમટેક્સ ચાર રસ્તા ખાતે આવેલી મહાત્મા ગાંધીજીની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી તેમને જેલ મુક્તિ માટે પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાળા, આપ ધારાસભ્ય ચૈતર વસાવા, હેમંત ખવા, ઉમેશ મકવાણા, સુધીર વાઘાણી સહિતના મોટી સંખ્યામાં કોંગ્રેસ અને આપના કાર્યકર્તાઓ જોડાયા હતા.

પદયાત્રાને લઈને આપ પ્રદેશ પ્રમુખ ઈશુદાન જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીને તોડી નાખવાના ઉદ્દેશથી ષડયંત્ર રચીને ખોટા કેસોમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ, પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા, પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનની જેલમાં ધકેલી દીધા છે. જેલમાં અરવિંદ કેજરીવાલનું વજન દિવસને દિવસે ઘટી રહ્યું છે. અને દિવસેને દિવસે તેમની તબિયત વધુને વધુ ખરાબ થઈ રહી છે. જેલમાં ભાજપના અત્યાચારના કારણે અરવિંદ કેજરીવાલજીની તબિયત ખરાબ થઈ રહી છે. ત્યારે તેમની તબિયતમાં સુધારની અને તેમની જલ્દી જેલમુક્તી થાય તેવી પ્રાર્થના સાથે અમદાવાદ ખાતે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવીના નેતૃત્વમાં પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ કાર્યાલય ખાતેથી પદયાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. પ્રદેશ કાર્યાલયથી નીકળીને આ પદયાત્રા ઈક્રમટેક્સ સર્કલ ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાએ પહોંચી હતી અને આમ આદમી પાર્ટીના તમામ નેતાઓ તથા કાર્યકર્તાઓએ મહાત્મા ગાંધીજીને ફુલહાર અર્પણ કર્યા હતા અને અરવિંદ કેજરીવાલની તબિયત માટે અને જેલ મુક્તિ માટે પ્રાર્થના કરી હતી.

## અમદાવાદ અને ઓખા વચ્ચે દોડશે "જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન"

### જન્માષ્ટમી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો

। અમદાવાદ, તા.૩૦ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને જન્માષ્ટમી તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા આપેલ માહિતી અનુસાર ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ અમદાવાદ-ઓખા સુપર ફાસ્ટ સ્પેશિયલ કુલ ૨ ટ્રિપમાં દોડશે. જેમાં ટ્રેન નંબર ૦૯૪૫૩ અમદાવાદ-ઓખા સ્પેશિયલ ૨૫ ઓગસ્ટ, ૨૦૨૪ રવિવારના રોજ અમદાવાદથી સવારે ૦૭:૪૫ કલાકે ઉપડશે તથા એ જ દિવસે સાંજે ૫:૦૦ કલાકે ઓખા પહોંચશે. આ રીતે ટ્રેન નંબર ૦૯૪૫૪ ઓખા-અમદાવાદ સ્પેશિયલ ૨૬ ઓગસ્ટ, ૨૦૨૪ સોમવારના રોજ ઓખાથી સવારે ૦૫:૩૦ કલાકે ઉપડશે તથા એ જ દિવસે બપોરે ૧:૦૦ કલાકે અમદાવાદ પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન ચાંદલોડિયા, વિરમગામ, સુરેન્દ્રનગર, થાન, વાંકાનેર, રાજકોટ, હાપા, જામનગર, ખંભાળીયા અને દ્વારકા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ શ્રેણીના કોચ હશે.

બુકિંગ કેવી રીતે કરશો : જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ માટે બુકિંગ તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૪ થી તમામ PRS કાઉન્ટરો અને of IRCTC વેબસાઈટ પર શરૂ થશે.

### મુશ્કેલીમાં બે પોલીસકર્મીઓ

## કેદીઓ માટે દારૂની પાર્ટી યોજવા માટે ફરી બદનામ થઇ ખાખી

। (એજન્સી) અમરેલી, તા.૩૦ ।

ગુજરાતમાં દેશની સૌથી જૂનો દારૂબંધી છે. તેનો અમલ કરવાની જવાબદારી ગુજરાત પોલીસના ખભા પર છે પરંતુ તાજેતરમાં બનેલી ઘટનાઓ પ્રકાશમાં આવી છે. જે બાદ સવાલ એ ઉઠી રહ્યો છે કે ગુજરાતમાં આ કેવી દારૂબંધી છે? જ્યાં પોલીસ જ દારૂબંધીનો ભંગ કરી રહી છે. એક કેસમાં પોલીસકર્મી પોતે જ નશામાં ધૂત જોવા મળ્યો હતો, જ્યારે અન્ય એક કેસમાં પોલીસકર્મી એક કુખ્યાત દારૂના દાણચોરને જેલમાં લઈ જવાને બદલે બોલીવુડ ફિલ્મના દ્રશ્યની જેમ પાર્ટીમાં લઈ ગયો હતો. આ કિસ્સાઓ પછી સવાલ ઉઠી રહ્યો છે કે ડ્રાય સ્ટેટ (પ્રતિબંધ ધરાવતું રાજ્ય)માં આટલો દારૂ ક્યાંથી આવે છે કે પોલીસકર્મીઓ પણ ખુલ્લેઆમ પાર્ટી કરતા પકડાઈ રહ્યા છે.

અમરેલી જિલ્લાના કુખ્યાત દારૂની હેરાફેરી કરનાર ધીરજ કરિયાને ગાંધીનગરની સ્થાનિક કોર્ટમાં લઈ જવાનો હતો. તેને કોર્ટમાં રજૂ કરવાની જવાબદારી બે પોલીસકર્મીઓને મળી હતી. કરીયાને કોર્ટમાં રજૂ કર્યો હતો. આ પછી બંને પોલીસકર્મીઓ તેને જેલમાં લઈ જવાને બદલે જૂનાગઢ સ્થિત તેના ઘરે છોડી ગયા હતા. અમરેલીના પોલીસ અધિકારીઓની તપાસમાં બહાર આવ્યું છે કે પોલીસકર્મીઓએ દારૂની હેરાફેરી કરનાર પ્રત્યે નમ્રતા દાખવી હતી. આ સમગ્ર મામલો ત્યારે સામે આવ્યો જ્યારે રેસ્ટોરન્ટના માલિકે ૨૪ જુલાઈની રાત્રે તેની હોટલમાં હંગામો કરવા બદલ બે અજાણ્યા લોકો વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.બંને કોન્સ્ટેબલોએ ખાવાનું મંગાવ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આ બંને કોન્સ્ટેબલો ધીરજ કરીયાને તેના ઘરે મૂકીને ભોજન લેવા આવ્યા હતા. અહીં તેમણે દારૂ પણ પીધો હતો. ફરિયાદમાં જણાવાયું છે કે જ્યારે વેઈટરે દારૂ પીરસવાની ના પાડી તો તેઓએ ઝઘડો કર્યો અને તેને ધમકી આપી. ફરિયાદની તપાસ કરતી વખતે, પોલીસે સીસીટીવી ફૂટેજ સ્કેન કર્યા અને તેની પુષ્ટિ થઈ.

એક કુખ્યાત દારૂના દાણચોર પર પાર્ટી કરવા અને તેને તેના ઘરે મૂકવાના આરોપમાં પોલીસકર્મીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. બંને આરોપીઓ કોન્સ્ટેબલ રણજીત વાઘેલા અને નીતિન બાંભણિયા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. તેણે આરોપીને તેના પરિવારને મળવાનો સમય આપ્યો. જૂનાગઢ પોલીસે વાઘેલા અને તેને દારૂ પુરો પાડનાર વ્યક્તિની ધરપકડ કરી હતી. અન્ય એક કેસમાં ૨૫ જુલાઈના રોજ રાજકોટ સેન્ટ્રલ જેલના અન્ડરટ્રાયલ કેદી અવેશ ઓડિયાને સુનાવણી માટે રાજકોટ લઈ જવામાં આવ્યો હતો. જ્યારે કોન્સ્ટેબલ પરેશ વાઘેલાએ સાંજે ૫.૪૫ વાગ્યે ઓડિયાને જેલમાં ઉતારી ત્યારે જેલના સ્ટાફે જોયું કે તે માંડ માંડ ચાલી શકે છે. મેડિકલ ઓફિસરે પુષ્ટિ કરી હતી કે પોલીસ એસ્કોર્ટમાં ઓડિયાએ દારૂ પીધો હતો.

### નગરપાલિકા સાથે રાખી કમિટીની રચના કરવામાં આવી

## પોરબંદરમાં વરસાદી સમસ્યાઓ વચ્ચે યોજાશે પાંચ દિવસ જન્માષ્ટમીનો મેળો

### તારીખ ૨૫ ઓગસ્ટથી તારીખ ૨૯ ઓગસ્ટ સુધી જન્માષ્ટમી લોકમેળાનું આયોજન

। (એજન્સી) પોરબંદર, તા.૩૦ ।

જન્માષ્ટમી નજીક આવી રહી છે. ત્યારે પોરબંદર પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને જન્માષ્ટમી મેળા અંગે મીટીંગ યોજાઈ હતી. પોરબંદર છાયા સંયુકત નગર પાલિકા સાથે રાખી કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર ચોપ ાટી મેદાન ખાતે આગામી તારીખ ૨૫ ઓગસ્ટથી તારીખ ૨૯ ઓગસ્ટ સુધી પાંચ દિવસ જન્માષ્ટમી લોકમેળાનું આયોજન અંગે જાહેર કરવામાં આવ્યું છે.હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે. ત્યારે ગત તારીખ ૧૮ જુલાઈથી ૨૫ જુલાઈ સુધી પોરબંદર શહેરમાં વરસાદે કહેર વર્તવ્ય હતો. અંદાજિત ૪૦ ઈંચ જેટલો વરસાદ અત્યાર સુધીમાં પોરબંદરમાં પડ્યો છે. ત્યારે અનેક વિસ્તારોમાં પાણી ઘૂસ્યા હતા. અને અનેક પરિવારોની પરિસ્થિતિ ખૂબ જ મુશ્કેલીમાં છે. માંડ માંડ આ પરિસ્થિતિમાંથી બહાર આવે ત્યારે પોરબંદર જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારીના અધ્યક્ષતામાં એક મીટીંગ યોજાઇ હતી જેમાં આગામી તારીખ ૨૫ ઓગસ્ટથી તારીખ ૨૯ ઓગસ્ટ સુધી પાંચ દિવસ જન્માષ્ટમી લોકમેળાનું આયોજન જાહેર કરવામાં આવ્યું છે. ચોપાટી ગ્રાઉન્ડ ખાતે આ યોજાના છે ત્યારે મેળા કમિટીમાં પોરબંદર છાયા સંયુક્ત નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહી લોકોને ભારે હાલાકી ન થાય અને શાંતિથી મેળો માણી શકે તે માટે યોગ્ય નિર્ણય કરવામાં આવશે. પ્રાંત અધિકારી સંદીપ જાદવના જણાવ્યા અનુસાર, જિલ્લા કલેકટર કેડી લાખાણી ના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે અને પ્રાંત અધિકારીની અધ્યક્ષતા હેઠળ એક કમિટી રચવામાં આવી છે જે મેળાનું સંપૂર્ણ સંચાલન કરશે અને આ મેળામાં રાજકોટની આગની ઘટનાને ધ્યાને લઈ સેફટી સિક્યુરિટી અને લોએન ઓર્ડરનું ખાસ ધ્યાન રાખવામાં આવશે આ ઉપરાંત વધુ ભીડ ના થાય તે માટે સ્ટોલની સંખ્યામાં પણ ઘટાડો કરવામાં આવી રહ્યો છે અને રસ્તાઓની પહોળાઈ ૫૦ થી ૧૦૦ ફૂટ રાખવામાં આવશે આ ઉપરાંત ઈમરજન્સી એક્ઝિટની પણ વ્યવસ્થા કરવામાં આવશે અને આખા ગ્રાઉન્ડમાં છ ગેટ છે જે લોકોની અવરજવર માટે તૂટતા છે આ ઉપરાંત ફાયર સેફ્ટી માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે જ્યાં જ્યાં સ્ટોલ હોય છે ત્યાં આગ લાગવાની સંભાવના વધુ હોય છે ત્યારે ત્યાં ફાયર સેફ્ટી સાધનો ઉપલબ્ધ રાખવામાં આવશે આ ઉપરાંત ફાઈનલ મેપ તૈયાર થઈ ગયા બાદ સ્ટોલ અને ચગડોળ ની હરાજી ની તૈયારી શરૂ કરવામાં આવશે. એક તરફ પોરબંદરમાં વરસાદે કહેર વરસાવ્યો છે. અનેક વિસ્તારોના ઘરોમાં હજુ સુધી પણ પાણી ભરાયા છે ત્યારે અનેક સામાન્ય પરિવારોની હાલત ખરાબ છે અને આર્થિક રીતે પણ નુકસાની થઈ રહ્યું છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨